


૧૫

# કલ્યાણકમહિમા

મુનિ રત્નબોધિવિજય

સૂરિપ્રેમ-સ્વર્ગારોહણઅર્ધશતાબ્દી-ત્યાગ-બ્રહ્મવર્ષ
(વિ.સં.૨૦૨૪-વિ.સં.૨૦૭૪) નિમિત્તે ઉત્તમ ઉપહાર

# કલ્યાણકમહિમા

## ૧૫

• પ્રેરક •

પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

• લેખક-સંકલક •

પરમપૂજ્ય શ્રીસીમન્ધરજિનોપાસક આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન
મુનિ રત્નબોધિવિજય

• પ્રકાશક •

**શ્રેષ્ઠીવર્ય સુશ્રાવકશ્રી રામજીભાઈ વેલજીભાઈ ગાલા**
મલાડ. મુંબઈ.

## પ્રાપ્તિસ્થાન

**શ્રી રામજીભાઈ વેલજીભાઈ ગાલા** gyanmandir@kobatirth.org
૪, પાર્ક વ્યુ, પી.કે. રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૧૭૧૪

**સિદ્ધાંતમહોદધિ પ્રેમસૂરીશ્વરજી શ્રુતસદન**
'પ્રેમકુંજ', તુલસીબાગ સોસાયટી રોડ, આનંદમંગલ કોમ્પ્લેક્ષ III ની બાજુમાં,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬. મો. ૯૮૨૪૦૩૨૪૩૬, ૯૯૭૪૫૮૭૮૭૯

**શ્રી બાબુભાઈ સરેમલજી બેડાવાલા**
હીરા જૈન સોસાયટી, સિદ્ધાચલ બંગ્લોઝ, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
મો. ૯૪૨૬૫૮૫૯૦૪

**શ્રી ચંદ્રકાંતભાઈ એસ. સંઘવી**
૬/બી, અશોકા કોમ્પ્લેક્ષ, પહેલા ગરનાળા પાસે, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)
ફોન : ૦૨૭૬૬-૨૩૧૬૦૩ મો. ૯૯૦૯૪૬૮૫૭૨, ૭૮૭૮૮૬૮૫૧૫

**ડૉ. પ્રકાશભાઈ પી. ગાલા**
બી/૬, સર્વોદય સોસાયટી, સાંઘાણી એસ્ટેટ, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર(પ.),
મુંબઈ-૪૦૦૦૮૬. ફોન : ૨૫૦૦૫૮૩૭, મો. ૯૮૨૦૫૯૫૦૪૯

**શ્રી અક્ષયભાઈ જે. શાહ**
૫૦૬, પદ્મ એપાર્ટમેન્ટ, જૈન મંદિરની સામે, સર્વોદયનગર, મુલુંડ (પ.),
મુંબઈ-૪૦૦૦૮૦. ફોન : ૨૫૬૭૪૭૮૦, મો. ૯૫૯૪૫૫૫૫૦૫


વીર સંવત ૨૫૪૪ વિ.સં. ૨૦૭૪ ઈ. સન્ ૨૦૧૮

નકલ : ૧,૦૦૦ કિંમત : રૂ.૪૦.૦૦

ટાઈપસેટીંગ : શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ, અમદાવાદ. મો. ૯૯૦૯૪૨૪૮૬૦

મુદ્રક : બાલારામ ઓફસેટ, અમદાવાદ. મો.૯૮૯૮૦૩૪૮૯૯

# દિવ્યવંદના

પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

પરમપૂજ્ય વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

પરમપૂજ્ય સમતાસાગર પન્ન્યાસપ્રવર
**શ્રી પદ્મવિજયજી મહારાજા**

આ પૂજ્યોના ચરણોમાં અનંતશઃ વંદના.

# શુભાશિષ

પરમપૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

અને

પરમપૂજ્ય ગુરુદેવશ્રી વૈરાગ્યદેશનાદક્ષ
આચાર્યદેવ શ્રીમદ્વિજય
**હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**ની
અમીદૃષ્ટિ સદા અમારી ઉપર વરસતી રહો.

# પ્રકાશકીય

**'કલ્યાણકમહિમા'** નામના આ પુસ્તકને આજે સાનંદ અને સોત્સાહ પ્રકાશિત કરીએ છીએ. પરમપૂજ્ય ગુરુદેવશ્રી વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન મુનિરાજશ્રી **રત્નબોધિવિજયજી** મહારાજ આ પુસ્તકના લેખક છે.

આ પુસ્તકના નામ ઉપરથી જ પુસ્તકનો વિષય જણાઈ જાય છે. આ પુસ્તકમાં મુનિરાજશ્રીએ કલ્યાણકોનો મહિમા વર્ણવ્યો છે. વિવિધ ગ્રંથોના આધારે મુનિરાજશ્રીએ તીર્થંકરપરમાત્માના પાંચે કલ્યાણકોની લગભગ બધી જ માહિતી આ પુસ્તકમાં સંગૃહીત કરવાનો પ્રયત્ન કર્યો છે.

કલ્યાણકોનો મહિમા લોકોને સમજાય અને લોકો કલ્યાણકોની આરાધના કરી આત્મકલ્યાણ કરે એવી પવિત્ર ભાવનાપૂર્વક મુનિરાજશ્રીએ આ પુસ્તક લખેલ છે. આપણું કર્તવ્ય બને છે કે મુનિરાજશ્રીની ભાવના અને પરિશ્રમને સફળ કરવા આપણે આ પુસ્તક બરાબર વાંચીએ અને કલ્યાણકોની આરાધનામાં ઉદ્યમશીલ બનીએ.

વિ.સં. ૨૦૭૪, ફા.સુ. ૬, બુધવાર, તા. ૨૧-૨-૨૦૧૮ ના દિવસે મુનિરાજશ્રીને ગણિ-પન્ન્યાસ-પદ-પ્રદાન થશે અને વિ.સં. ૨૦૭૪, ફા.સુ. ૭, ગુરુવાર, તા.૨૨-૨-૨૦૧૮ ના દિવસે મુનિરાજશ્રીને વર્ધમાનતપની ૧૦૦મી ઓળીનું પારણું થશે. આ પ્રસંગે પ્રકાશિત થનારા અગ્યાર પુસ્તકોમાંથી એક પુસ્તક આ 'કલ્યાણકમહિમા' છે. તે અગ્યાર પુસ્તકોના નામો આ પ્રમાણે છે -

(૧) એડ્રેસ (૨) સિગ્નલ (૩) થેલી (૪) દ્વાર (૫) મંદિર (૬) કેડી (૭) સોપાન (૮) સુગંધ (૯) કલ્યાણકમહિમા (૧૦) અંદર ઊતરીએ (૧૧) ભાવના ભાવીએ

આગળ પણ આવા અનેક શુભકાર્યો કરવાના અવસર, શક્તિ અને ભાવ અમને સાંપડે એવી પરમાત્માને ભાવભીની અભ્યર્થના.

લિ.

**શ્રેષ્ઠીવર્ય સુશ્રાવકશ્રી રામજીભાઈ વેલજીભાઈ ગાલા**

# ❀ કલ્યાણકારી કલ્યાણકો ❀

તીર્થંકર ભગવંતો આગલા ત્રીજા ભવમાં સંપૂર્ણ જગતનું કલ્યાણ કરવાની ભાવના ભાવે છે. તેથી તેઓ તીર્થંકર-નામકર્મ બાંધી છેલ્લા ભવમાં તીર્થંકર થાય છે. છેલ્લા ભવમાં તેમના ચ્યવન (દેવલોક/નરકમાંથી માતાના ગર્ભમાં અવતરણ) જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ (મોક્ષગમન) વખતે સંપૂર્ણ જગતના બધા જીવો એક ક્ષણ માટે સુખ પામે છે અને સંપૂર્ણ જગતમાં એક ક્ષણ માટે અજવાળું થાય છે.

**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્ય**ના **પહેલા પર્વ**માં કહ્યું છે -

**'तदा स्वामिन्यवतीर्णे, त्रैलोक्येऽपि शरीरिणाम् ।**

**दुःखच्छेदात् क्षणं सौख्य-मुद्योतश्च महानभूत् ॥२/२११॥'**

ૠષભદેવપ્રભુનો માતાના ગર્ભમાં અવતાર થયો ત્યારે ત્રણે લોકમાં એક ક્ષણ માટે જીવોને દુઃખોનો નાશ થવાથી સુખ અને મોટો ઉદ્યોત થયા.

**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્ય**ના **ચોથા પર્વ**માં પણ કહ્યું છે-

**'नारकाणामपि सुख-मुद्योतश्च जगत्त्रये ।**

**जज्ञे तदा क्षणं स्याद्धि, कल्याणेष्वर्हतामिदम् ॥१/३२॥'**

જ્યારે શ્રેયાંસનાથપ્રભુ વિષ્ણુદેવી માતાના ગર્ભમાં અવતર્યા ત્યારે એક ક્ષણ માટે નારકીઓને પણ સુખ થયું અને ત્રણે જગતમાં અજવાળું થયું, કેમકે અરિહંતોના કલ્યાણકો વખતે આ (સુખ અને અજવાળું) થાય છે.

**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતમહાકાવ્ય**ના **આઠમા પર્વ**માં પણ કહ્યું છે-

**'नारकाणामपि सुख-मुद्योतश्च जगत्त्रये ।**

**तदाभूदावश्यकं हि, कल्याणेष्वर्हतामदः ॥८/१७३॥'**

જ્યારે નેમિનાથપ્રભુ શિવાદેવીમાતાની કુક્ષિમાં અવતર્યા ત્યારે નારકીઓને પણ સુખ થયું અને ત્રણે જગતમાં અજવાળું થયું, કેમકે અરિહંતોના કલ્યાણકો વખતે આ (સુખ અને અજવાળું) અવશ્ય થાય છે.

પ્રભુએ સંપૂર્ણ જગતનું કલ્યાણ કરવાની ભાવના ભાવેલી એટલે પ્રભુના જીવનના આ પાંચ વિશિષ્ટ પ્રસંગો વખતે સંપૂર્ણ જગત સુખી થાય છે.

વળી આગલા ત્રીજા ભવમાં ભાવેલી ભાવનાને સાકાર કરવા છેલ્લા ભવમાં પ્રભુએ દેશનાઓ આપીને બધા જીવોનું કલ્યાણ કરવા માટે પ્રચંડ પુરુષાર્થ પણ કર્યો.

પ્રભુના જીવનના આ પાંચ વિશિષ્ટ પ્રસંગો સર્વ જીવોનું કલ્યાણ કરે છે. માટે તે પાંચ પ્રસંગોને કલ્યાણક કહેવાય છે. દરેક તીર્થંકરપ્રભુના જીવનમાં પાંચ કલ્યાણક થાય છે, ઓછા-વધુ નહીં. મહાવીરસ્વામીપ્રભુના જીવનમાં ગર્ભસંહરણનો પ્રસંગ બન્યો. સૌધર્મેન્દ્રની આજ્ઞાથી હરિણૈગમેષીદેવે દેવાનંદામાતાની કુક્ષિમાંથી પ્રભુનું ત્રિશલામાતાની કુક્ષિમાં સંહરણ કર્યું. આ ગર્ભસંહરણ એક અચ્છેરું છે. કેટલાક આ ગર્ભસંહરણને પણ કલ્યાણક માને છે અને 'મહાવીરસ્વામી પ્રભુના જીવનમાં છ કલ્યાણક થયા.' એમ કહે છે. તે માન્યતા યોગ્ય નથી. ગર્ભસંહરણ એ કલ્યાણક નથી.

તીર્થંકરપ્રભુના પાંચે કલ્યાણકો વખતે ઘણી ઘણી વિશિષ્ટ ઘટનાઓ બને છે. તેનું વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. તીર્થંકરપ્રભુના જીવનચરિત્રોમાં છૂટક છૂટક પાંચે કલ્યાણકોનું વર્ણન આવે છે. વિવિધગ્રન્થોમાં આવતાં પાંચ કલ્યાણકોના વર્ણનોનું સંકલન કરી આ પુસ્તકમાં એક સાથે પાંચ કલ્યાણકોની લગભગ બધી ઘટનાઓનું વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે.

વાચકોને આ પુસ્તકના વાંચન દ્વારા કલ્યાણકોના સંપૂર્ણ મહિમાની જાણકારી મળશે અને તેથી પ્રભુ પ્રત્યે અહોભાવ પ્રગટશે અને વધશે. પ્રવચન કરનાર સાધુભગવંતો, સાધ્વીજીભગવંતો અને શ્રાવકો-શ્રાવિકાઓને કલ્યાણકો વિષેના પ્રવચનો કરવા માટે પણ આ પુસ્તક ખૂબ જ ઉપયોગી બનશે.

પાંચ કલ્યાણકો વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓનું વિગતવાર વર્ણન આ પુસ્તકમાં કર્યું છે. તે ઘટનાઓની સંક્ષિપ્ત રૂપરેખા આ પ્રમાણે છે -

**❑ ચ્યવનકલ્યાણક વખતે ઘટતી ઘટનાઓ -**

(૧) દેવભવ/નારકભવમાંથી પ્રભુનું માતાના ગર્ભમાં અવતરણ થાય છે.

(૨) માતાજીને ચૌદ સ્વપ્નના દર્શન થાય છે.

(૩) માતાજી પતિદેવને ચૌદ સ્વપ્નો જણાવે છે.

(૪) પ્રભુના પિતાજી તે સ્વપ્નોના ફળ સ્વયં કહે છે અને સ્વપ્નલક્ષણપાઠકો પાસેથી જાણે છે.

(૫) સૌધર્મેન્દ્ર શક્રસ્તવથી પ્રભુની સ્તવના કરે છે.

**❑ જન્મકલ્યાણક વખતે ઘટતી ઘટનાઓ -**

(૧) સંપૂર્ણ વિશ્વ અને જીવસૃષ્ટિ પ્રભુનું સ્વાગત કરે છે.

(૨) ૫૬ દિક્કુમારિકાઓ સૂતિકર્મ કરે છે.

(૩) ૬૪ ઈન્દ્રો મેરુપર્વત ઉપર જન્મોત્સવ કરે છે.

(૪) પ્રભુના પિતા જન્મોત્સવ કરે છે.

(૫) પ્રભુનું નામકરણ થાય છે.

**❑ દીક્ષાકલ્યાણક વખતે ઘટતી ઘટનાઓ -**

(૧) નવ લોકાંતિક દેવો પ્રભુને સંયમગ્રહણ માટે વિનંતિ કરે છે.

(૨) પ્રભુ વર્ષીદાન કરે છે.

(૩) પ્રભુનો દીક્ષાનો વરઘોડો નીકળે છે.

(૪) સ્વજનો અને કુલમહત્તરા પ્રભુને આશીર્વાદ આપે છે.

(૫) પ્રભુ દીક્ષા લે છે.

(૬) પ્રભુ અપ્રમત્ત સાધના કરે છે.

**❑ કેવળજ્ઞાનકલ્યાણક વખતે ઘટતી ઘટનાઓ -**

(૧) પ્રભુ ક્ષપકશ્રેણી માંડે છે.

(૨) ઘાતીકર્મોનો ક્ષય કરી પ્રભુ કેવળજ્ઞાન પામે છે.

(૩) પ્રભુના સમવસરણની રચના થાય છે.

(૪) પ્રભુ સમવસરણ તરફ વિહાર કરે છે.

(૫) પ્રભુ સમવસરણમાં પ્રવેશી દેશના આપે છે અને સંઘની સ્થાપના કરે છે.

(૬) પ્રભુની દેશના પૂર્ણ થતાં નગરનો રાજા બલિ લાવીને ઉછાળે છે.

(૭) બીજા પ્રહરમાં પ્રથમ ગણધર દેશના આપે છે.

**❑ નિર્વાણકલ્યાણક વખતે ઘટતી ઘટનાઓ -**

(૧) પ્રભુ પાદપોપગમન અનશન સ્વીકારી યોગનિરોધ કરે છે.

(૨) ચૌદમા ગુણઠાણે પ્રભુ સકલ કર્મોનો ક્ષય કરી મોક્ષે જાય છે.

(૩) દેવો નિર્વાણકલ્યાણકનો ઉત્સવ કરે છે.

(૪) દેવો ચિતા બનાવી પ્રભુના શરીરનો અગ્નિસંસ્કાર કરે છે.

(૫) પ્રભુના દાઢ અને અસ્થિ દેવલોકમાં લઈ જઈ દેવો તેમને પૂજે છે.

પાંચ કલ્યાણકો વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓના નિરૂપણ ઉપરાંત, આ ભરતક્ષેત્રની આ અવસર્પિણીની વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરપ્રભુના પાંચ કલ્યાણકોની તિથિઓ અને ભૂમિઓ પણ આ પુસ્તકમાં બતાવી છે, પાંચ મહાવિદેહક્ષેત્રોમાં વિચરતાં વીસ વિહરમાન તીર્થંકરપ્રભુના પાંચ કલ્યાણકોની તિથિઓ પણ આ પુસ્તકમાં બતાવી છે.

તદુપરાંત નીચેના વિષયોનું નિરૂપણ પણ આ પુસ્તકમાં કર્યું છે -

(૧) પાંચ કલ્યાણકોના સૂચનો.

(૨) પાંચ કલ્યાણકોની આરાધનાથી થતાં લાભો.

(૩) કલ્યાણકભૂમિની આરાધના.

(૪) કલ્યાણકતિથિની આરાધના.

(૫) પાંચ કલ્યાણકોની સંક્ષિપ્ત અને વિસ્તૃત ઉજવણી.

આ પુસ્તકને અંતે છ પરિશિષ્ટો પણ મૂક્યા છે.

તેમાં નીચેના વિષયો લીધા છે -

(૧) પ્રભુના વર્ષીદાનના છ અતિશયો.

(૨) પ્રભુની વાણીના ૩૫ ગુણો.

(૩) પ્રભુના ૩૪ અતિશયો.

(૪) પ્રભુનું રૂપ.

(૫) પ્રભુનું બળ.

(૬) પ્રભુમાં ન રહેલા ૧૮ દોષો.

આમ આ એક જ પુસ્તકમાં તીર્થંકરપ્રભુના કલ્યાણકો સંબંધી લગભગ બધી જાણકારી આપેલ છે. આ પુસ્તકના વાંચનથી તીર્થંકરપ્રભુ પ્રત્યે આપણા હૃદયમાં અહોભાવ પ્રગટે છે અને વધે છે.

આજીવન આયંબિલના ભીષ્મ તપસ્વી, ગિરનાર મહાતીર્થના પુનરુત્થાન માટે કલ્પનાતીત ભોગ આપનાર, ગિરનાર મહાતીર્થની કાયાપલટ કરનાર પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમવલ્લભસૂરીશ્વરજી મહારાજની ભાવના હતી કે તીર્થંકરપ્રભુના કલ્યાણકોનું માહાત્મ્ય સમજાવતું એક પુસ્તક છપાય. તે માટે તેમણે વિવિધ મહાત્માઓને 'કલ્યાણક' વિષે લેખ લખીને મોકલવા જણાવ્યું. મારી ઉપર પણ તેમનો પત્ર આવેલ. કલ્યાણકોના મહિમા અંગેનો એક વિસ્તૃત લેખ લખીને મેં તેમને મોકલેલ. પછી મને ભાવના થઈ કે, 'તે પુસ્તકમાં તો તે લેખ છપાશે જ, પણ લેખ ખૂબ સુંદર અને વિસ્તૃત લખાયો હોવાથી જો સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રકાશિત થાય તો વાચકોને અને વક્તાઓને ખૂબ ઉપયોગી થશે.' મારી ભાવનાનુસાર પ્રસ્તુત પુસ્તકમાં તે લેખ જ પ્રકાશિત થયેલ છે, જેનું નામ '**કલ્યાણકમહિમા**' રાખેલ છે.

સ્વાભાવિક રીતે પણ પ્રભુના કલ્યાણકો જગતમાં સુખ અને પ્રકાશ ફેલાવતાં હોય તો તે કલ્યાણકોની આરાધનાથી તો કેટલો બધો લાભ થાય !!!

આ પુસ્તકના વાંચન દ્વારા આપણે કલ્યાણકોના મહિમાને જાણીને કલ્યાણકોની આરાધના માટે તત્પર બનીએ અને સ્વ-પરના આત્માનું કલ્યાણ કરીએ એ જ એક કલ્યાણકારી કામના.

ભવસાગરમાં ડૂબતાં જીવોને તારવા જહાજ સમાન તીર્થંકરપ્રભુ અને પરહિતવત્સલ પરમપૂજ્ય ગુરુદેવશ્રી આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજની કૃપાવૃષ્ટિથી જ આ પુસ્તક લખાયું છે. તે પૂજ્યોના ચરણસરોજમાં અનંતશઃ વંદના.

આ પુસ્તકમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ લખાયું હોય તો તેનું 'મિચ્છામિદુક્કડં' આપું છું અને બહુશ્રુત વિદ્વાનોને તેના શુદ્ધિકરણ માટે વિનંતિ કરું છું.

પરમપૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજનો
ચરણકિંકર
મુનિ રત્નબોધિવિજય

મહા સુદ ૫ (૨૫મી દીક્ષાતિથિ),
વિ.સં.૨૦૭૪,
પંકજ સોસાયટી, અમદાવાદ.

# ❑ વિષયાનુક્રમ ❑


| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧ | પાંચ કલ્યાણકોનું સ્વરૂપ | ૧ |
| ૨ | પાંચ કલ્યાણકો વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ | ૧ |
| ❑ | **ચ્યવનકલ્યાણક** | **૩-૯** |
| ૧ | છેલ્લા ભવથી પૂર્વેના ત્રીજો ભવ અને બીજો ભવ | ૩ |
| ૨ | ચૌદ સ્વપ્નો | ૪ |
| ૩ | ચૌદ સ્વપ્નોથી સૂચિત ફળ | ૬ |
| ૪ | માતાજીનું પતિદેવને સ્વપ્નફળ પૂછવું, પતિદેવ દ્વારા સ્વપ્નકથન અને માતાજીનું શેષરાત્રિજાગરણ | ૮ |
| ૫ | સૌધર્મેન્દ્ર વડે શક્રસ્તવથી સ્તવના | ૮ |
| ૬ | ચ્યવનકલ્યાણકની તિથિઓ | ૯ |
| ❑ | **જન્મકલ્યાણક** | **૧૦-૨૫** |
| ૧ | પ્રભુનો જન્મ | ૧૦ |
| ૨ | ૫૬ દિક્કુમારિકાઓ વડે કરાતું સૂતિકર્મ | ૧૨ |
| ૩ | ૬૪ ઈન્દ્રો વડે કરાતો પ્રભુનો જન્મોત્સવ | ૧૬ |
| ૪ | પ્રભુના પિતાજીએ કરેલ પ્રભુનો જન્મોત્સવ | ૨૨ |
| ૫ | જન્મકલ્યાણકની તિથિઓ | ૨૪ |
| ❑ | **દીક્ષાકલ્યાણક** | **૨૬-૩૪** |
| ૧ | નવ લોકાંતિકદેવો સંયમગ્રહણ માટે પ્રભુને વિનંતિ કરે છે | ૨૬ |
| ૨ | પ્રભુનું વર્ષીદાન | ૨૬ |
| ૩ | પ્રભુનું અંતિમ સ્નાન | ૨૭ |
| ૪ | પ્રભુની શિબિકા | ૨૭ |
| ૫ | પ્રભુનો દીક્ષાનો વરઘોડો | ૨૮ |
| ૬ | કુલમહત્તરા વગેરે સ્વજનોના આશીર્વચનો | ૩૦ |
| ૭ | લોકો વડે પ્રભુનું અભિવાદન | ૩૦ |
| ૮ | પ્રભુનો અલંકારત્યાગ | ૩૧ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૯ | પ્રભુને કુલમહત્તરાના છેલ્લા આશીર્વાદ | ૩૧ |
| ૧૦ | પ્રભુનો લોચ | ૩૧ |
| ૧૧ | પ્રભુની દીક્ષા | ૩૧ |
| ૧૨ | પ્રભુનો વિહાર | ૩૨ |
| ૧૩ | પ્રભુનું પારણું | ૩૨ |
| ૧૪ | પ્રભુની અપ્રમત્તસાધના | ૩૨ |
| ૧૫ | દીક્ષાકલ્યાણકના તિથિ, તપ અને સાથે દીક્ષા લેનારાની સંખ્યા | ૩૩ |
| ❑ | **કેવળજ્ઞાનકલ્યાણક** | **૩૫-૪૪** |
| ૧ | પ્રભુ ઉપસર્ગો-પરિષહોને સહન કરે છે | ૩૫ |
| ૨ | પ્રભુનું ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ | ૩૫ |
| ૩ | પ્રભુને કેવળજ્ઞાન | ૩૬ |
| ૪ | પ્રભુના સમવસરણની રચના | ૩૭ |
| ૫ | પ્રભુનું સમવસરણ તરફ પ્રયાણ | ૩૯ |
| ૬ | પ્રભુનો સમવસરણમાં પ્રવેશ અને દેશના | ૩૯ |
| ૭ | કેવળજ્ઞાનકલ્યાણકની તિથિ અને તપ | ૪૩ |
| ❑ | **નિવાર્ણકલ્યાણક** | **૪૫-૫૦** |
| ૧ | પ્રભુના અનશન, યોગનિરોધ, શૈલેષીકરણ અને મોક્ષગમન | ૪૫ |
| ૨ | દેવો વડે કરાતી નિર્વાણકલ્યાણકની ઉજવણી | ૪૬ |
| ૩ | નિર્વાણકલ્યાણકના તિથિ, તપ અને સાથે મોક્ષે જનારાની સંખ્યા | ૪૯ |
| ❑ | **કલ્યાણકભૂમિઓ** | **૫૧** |
| ❑ | **વિહરમાન ભગવાનના કલ્યાણકો** | **૫૩** |
| ❑ | **કલ્યાણકોના સૂચનો અને આરાધનાથી થતાં લાભો** | **૫૪-૫૫** |
| ૧ | પ્રભુના કલ્યાણકોનું સૂચન | ૫૪ |
| ૨ | પ્રભુના કલ્યાણકોની આરાધનાથી થતાં લાભો | ૫૪ |
| ❑ | **કલ્યાણકોની આરાધના** | **૫૬-૫૯** |
| ૧ | કલ્યાણકભૂમિની આરાધના | ૫૬ |

| ક્રમાંક | વિષય | પાના નં. |
|---|---|---|
| ૨ | કલ્યાણકતિથિની આરાધના | ૫૭ |
| ૩ | ૨૪ ભગવાનનો દીક્ષાતપ કરવો | ૫૭ |
| ૪ | ૨૪ ભગવાનનો કેવળજ્ઞાનતપ કરવો | ૫૭ |
| ૫ | ૨૪ ભગવાનનો મોક્ષતપ કરવો | ૫૭ |
| ૬ | પંચકલ્યાણકની પૂજા ભણાવવી | ૫૮ |
| ૭ | પ્રભુના કલ્યાણકોની દરરોજ સંક્ષેપમાં ઉજવણી કરવી | ૫૮ |
| ૮ | વર્ષમાં એક વાર દરેક કલ્યાણકની ભવ્ય ઉજવણી વિસ્તારથી અને ઠાઠમાઠથી કરવી | ૫૮ |
| ❑ | **પરિશિષ્ટ-૧ તીર્થંકરપ્રભુના વાર્ષિકદાનના છ અતિશયો** | ૬૦ |
| ❑ | **પરિશિષ્ટ-૨ તીર્થંકરપ્રભુની વાણીના ૩૫ ગુણો** | ૬૧ |
| ❑ | **પરિશિષ્ટ-૩ તીર્થંકરપ્રભુના ૩૪ અતિશયો** | ૬૩ |
| ❑ | **પરિશિષ્ટ-૪ તીર્થંકરપ્રભુનું અદ્વિતીય રૂપ** | ૬૫ |
| ❑ | **પરિશિષ્ટ-૫ તીર્થંકરપ્રભુનું અતુલ બળ** | ૬૭ |
| ❑ | **પરિશિષ્ટ-૬ તીર્થંકરપ્રભુ જે અઢાર દોષોથી રહિત છે તેમના નામ** | ૬૮ |


* * * * *

# * કલ્યાણકમહિમા *

## ♦ પાંચ કલ્યાણકોનું સ્વરૂપ ♦

કલ્યાણને કરે તે કલ્યાણક. તીર્થંકર ભગવાનના જીવનની પાંચ વિશિષ્ટ ઘટનાઓને કલ્યાણક કહેવાય છે. આ કલ્યાણકો સંપૂર્ણ જગતનું કલ્યાણ કરે છે. પ્રભુના પાંચ કલ્યાણકો આ પ્રમાણે છે -

(૧) **ચ્યવનકલ્યાણક** : તીર્થંકરના જીવનું દેવલોકમાંથી માતાના ગર્ભમાં આવવું તે.

(૨) **જન્મકલ્યાણક** : ગર્ભકાળ પૂર્ણ થતાં તીર્થંકરનો જન્મ થવો તે.

(૩) **દીક્ષાકલ્યાણક** : સંસારને છોડીને, બધા પાપોના ત્યાગની પ્રતિજ્ઞા કરીને તીર્થંકરનું સંયમમાર્ગે પ્રયાણ કરવું તે.

(૪) **કેવળજ્ઞાનકલ્યાણક** : ચાર ઘાતીકર્મોનો ક્ષય થવાથી તીર્થંકરને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થવા તે.

(૫) **નિર્વાણકલ્યાણક** : બાકીના ચાર અઘાતી કર્મોનો ક્ષય થવાથી તીર્થંકરનું મોક્ષમાં જવું તે.

## ♦ પાંચે કલ્યાણકો વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ ♦

આ પાંચે કલ્યાણકો વખતે જગતમાં વિશિષ્ટ ઘટનાઓ ઘટે છે -

(૧) ચૌદ રાજલોકના બધા જીવોને એક ક્ષણ માટે સુખની અનુભૂતિ થાય છે. નરક અને નિગોદના જીવો કે જેઓ હંમેશા દુઃખનો જ અનુભવ કરતા હોય છે તેમને પણ એક ક્ષણ માટે સુખનો અનુભવ થાય છે. **વીતરાગસ્તોત્રમાં કાલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિ મહારાજે** કહ્યું છે કે,

**'नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।**
**पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ॥१०/७॥'**

**અર્થ** : જેના કલ્યાણકપર્વો વખતે નારકીઓ પણ આનંદ પામે છે.

તે તીર્થંકર પ્રભુના પવિત્ર ચારિત્રનું વર્ણન કોણ કરી શકે ? અર્થાત્ કોઈ ન કરી શકે.

(૨) ચૌદ રાજલોકમાં એક ક્ષણ માટે અજવાળું થાય છે. જ્યાં હંમેશ માટે ભયંકર અંધારું હોય છે એ સાતે નરકોમાં એક ક્ષણ માટે અજવાળું થાય છે. પહેલી નરકમાં સૂર્યના પ્રકાશ જેવું અજવાળું થાય છે. બીજી નરકમાં વાદળથી ઢંકાયેલા સૂર્યના પ્રકાશ જેવું અજવાળું થાય છે. ત્રીજી નરકમાં શરદપૂર્ણિમાના ચન્દ્રના પ્રકાશ જેવું અજવાળું થાય છે. ચોથી નરકમાં વાદળથી ઢંકાયેલા ચન્દ્રના પ્રકાશ જેવું અજવાળું થાય છે. પાંચમી નરકમાં ગ્રહોના પ્રકાશ જેવું અજવાળું થાય છે. છટ્ઠી નરકમાં નક્ષત્રના પ્રકાશ જેવું અજવાળું થાય છે. સાતમી નરકમાં તારાના પ્રકાશ જેવું અજવાળું થાય છે.

(૩) ક્યારેય ન કંપે એ ઈન્દ્રોના સિંહાસનો કંપે છે અને ઈન્દ્રો પ્રભુના કલ્યાણકોની ઉજવણી કરવા પૃથ્વીતલ પર આવે છે.

સામાન્યથી આ ત્રણે બાબતો જગતમાં બનતી નથી. તીર્થંકર ભગવંતોના કલ્યાણકો વખતે જ તેમના વિશિષ્ટ પુણ્યોદયથી આવું થાય છે.

મનુષ્યલોકની ગંધ ૪૦૦ થી ૫૦૦ યોજન ઉપર ઊછળે છે. વળી મનુષ્યલોકમાં મનુષ્યો જે સુખનો અનુભવ કરે છે તેના કરતા દેવલોકમાં દેવોને અનેકગણા સુખનો અનુભવ થાય છે. તેથી સામાન્યથી ઈન્દ્રો અને દેવો પૃથ્વીતલ પર આવતા નથી. પ્રભુના વિશિષ્ટ પુણ્યોદયથી ચોસઠે ઈન્દ્રો અને અગણિત દેવો-દેવીઓ પ્રભુના કલ્યાણકોના મહોત્સવો ઊજવવા પૃથ્વીતલ ઉપર આવે છે. તેમને દેવલોકના ભૌતિકસુખ કરતા પ્રભુભક્તિમાં અનેકગણા સુખની અનુભૂતિ થાય છે.

* * * * *

**હે ત્રિભુવનાધીશ !** જેમ દર્પણની સામે ઊભા રહેનારનું પ્રતિબિંબ દર્પણમાં પડે છે તેમ આપને હૃદયમાં ધારણ કરનારને લક્ષ્મી સન્મુખ થાય છે.

## ❑ ચ્યવનકલ્યાણક ❑

### • પ્રભુના ચ્યવનકલ્યાણક વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ –

#### ♦ છેલ્લા ભવથી પૂર્વેના ત્રીજો ભવ અને બીજો ભવ ♦

તીર્થંકરપ્રભુનો જીવ છેલ્લા ભવની પૂર્વેના ત્રીજા ભવમાં વીશ સ્થાનકોની કે વીશમાંના અમુક સ્થાનકોની આરાધના કરે છે અને 'સવિ જીવ કરું શાસનરસી' એવી ભાવના ભાવે છે. તેથી પરમ શુભભાવથી તે તીર્થંકર નામકર્મ બાંધે છે. તે ભવનું આયુષ્ય પૂર્ણ થતાં તે દેવલોકમાં જાય છે.

જે તીર્થંકરપ્રભુના જીવે છેલ્લા ભવથી પૂર્વેના ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મ બાંધતા પહેલા નરકાયુષ્ય બાંધી દીધું હોય તે જીવ તે ભવનું આયુષ્ય પૂર્ણ થતાં નરકમાં જાય છે. નરકમાં તેને અન્ય નારકીઓ કરતા ઓછી પીડા હોય છે.

દેવલોકનું કે નરકનું આયુષ્ય પૂર્ણ થતાં તે જીવો છેલ્લા ભવમાં માતાની કુક્ષિમાં આવે છે. તેને ચ્યવનકલ્યાણક કહેવાય છે, કેમકે દેવતા અને નારકીના મરણને ચ્યવન કહેવાય છે. તે વખતે તે જીવો દેવતાઈ આહાર, દેવતાઈ ભવ અને દેવતાઈ શરીર છોડીને માતાની કુક્ષિમાં આવે છે. દેવતા કે નારકીના ભવમાં તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. તે ભવનો ત્યાગ કરીને જ્યારે તેઓ છેલ્લા ભવમાં આવે છે ત્યારે આ ત્રણે જ્ઞાનને સાથે લઈને આવે છે. તેથી ચ્યવન થતાં પૂર્વે તેઓ જાણે છે કે, 'મારું ચ્યવન થવાનું છે.' ચ્યવન એક જ સમયમાં થઈ જતું હોવાથી તેમને ખ્યાલ નથી આવતો કે, 'મારું ચ્યવન થઈ રહ્યું છે.' ચ્યવન થઈ ગયા પછી તેમને ખ્યાલ આવે છે કે, 'મારું ચ્યવન થઈ ગયું છે.' અન્ય દેવોનું ચ્યવન નજીકમાં આવતા તેમના ગળામાં રહેલી ક્યારેય નહીં કરમાતી ફૂલની માળા કરમાવા લાગે છે, તેમના શરીરનું તેજ ઝાંખું થવા લાગે છે. તીર્થંકરપ્રભુના જીવનું પૂર્વના દેવભવમાંથી ચ્યવન થાય ત્યારે અન્ય દેવોમાં દેખાતા ચ્યવનના ચિહ્નો તેનામાં દેખાતાં નથી. તેમના શરીરનું તેજ ચ્યવનકાળ સુધી વધ્યા કરે છે.

## ♦ ચૌદ સ્વપ્નો ♦

જે રાત્રે તીર્થંકરના જીવો માતાની કુક્ષિમાં આવે છે તે રાત્રે મધ્યરાત્રીના સમયે અલ્પ નિદ્રા કરતી એવી તેમની માતા ચૌદ મહાસ્વપ્નો જુવે છે. સામાન્યથી બધા તીર્થંકરોની માતા હાથી, વૃષભ, સિંહ... આ ક્રમે સ્વપ્નો જુવે છે. આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર ઋષભદેવપ્રભુની માતા મરુદેવીએ વૃષભ, હાથી, સિંહ... આ ક્રમે સ્વપ્નો જોયા હતા. આ અવસર્પિણીના અન્તિમ તીર્થંકર મહાવીરસ્વામીપ્રભુની માતા ત્રિશલાદેવીએ સિંહ, હાથી, વૃષભ... આ ક્રમે સ્વપ્નો જોયા હતા.

તીર્થંકરપ્રભુની માતા જે ચૌદ સ્વપ્નો જુવે છે તે આ પ્રમાણે છે -

(૧) **હાથી** : ચાર દાંતવાળો ઊંચો સફેદ હાથી. તેના લમણામાંથી મદ ઝરે છે. તેથી તે જંગમ (હાલતાં-ચાલતાં) કૈલાસપર્વત જેવો લાગે છે.

(૨) **વૃષભ** : પુષ્ટ ખાંધવાળો, લાંબી અને સીધી પૂછડીવાળો, સફેદ વૃષભ (બળદ). તેના ગળામાં સોનાની ઘૂઘરીવાળી માળા હોય છે. તેથી પીળી વીજળીવાળા શરદઋતુના સફેદ વાદળની જેમ તે શોભે છે.

(૩) **સિંહ** : પીળી આંખવાળો, લાંબી જીભવાળો, ચંચળ કેસરાવાળો સિંહ. તે પૂછડી ઉછાળવાના બહાને જાણે કે શૂરવીરોમાં પોતાના શ્રેષ્ઠ હોવાની ધજા લહેરાવતો હોય તેમ લાગે છે.

(૪) **લક્ષ્મીદેવી** : કમળના આસન પર બેઠેલી, કમળ જેવી આંખવાળી લક્ષ્મીદેવી. દિગ્ગજો સૂંઢમાં પાણીના કુંભ લઈને લક્ષ્મીદેવીની ઉપર અભિષેક કરે છે.

(૫) **પુષ્પમાળા** : વિવિધ કલ્પવૃક્ષોના ફૂલોથી ગૂંથાયેલી માળા. તે ખેંચાયેલા ધનુષ્ય જેવી લાગે છે.

(૬) **ચન્દ્ર** : પોતાની ચાંદનીથી દિશાઓને અજવાળતો, આનંદદાયક ચન્દ્ર. તે માતાજીના મુખના પ્રતિબિંબરૂપ હોય તેવું લાગે છે.

(૭) **સૂર્ય** : તે વખતે મધ્યરાત્રીએ પણ દિવસનો ભ્રમ કરાવનાર, બધા અંધકારનો નાશ કરનાર, દેદીપ્યમાન કાંતિવાળો સૂર્ય.

(૮) **ધ્વજ** : ઘૂઘરીઓવાળી ફરકતી પતાકાથી શોભતો મોટો ધ્વજ. તે કાન હલાવી રહેલા હાથી જેવો લાગે છે.

(૯) **કળશ** : જેના કાંઠે વિકસિત કમળો છે એવો પાણીથી ભરેલો સોનાનો કળશ. તે સમુદ્રનું મંથન કરવાથી નીકળેલા અમૃતના કુંભ જેવો લાગે છે.

(૧૦) **પદ્મસરોવર** : ભમરા જેમાં ગુંજારવ કરી રહ્યા છે એવા અનેક કમળોથી શોભતું પદ્મસરોવર. તે સરોવર જાણે કે પ્રભુની સ્તુતિ કરવા માટે કમળોરૂપી અનેક મુખવાળું થયું હોય એવું લાગે છે.

(૧૧) **ક્ષીરસમુદ્ર (રત્નાકર)** : મોટા મોજાઓથી શોભતો ક્ષીરસમુદ્ર. તે મોજાઓ પૃથ્વી પર પથરાયેલા શરદઋતુના વાદળ જેવા લાગે છે. (સમુદ્રના પેટાળમાં રત્નો હોય છે. તેથી ક્ષીરસમુદ્રને રત્નાકર પણ કહેવાય છે.)

(૧૨) **વિમાન** : અમિત કાંતિવાળું દેવોનું વિમાન. પૂર્વભવમાં પ્રભુ જે દેવવિમાનમાં રહ્યા હતા તે જાણે કે પૂર્વભવના સ્નેહથી આવી ગયું હોય એમ લાગે છે.

જે તીર્થંકરોના જીવો પૂર્વભવમાં નરકમાં હોય અને ત્યાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવ્યા હોય તેમની માતા બારમા સ્વપ્નમાં ભવન જુવે છે. વૈમાનિકદેવો અને જ્યોતિષદેવોના રહેવાના સ્થાનને વિમાન કહેવાય છે. ભવનપતિદેવોના રહેવાના સ્થાનને ભવન કહેવાય છે.

(૧૩) **રત્નોનો ઢગલો** : એકઠી થયેલી નિર્મળ કાંતિવાળો રત્નોનો મોટો ઢગલો. તે ભેગા થયેલા તારાના સમૂહ જેવો લાગે છે.

(૧૪) **નિર્ધૂમ અગ્નિ** : જગતમાં રહેલા તેજસ્વી પદાર્થોના ભેગા થયેલા તેજ જેવો ધુમાડા વિનાનો અગ્નિ.

માતાજી આ ચૌદ સ્વપ્નો એકદમ સ્પષ્ટ જુવે છે. તે સ્વપ્નો આકાશમાંથી અવતરીને પોતાના મુખમાં પ્રવેશતાં હોય તેવું માતાજી જુવે છે.

## ♦ ચૌદ સ્વપ્નોથી સૂચિત ફળ ♦

માતાજીએ જોયેલા આ ૧૪ સ્વપ્નોથી સૂચિત થાય છે કે તેમની કુક્ષિમાં એક બાળક આવ્યો છે અને તે ભવિષ્યમાં તીર્થંકર થવાનો છે.

માતાજીએ જોયેલા ચૌદ સ્વપ્નોમાંનું એક-એક સ્વપ્ન નીચે પ્રમાણેના ફળને સૂચવે છે -

(૧) **હાથી** : પ્રભુ મોટા મોટા મહારથીઓના પણ ગુરુ થશે અને શક્તિના એક ધામ રૂપ થશે.

(૨) **વૃષભ** : મોહરૂપી કાદવમાં ખૂંચી ગયેલા ધર્મરૂપી રથને બહાર કાઢવા પ્રભુ સમર્થ થશે.

(૩) **સિંહ** : પ્રભુ પુરુષોમાં સિંહ સમાન થશે, ધીર થશે, નિર્ભય થશે, શૂરવીર થશે અને પરાક્રમી થશે.

(૪) **લક્ષ્મીદેવી** : પ્રભુ ત્રણલોકના સામ્રાજ્યરૂપી લક્ષ્મીને ભોગવનારા થશે.

(૫) **પુષ્પમાળા** : પુષ્પમાળા જેમ મસ્તકે ધારણ કરાય છે તેમ પ્રભુની આજ્ઞાને બધા મસ્તકે ધારણ કરશે.

(૬) **ચન્દ્ર** : પ્રભુ સુંદર અને નેત્રને આનંદ આપનારા થશે.

(૭) **સૂર્ય** : પ્રભુ મોહરૂપી અંધકારનો નાશ કરીને જગતમાં પ્રકાશને ફેલાવશે.

(૮) **ધ્વજ** : પ્રભુ ધર્મરૂપી ધ્વજને ધારણ કરશે.

(૯) **પૂર્ણકળશ** : પ્રભુ બધા અતિશયોથી સંપૂર્ણ થશે.

(૧૦) **પદ્મસરોવર** : સંસારરૂપી જંગલમાં ભમતા જીવોના તાપને પ્રભુ હરશે.

(૧૧) **ક્ષીરસમુદ્ર** : પ્રભુની સામે કોઈ નહીં પડે, બધા તેમની સેવા કરશે.

(૧૨) **દેવવિમાન** : પ્રભુ વૈમાનિકદેવોથી સેવાશે.

(૧૩) **રત્નોનો ઢગલો** : પ્રભુ બધા ગુણોરૂપી રત્નોની ખાણ સમાન થશે.

(૧૪) **નિર્ધૂમ અગ્નિ** : પ્રભુ બીજા તેજસ્વીઓના તેજને દૂર કરશે.

ચૌદ સ્વપ્નોથી સૂચિત થાય છે કે પ્રભુ ચૌદ રાજલોકના સ્વામી થશે.

ઉપરોક્ત ફળકથન **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રમહાકાવ્ય, પર્વ પહેલું, સર્ગ બીજો, શ્લોક ૨૩૪-૨૪૯** ના આધારે કર્યું છે.

**કલ્પસૂત્રની મહોપાધ્યાયશ્રીવિનયવિજયજી મહારાજ** કૃત **સુબોધિકા ટીકા**માં **ચોથા વ્યાખ્યાન**માં ચૌદ સ્વપ્નોમાંના એક એક સ્વપ્નથી સૂચિત ફળ નીચે પ્રમાણે બતાવ્યું છે -

(૧) **હાથી** : પ્રભુ ચાર પ્રકારના ધર્મને કહેશે.

(૨) **વૃષભ** : પ્રભુ ભરતક્ષેત્રમાં બોધિબીજને વાવશે.

(૩) **સિંહ** : કામ વગેરે રૂપી દુષ્ટ હાથીઓથી ભંગાતા ભવ્ય જીવો રૂપી વનનું પ્રભુ રક્ષણ કરશે.

(૪) **લક્ષ્મીદેવી** : પ્રભુ વાર્ષિકદાન આપીને તીર્થંકરલક્ષ્મીને ભોગવશે.

(૫) **પુષ્પમાળા** : પ્રભુને ત્રણ ભુવનના જીવો મસ્તકે ધારણ કરશે.

(૬) **ચન્દ્ર** : પ્રભુ પૃથ્વીતલ પર બધાને આનંદ આપશે.

(૭) **સૂર્ય** : પ્રભુ ભામંડલથી વિભૂષિત થશે.

(૮) **ધ્વજ** : પ્રભુ ધર્મધ્વજ(ધર્મરૂપી ધ્વજ અથવા મહેન્દ્રધ્વજ)થી વિભૂષિત થશે.

(૯) **કળશ** : પ્રભુ ધર્મરૂપી મંદિરના શિખર પર બેસશે.

(૧૦) **પદ્મસરોવર** : પ્રભુ દેવનિર્મિત કમળો પર પગ મૂકીને ચાલશે.

(૧૧) **ક્ષીરસમુદ્ર** : પ્રભુને કેવળજ્ઞાનરૂપી રત્ન પ્રાપ્ત થશે.

(૧૨) **દેવવિમાન** : પ્રભુ વૈમાનિક દેવોને પણ પૂજ્ય બનશે.

(૧૩) **રત્નોનો ઢગલો** : પ્રભુ રત્નના કિલ્લાથી વિભૂષિત થશે.

(૧૪) **નિર્ધૂમ અગ્નિ** : પ્રભુ ભવ્ય જીવો રૂપી સુવર્ણને શુદ્ધ કરશે.

ચૌદ સ્વપ્નોનું સામુદાયિક ફળ - પ્રભુ ચૌદ રાજલોકના અગ્રસ્થાન પર બિરાજમાન થશે.

## ♦ માતાજીનું પતિદેવને સ્વપ્નફળ પૂછવું, પતિદેવ દ્વારા સ્વપ્નફળકથન અને માતાજીનું શેષરાત્રિજાગરણ ♦

પ્રભુના માતાજી ચૌદ સ્વપ્નો જોઈને જાગી જાય છે. તેમની રોમરાજી વિકસિત થઈ જાય છે. તેમના હૈયામાં આનંદ સમાતો નથી. તેઓ પતિદેવના શયનખંડમાં જઈને તેમની સમક્ષ સ્વપ્નોનું વર્ણન કરીને તેમને સ્વપ્નોનું ફળ પૂછે છે. પતિદેવ પોતાની બુદ્ધિથી વિચારીને સ્વપ્નોનું ફળ કહે છે. તે સાંભળીને માતાજીને ખૂબ જ આનંદ થાય છે. પતિદેવની રજા લઈને તેઓ પોતાના શયનખંડમાં પાછા આવીને દેવ-ગુરુ સંબંધી ધાર્મિક કથાઓ કહીને અને સાંભળીને બાકીની રાત્રી જાગતા પસાર કરે છે, કેમકે જો માતાજી સૂઈ જાય અને ખરાબ સ્વપ્ન આવે તો પૂર્વે જોયેલા શુભ સ્વપ્નોનું ફળ હણાઈ જાય.

## ♦ સૌધર્મેન્દ્ર વડે શક્રસ્તવથી સ્તવના ♦

પ્રભુના ચ્યવનકલ્યાણક વખતે સૌધર્મેન્દ્રનું સિંહાસન કંપે છે. તેથી સૌધર્મેન્દ્ર અવધિજ્ઞાનથી તેનું કારણ જુવે છે. અવધિજ્ઞાનથી પ્રભુનું ચ્યવન જાણીને તે પોતાના સિંહાસન પરથી ઊભો થઈ જાય છે. તે પાદપીઠ પરથી નીચે ઊતરે છે. તે પોતાની પાદુકાઓ ઉતારે છે. તે એક વસ્ત્રનો ઉત્તરાસંગ (ખેસ) કરે છે. તે હાથ જોડીને જે દિશામાં પ્રભુનું ચ્યવન થયું હોય છે તે દિશામાં સાત-આઠ ડગલા જાય છે. તે ભૂમિ પર બેસીને ડાબો પગ ઊંચો રાખે છે અને જમણો પગ ભૂમિને અડાડીને રાખે છે. તે ત્રણવાર મસ્તકને પૃથ્વીતલ પર અડાડે છે. પછી સહેજ ઊંચો થઈને તે મસ્તકે બે હાથની અંજલી કરીને 'નમુત્થુણં' (શક્રસ્તવ) થી પ્રભુની સ્તવના કરે છે.

આ બાજુ પૃથ્વીતલ પર સવાર પડે છે એટલે પ્રભુના પિતાજી સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવીને તેમની પાસેથી પ્રભુના માતાજીએ જોયેલા ચૌદ સ્વપ્નોનું ચોક્કસ ફળ જાણે છે.

પ્રભુના માતાજી સુંદર રીતે ગર્ભનું પાલન કરે છે. તેઓ ગૂઢ રીતે ગર્ભને ધારણ કરે છે. તેથી બહારથી કોઈને ખબર ન પડે કે આમને ગર્ભ રહ્યો છે.

આ રીતે પ્રભુનું ચ્યવનકલ્યાણક ઊજવાય છે.

## ♦ ચ્યવનકલ્યાણકની તિથિઓ ♦

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા ૨૪ તીર્થંકરોના ચ્યવનકલ્યાણકની તિથિઓ નીચેના કોઠામાં દર્શાવી છે –

| ક્રમાંક | ભગવાનનું નામ | ચ્યવનકલ્યાણકની તિથિ |
|---|---|---|
| ૧ | ઋષભદેવ | જેઠ વદ ૪ |
| ૨ | અજિતનાથ | વૈશાખ સુદ ૧૩ |
| ૩ | સંભવનાથ | ફાગણ સુદ ૮ |
| ૪ | અભિનંદનસ્વામી | વૈશાખ સુદ ૪ |
| ૫ | સુમતિનાથ | શ્રાવણ સુદ ૨ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | પોષ વદ ૬ |
| ૭ | સુપાર્શ્વનાથ | શ્રાવણ વદ ૮ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | ફાગણ વદ ૫ |
| ૯ | સુવિધિનાથ | મહા વદ ૯ |
| ૧૦ | શીતલનાથ | ચૈત્ર વદ ૬ |
| ૧૧ | શ્રેયાંસનાથ | વૈશાખ વદ ૬ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | જેઠ સુદ ૯ |
| ૧૩ | વિમલનાથ | વૈશાખ સુદ ૧૨ |
| ૧૪ | અનંતનાથ | અષાઢ વદ ૭ |
| ૧૫ | ધર્મનાથ | વૈશાખ સુદ ૭ |
| ૧૬ | શાન્તિનાથ | શ્રાવણ વદ ૭ |
| ૧૭ | કુંથુનાથ | અષાઢ વદ ૯ |
| ૧૮ | અરનાથ | ફાગણ સુદ ૨ |
| ૧૯ | મલ્લિનાથ | ફાગણ સુદ ૪ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | શ્રાવણ સુદ ૧૫ |
| ૨૧ | નમિનાથ | આસો સુદ ૧૫ |
| ૨૨ | નેમિનાથ | આસો વદ ૧૨ |
| ૨૩ | પાર્શ્વનાથ | ફાગણ વદ ૪ |
| ૨૪ | મહાવીરસ્વામી | અષાઢ સુદ ૬ |

* * * * *

## • પ્રભુના જન્મકલ્યાણક વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ -

### ♦ પ્રભુનો જન્મ ♦

પ્રભુ માતાજીના ગર્ભમાં હોય છે ત્યારે તેમના પ્રભાવથી માતાજીને વિવિધ દોહલાઓ થાય છે. પ્રભુના પિતાજી તે દોહલાઓ પૂર્ણ કરે છે. તેથી પ્રસન્ન અને પ્રફુલિત થઈને માતાજી સુખે સુખે ગર્ભને વહન કરે છે. એમ કરતાં કરતાં ગર્ભકાળ પૂર્ણ થાય છે. એક શુભ દિવસે નીરોગી માતાજી નીરોગી પુત્રને જન્મ આપે છે. ત્યારે ⇒

(૧) આકાશમાં બધા ગ્રહો ઉચ્ચસ્થાનમાં હોય છે. દૂરની વસ્તુ જોવા માટે માણસ ઊંચા સ્થાનમાં ચડી જાય છે. તે જ રીતે સાતે ગ્રહો પ્રભુને જોવા માટે જાણે કે ઊંચા સ્થાનમાં ચડી ગયા હોય એવું લાગે છે.

જ્યતિષશાસ્ત્રની દષ્ટિએ કયા ગ્રહો કઈ રાશિમાં કેટલા અંશના હોય ત્યારે ઉચ્ચસ્થાનના કહેવાય તે નીચેના કોઠાથી જાણી શકાય છે -

| ગ્રહ | રાશિ | અંશ |
|---|---|---|
| સૂર્ય | મેષ | ૧૦ |
| સોમ (ચન્દ્ર) | વૃષ | ૩ |
| મંગળ | મૃગ | ૨૮ |
| બુધ | કન્યા | ૧૫ |
| ગુરુ | કર્ક | ૫ |
| શુક્ર | મીન | ૨૭ |
| શનિ | તુલા | ૨૦ |

સાતે ગ્રહો ઉચ્ચસ્થાનમાં હોય એવું ક્યારેક જ બને છે. ત્યારે જેનો જન્મ થાય તે અવશ્ય તીર્થંકર થાય છે.

(૨) ચન્દ્રનો નક્ષત્રોની સાથેનો યોગ શ્રેષ્ઠ હોય છે.

(૩) દિશાઓ સૌમ્ય હોય છે, એટલે કે ધૂળની વૃષ્ટિ વગેરે વિનાની હોય છે.

(૪) દિશાઓ અંધકાર રહિત હોય છે, કેમકે પ્રભુના જન્મ વખતે સર્વત્ર અજવાળું હોય છે.

(૫) દિશાઓ વિશુદ્ધ હોય છે, એટલે કે દાવાનળ વગેરેથી રહિત હોય છે.

(૬) બધા શુકનો અનુકૂળ હોય છે.

(૭) પવન પ્રદક્ષિણાવર્ત વાય છે. તે સુગંધી અને ઠંડો હોય છે. તે ભૂમિને અડીને વાય છે.

(૮) પૃથ્વી પરના ખેતરોમાં ભરપૂર અનાજ ઊગી જાય છે.

(૯) બગીચા, ઉદ્યાનો વગેરેના વૃક્ષો પર ફળો અને ફૂલો લચી પડે છે.

(૧૦) ચારે બાજુ લોકો આનંદકિલ્લોલ કરતા હોય છે.

(૧૧) સંપૂર્ણ પૃથ્વી જાણે કે પ્રભુનું સ્વાગત કરવા ઉત્સુક હોય એવું લાગે છે.

(૧૨) દેવોએ ન વગાડી હોવા છતાં પણ હર્ષથી વાદળ જેવા ગંભીર અવાજવાળી દેવદુંદુભિ વાગે છે.

(૧૩) ચૌદ રાજલોકના બધા જીવોને સુખની અનુભૂતિ થાય છે.

(૧૪) વસ્ત્રની વૃષ્ટિ થાય છે.

(૧૫) સુગંધી પાણીની વૃષ્ટિ થાય છે.

(૧૬) પ્રભુની કાયા અદ્‌ભુત રૂપવાળી તથા મેલ, દુર્ગંધ, પરસેવો અને રોગ વિનાની હોય છે.

(૧૭) પ્રભુના લોહી-માંસ કામધેનુ ગાયના દૂધ કરતા વધુ સફેદ હોય છે.

(૧૮) પ્રભુના શ્વાસોચ્છ્‌વાસ કમળની સુગંધ જેવા સુગંધી હોય છે.

(૧૯) પ્રભુના આહાર-નિહાર અદૃશ્ય હોય છે.

(૨૦) જેમ ઉપપાતશય્યામાં દેવની ઉત્પત્તિ થાય તેમ જરાયુ, લોહી વગેરેના કલંક રહિત એવા પ્રભુનો જન્મ થાય છે.

## ♦ ૫૬ દિક્કુમારિકાઓ વડે કરાતું સૂતિકર્મ ♦

પ્રભુના જન્મ વખતે ૫૬ દિક્કુમારિકાઓનું આસન કંપે છે. તેઓ અવધિજ્ઞાનથી 'પ્રભુનો જન્મ થયો છે.' એમ જાણીને પોતપોતાના શાશ્વત આચારને કરવા માટે આભિયોગિક દેવોએ બનાવેલા યોજન પ્રમાણના વિમાનો વડે અહીં આવે છે. આ દિક્કુમારિકાઓ એક પ્રકારની ભવનપતિદેવીઓ છે. તે દરેકનો પરિવાર આ પ્રમાણે છે - ૪,૦૦૦ સામાનિક દેવો, ૪ મહત્તરાઓ, ૧૬,૦૦૦ અંગરક્ષકદેવો, ૭ સૈન્યો, ૭ સેનાપતિઓ અને બીજા મહર્દ્ધિક દેવો. આ દિક્કુમારિકાઓ ક્રમશઃ આવે છે અને સ્વકર્તવ્ય કરે છે.

સૌપ્રથમ અધોલોકમાં રહેનારી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે -

| | |
|---|---|
| (૧) ભોગંકરા | (૨) ભોગવતી |
| (૩) સુભોગા | (૪) ભોગમાલિની |
| (૫) સુવત્સા (મતાંતરે તોયધારા, સુમિત્રા) | (૬) વત્સમિત્રા (મતાંતરે વિચિત્રા) |
| (૭) પુષ્પમાલા | (૮) અનિન્દિતા |

જંબૂદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં ચાર ગજદંતગિરિ આવેલા છે. દરેક ગજદંતગિરિની નીચે ઘણા યોજન ગયા પછી તિર્ચ્છાલોક પૂર્ણ થાય છે અને જ્યાં અસુરકુમાર વગેરેના ભવન છે ત્યાં આ દિક્કુમારિકાઓના ૨-૨ ભવનો આવેલા છે. કુલ ૮ ભવનો છે. આ ભવનોમાં આ ૮ દિક્કુમારિકાઓ રહે છે. તેથી તેમને અધોલોકમાં રહેનારી આઠ દિક્કુમારિકાઓ કહેવાય છે. તેઓ ક્રીડા કરવા માટે ગજદંતગિરિના શિખરો પર આવે છે.

આ આઠ દિક્કુમારિકાઓ માતાજીના શયનખંડમાં આવીને માતાજીને અને પુત્રને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરીને સ્વઆગમનનું પ્રયોજન (પ્રભુનું સૂતિકર્મ કરવું) જણાવે છે. પછી તેઓ ઈશાનખૂણામાં હજાર થાંભલાવાળું પૂર્વાભિમુખ સૂતિગૃહ બનાવે છે. પછી તેઓ 'સંવર્ત' નામના પવનથી ચારે તરફ એક યોજન જેટલી ભૂમિને શુદ્ધ કરે છે. પછી તેઓ પ્રભુ પાસે આવીને ગીત ગાતી બેસે છે.

ત્યાર પછી ઊર્ધ્વલોકમાં રહેનારી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે -

(૧) મેઘંકરા (૨) મેઘવતી

(૩) સુમેઘા (૪) મેઘમાલિની

(૫) તોયધારા (મતાંતરે સુવત્સા) (૬) વિચિત્રા (મતાંતરે વત્સમિત્રા)

(૭) વારિષેણા (૮) બલાહિકા (મતાંતરે બલાહકા)

આ આઠ દિક્કુમારિકાઓ મેરુપર્વતના નંદનવનમાં આવેલા આઠ શિખરો (કૂટો) ઉપર રહે છે. તેથી તેમને ઊર્ધ્વલોકમાં રહેનારી આઠ દિક્કુમારિકાઓ કહેવાય છે.

આ આઠ દિક્કુમારિકાઓ આવીને તે જ રીતે માતાજીને અને પુત્રને નમન કરે છે અને સ્વાગમનનું પ્રયોજન જણાવે છે. પછી તેઓ હર્ષથી એક યોજન સુધીની ભૂમિ પર સુગંધી પાણીની વૃષ્ટિ કરે છે. તેથી ચારે તરફ ધૂળ ઊડતી બંધ થઈ જાય છે. પછી તેઓ ઘૂંટણ સુધીની પાંચ રંગના પુષ્પોની વૃષ્ટિ કરે છે. પછી તેઓ પ્રભુના ગુણો ગાતી બેસે છે.

ત્યારપછી પૂર્વદિશાના રુચકપર્વત પરથી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે –

(૧) નન્દા (૨) ઉત્તરનન્દા

(૩) આનન્દા (૪) નન્દિવર્ધના

(૫) વિજયા (૬) વૈજયન્તી

(૭) જયન્તી (૮) અપરાજિતા

તિર્ચ્છાલોકમાં અસંખ્ય દ્વીપો-સમુદ્રો છે. તેમાં તેરમો રુચકદ્વીપ છે. તેની મધ્યમાં તેના અભ્યંતરરુચકદ્વીપ અને બાહ્યરુચકદ્વીપ એમ બે વિભાગ કરતો ગોળાકાર રુચકપર્વત છે. રુચકપર્વત પર ચારે દિશામાં ૮-૮ કૂટો (શિખરો) આવેલા છે. દરેક દિશામાં વચ્ચે ૧-૧ સિદ્ધાયતન (શાશ્વત ચૈત્ય) છે. દરેક દિશામાં સિદ્ધાયતનની બન્ને બાજુ ૪-૪ શિખરો આવેલા છે. આ આઠ શિખરો પર દિક્કુમારિકાઓ રહે છે. નન્દા વગેરે આઠ દિક્કુમારિકાઓ રુચકપર્વત પરના પૂર્વ દિશાના આઠ શિખરો ઉપર રહે છે.

આ આઠ દિક્કુમારિકાઓ આવીને માતાજીને અને પુત્રને તે જ રીતે નમીને અને કહીને મંગળો ગાતી જોવા માટે હાથમાં દર્પણ લઈને ઊભી રહે છે.

ત્યારપછી દક્ષિણ દિશાના રુચકપર્વત પરથી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે -

| | |
|---|---|
| (૧) સમાહારા | (૨) સુપ્રદત્તા |
| (૩) સુપ્રવૃદ્ધા (મતાંતરે સુપ્રબુદ્ધા) | (૪) યશોધરા |
| (૫) લક્ષ્મીવતી | (૬) શેષવતી |
| (૭) ચિત્રગુપ્તા | (૮) વસુન્ધરા |

આ આઠ દિક્કુમારિકાઓ રુચકપર્વત પરના દક્ષિણદિશાના આઠ શિખરો ઉપર રહે છે. તેઓ આવીને માતાજીને અને પુત્રને તે જ રીતે નમીને અને કહીને સ્નાન માટે હાથમાં પાણી ભરેલા કળશ લઈને ગીતગાન કરે છે.

ત્યારપછી પશ્ચિમદિશાના રુચકપર્વત પરથી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે -

| | |
|---|---|
| (૧) ઈલાદેવી | (૨) સુરાદેવી |
| (૩) પૃથિવી | (૪) પદ્મવતી |
| (૫) એકનાસા | (૬) નવમિકા |
| (૭) ભદ્રા | (૮) સીતા |

આ આઠ દિક્કુમારિકાઓ રુચકપર્વત પરના પશ્ચિમદિશાના આઠ શિખરો ઉપર રહે છે. તેઓ આવીને માતાજીને અને પુત્રને તેજ રીતે નમીને અને કહીને પવન નાંખવા માટે હાથમાં પંખા લઈને ગીતગાન કરે છે.

ત્યારપછી ઉત્તરદિશાના રુચકપર્વક પરથી આ આઠ દિક્કુમારિકાઓ આવે છે -

| | |
|---|---|
| (૧) અલમ્બુસા | (૨) મિશ્રકેશી (મતાંતરે મિતકેશી) |
| (૩) પુંડરીકા | (૪) વારુણી |
| (૫) હાસા | (૬) સર્વપ્રભા |
| (૭) શ્રી | (૮) હ્રી |

આ આઠ દિક્કુમારિકાઓ રુચકપર્વત પરના ઉત્તરદિશાના આઠ કૂટો ઉપર રહે છે. તેઓ આવીને માતાજીને અને પુત્રને તે જ રીતે નમીને અને કહીને હાથમાં ચામર લઈને વીંઝે છે અને ગીતગાન કરે છે.

ત્યારપછી વિદિશાના રુચકપર્વક પરથી આ ચાર દિક્કુમારિકાઓ આવે છે દ્ર

(૧) ચિત્રા (૨) ચિત્રકનકા

(૩) સતેરા (૪) સૌત્રામણી (મતાંતરે વસુદામિની)

રુચકપર્વક પર ચારે વિદિશામાં ૧-૧ શિખર આવેલ છે. આ ચાર દિક્કુમારિકાઓ તે ચાર શિખરો ઉપર રહે છે. તેઓ આવીને માતાજીને અને પુત્રને તે જ રીતે નમીને અને કહીને હાથમાં દીવો લઈને ગીતગાન કરે છે.

ત્યારપછી અભ્યંતરરુચકદ્વીપમાંથી આ ચાર દિક્કુમારિકાઓ આવે છે દ્ર

(૧) રૂપા (૨) રૂપાસિકા

(૩) સુરૂપા (૪) રૂપકાવતી

તેઓ આવીને માતાજીને અને પુત્રને તે જ રીતે નમીને અને કહીને પુત્રની ૪ આંગળ સિવાયની નાભિની નાળને છેદે છે અને ખાડો ખોદીને તેમાં નાંખી દે છે. પછી તેઓ તે ખાડાને હીરા, વૈડૂર્ય, રત્નોથી પૂરી દે છે. પછી તેઓ તેની ઉપર પીઠિકા બાંધે છે. પછી તેઓ તે પીઠિકાને ઘાસથી બાંધે છે. પછી તેઓ પ્રભુના જન્મગૃહથી પૂર્વમાં, દક્ષિણમાં અને ઉત્તરમાં કેળના ત્રણ ઘર બનાવે છે. તે દરેકમાં ૧-૧ સિંહાસન હોય છે. પહેલા તેઓ દક્ષિણના કેળઘરમાં માતાજીને અને પુત્રને લઈ જઈને સિંહાસન પર બેસાડીને બન્નેને લક્ષપાક તેલથી માલિશ કરે છે. પછી તેઓ બન્નેને પૂર્વના કેળઘરમાં લઈ જઈને સિંહાસન પર બેસાડીને સુગંધી પાણીથી સ્નાન કરાવે છે. પછી તેઓ ગંધકાષાયી વસ્ત્રોથી તેમનું શરીર લૂછીને ચંદનનું વિલેપન કરે છે. પછી તેઓ તેમને સુંદર વસ્ત્રો અને અલંકારો પહેરાવે છે. પછી તેઓ માતાજીને અને પુત્રને ઉત્તરના કેળઘરમાં લઈ જઈને સિંહાસન પર બેસાડે છે. તેઓ આભિયોગિકદેવો પાસે લઘુહિમવંતપર્વત પરથી ચંદનના લાકડા મંગાવે છે. અરણિકાષ્ઠ દ્વારા અગ્નિ પ્રગટાવીને તેઓ તેમાં તે લાકડાનો

હોમ કરે છે. તેની રાખથી તેઓ રક્ષાપોટલી બનાવે છે. શાકિની વગેરેનો દૃષ્ટિદોષ ન લાગે તે માટે તેઓ તે રક્ષાપોટલી માતાજીને અને પુત્રને બાંધે છે. પછી તેઓ પ્રભુ પાસે આવીને કાનમાં કહે છે કે, 'આપ પર્વતના આયુષ્ય જેટલા આયુષ્યવાળા થાવ.' આમ કહીને તેઓ પથ્થરના બે ગોળાઓ અફળાવે છે. પછી તેઓ માતાજીને અને પુત્રને પાછા શય્યામાં મૂકીને પોતપોતાની દિશામાં ઊભી રહીને ગીતગાન કરે છે.

આ રીતે ૫૬ દિક્કુમારિકાઓ સૂતિકર્મ કરે છે.

### ♦ ૬૪ ઈન્દ્રો વડે કરાતો પ્રભુનો જન્મોત્સવ ♦

પ્રભુના જન્મ વખતે સૌધર્મેન્દ્રનું સિંહાસન કંપે છે. તે અવધિજ્ઞાનથી જાણે છે કે, 'પ્રભુનો જન્મ થયો છે.' તે પાયદળના સેનાપતિ હરિણૈગમેષીદેવને બોલાવીને કહે છે, 'પ્રભુના જન્મકલ્યાણકને ઊજવવા આપણે મેરુપર્વત પર જવાનું છે. તે માટે બધા દેવોને બોલાવો.' હરિણૈગમેષીદેવ સુઘોષા ઘંટ વગાડે છે. તેથી બધા વિમાનોના ઘંટ વાગે છે. બધા દેવો સાવધાન બને છે. હરિણૈગમેષીદેવ બધા દેવોને સૌધર્મેન્દ્રનો આદેશ જણાવે છે. બધા દેવો સૌધર્મેન્દ્રની પાસે આવી જાય છે.

સૌધર્મેન્દ્ર પાલકદેવ પાસે એક લાખ યોજન લાંબું-પહોળું અને ૫૦૦ યોજન ઊંચું પાલક વિમાન બનાવડાવે છે. તેમાં વચ્ચે ઈન્દ્રનું સિંહાસન હોય છે. તેની આગળ ઈન્દ્રાણીઓના ૮ ભદ્રાસનો હોય છે. ડાબી બાજુ સામાનિકોના ૮૪,૦૦૦ ભદ્રાસનો હોય છે. જમણી બાજુ અભ્યંતરપર્ષદાના દેવોના ૧૨,૦૦૦ ભદ્રાસનો, મધ્યમપર્ષદાના દેવોના ૧૪,૦૦૦ ભદ્રાસનો અને બાહ્યપર્ષદાના દેવોના ૧૬,૦૦૦ ભદ્રાસનો હોય છે. પાછળ સાત સેનાપતિના સાત ભદ્રાસનો હોય છે. ચારે દિશામાં દરેકમાં આત્મરક્ષકદેવોના ૮૪,૦૦૦ ભદ્રાસનો હોય છે. સૌધર્મેન્દ્ર પોતાના પરિવાર સાથે તે વિમાનમાં બેસે છે અને પૃથ્વીતલ તરફ પ્રયાણ કરે છે. અન્ય દેવો પોતપોતાના વિમાનોમાં બેસીને પૃથ્વીતલ તરફ આવે છે. નન્દીશ્વરદ્વીપમાં વિમાનનો સંક્ષેપ કરીને સૌધર્મેન્દ્ર પ્રભુના જન્મભવન પાસે આવે છે.

સૌધર્મેન્દ્ર વિમાનમાં બેઠા બેઠા જ વિમાન સહિત પ્રભુના જન્મભવનને

ત્રણ પ્રદક્ષિણા આપે છે. પછી ઈશાનખૂણામાં વિમાનને મૂકીને તે પ્રભુના જન્મભવનમાં પ્રવેશે છે.

માતાજીને અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કરીને સૌધર્મેન્દ્ર કહે છે, 'હે રત્નકુક્ષિ માતા ! હું સૌધર્મેન્દ્ર છું. હું પહેલા દેવલોકમાંથી પ્રભુનો જન્મોત્સવ કરવા માટે અહીં આવ્યો છું. હું પ્રભુનો જન્મોત્સવ કરીશ. માટે તમારે ડરવું નહીં.'

આમ કહીને તે માતાજીને અવસ્વાપિની નિદ્રા આપે છે. પછી તે માતાજીની પાસે પ્રભુનું પ્રતિબિંબ મૂકે છે. સૌધર્મેન્દ્ર પ્રભુને મેરુપર્વત પર લઈ જવાના છે. ત્યારે કોઈ દુષ્ટ દેવ આવીને માતાજીને આપેલી અવસ્વાપિની નિદ્રા હરી લે તો પુત્ર ન દેખાતાં માતાજી આકુળવ્યાકુળ થઈ જાય. અથવા તે વખતે સ્વજનો આવે અને બાળક ન દેખાતાં શોકાતુર થઈ જાય. આવું ન થાય તે માટે પ્રભુનું પ્રતિબિંબ મૂકાય છે.

ત્યારપછી સૌધર્મેન્દ્ર પ્રભુને હાથમાં લે છે. તે પોતે પાંચ રૂપ બનાવે છે. એક રૂપથી તે પ્રભુને ગ્રહણ કરે છે, બે રૂપોથી આજુબાજુ ચામર ઢાળે છે, એક રૂપથી છત્ર ધરે છે, એક રૂપથી આગળ વજ્ર ધરે છે. આ રીતે સૌધર્મેન્દ્ર પાંચ રૂપો બનાવીને પ્રભુજીને લઈને મેરુપર્વત પર જાય છે. મેરુપર્વતના શિખર પર રહેલ પાંડકવનમાં અભિષેકશિલાઓ છે. સૌધર્મેન્દ્ર પ્રભુને ખોળામાં લઈને તે શિલાઓ ઉપર રહેલા સિંહાસન પર બેસે છે.

પાંડકવનમાં ચારે દિશામાં ૧-૧ અભિષેકશિલા છે. તે આ પ્રમાણે દ્ર

| **દિશા** | **અભિષેકશિલાનું નામ** |
|---|---|
| પૂર્વ | પાંડુશિલા (મતાંતરે પાંડુકંબલા) |
| દક્ષિણ | પાંડુકંબલા (મતાંતરે અતિપાંડુકંબલા) |
| પશ્ચિમ | રક્તશિલા (મતાંતરે રક્તકંબલા) |
| ઉત્તર | રક્તકંબલા (મતાંતરે અતિરક્તકંબલા) |

આ શિલાઓ અર્ધચન્દ્રના આકારની છે. તેમનો ગોળાઈવાળો ભાગ અંદરની બાજુ હોય છે અને સીધો ભાગ બહારની બાજુ હોય છે. ઉત્તર-

દક્ષિણની શિલાઓ ઉત્તર-દક્ષિણ પહોળી અને પૂર્વ-પશ્ચિમ લાંબી છે, પૂર્વ-પશ્ચિમની શિલાઓ પૂર્વ-પશ્ચિમ પહોળી અને ઉત્તર-દક્ષિણ લાંબી છે. ઉત્તર-દક્ષિણની શિલાઓ ઉપર ૧-૧ સિંહાસન છે. પૂર્વ-પશ્ચિમની શિલાઓ ઉપર ૨-૨ સિંહાસનો છે - ૧ ઉત્તરમાં અને ૧ દક્ષિણમાં. ભરતક્ષેત્રમાં જન્મેલા પ્રભુનો અભિષેક દક્ષિણની શિલાના સિંહાસન પર થાય છે. ઐરવતક્ષેત્રમાં જન્મેલા પ્રભુનો અભિષેક ઉત્તરની શિલાના સિંહાસન પર થાય છે. પૂર્વ-ઉત્તર મહાવિદેહક્ષેત્રની વિજયોમાં જન્મેલા પ્રભુનો અભિષેક પૂર્વની શિલાના ઉત્તર તરફના સિંહાસન પર થાય છે. પૂર્વ-દક્ષિણ મહાવિદેહક્ષેત્રની વિજયોમાં જન્મેલા પ્રભુનો અભિષેક પૂર્વની શિલાના દક્ષિણ તરફના સિંહાસન ઉપર થાય છે. પશ્ચિમ-દક્ષિણ મહાવિદેહક્ષેત્રની વિજયોમાં જન્મેલા પ્રભુનો અભિષેક પશ્ચિમની શિલાના દક્ષિણ તરફના સિંહાસન ઉપર થાય છે. પશ્ચિમ-ઉત્તર મહાવિદેહક્ષેત્રની વિજયોમાં જન્મેલા પ્રભુનો અભિષેક પશ્ચિમની શિલાના ઉત્તર તરફના સિંહાસન ઉપર થાય છે.

પ્રભુના જન્મ વખતે બાકીના ૬૩ ઈન્દ્રોના સિંહાસનો પણ કંપે છે. તેઓ પણ સૌધર્મેન્દ્રની જેમ પોતાના પાયદળના સેનાપતિ દ્વારા બધા દેવોને પ્રભુના જન્મોત્સવને ઊજવવા જવા માટેનો આદેશ જણાવે છે. તે ઈન્દ્રો અને દેવો પોતપોતાના વિમાનમાં બેસીને પૃથ્વીતલ પર આવે છે. નન્દીશ્વરદ્વીપમાં જઈને વિમાનોને સંક્ષેપીને તેઓ મેરુપર્વત પર આવે છે.

૧૦ વૈમાનિક ઈન્દ્રો, ૨૦ ભવનપતિના ઈન્દ્રો, ૩૨ વ્યન્તરોના ઈન્દ્રો, સૂર્યેન્દ્ર અને ચન્દ્રેન્દ્ર એમ ૬૪ ઈન્દ્રો પ્રભુનો જન્મોત્સવ કરવા મેરુપર્વત પર આવે છે. જો કે સૂર્યેન્દ્ર અસંખ્ય છે અને ચન્દ્રેન્દ્ર પણ અસંખ્ય છે, છતાં બધા સૂર્યેન્દ્રોની ૧ જાતિ ગણીને અને બધા ચન્દ્રેન્દ્રોની ૧ જાતિ ગણીને સૂર્યેન્દ્ર અને ચન્દ્રેન્દ્ર ૧-૧ કહ્યા છે. એટલે હકીકતમાં તો મેરુપર્વત પર પ્રભુનો જન્મોત્સવ કરવા માટે અસંખ્ય ઈન્દ્રો આવે છે.

અચ્યુતેન્દ્ર આભિયોગિકદેવો પાસે પ્રભુના જન્માભિષેક માટેના ઉપકરણો મંગાવે છે. તેઓ આઠ પ્રકારના કળશો બનાવે છે. તે આ પ્રમાણે -

| | |
|---|---|
| (૧) સોનાના | (૨) ચાંદીના |
| (૩) રત્નના | (૪) સોના-ચાંદીના |
| (૫) સોના-રત્નના | (૬) ચાંદી-રત્નના |
| (૭) સોના-ચાંદી-રત્નના | (૮) માટીના |

આ દરેક પ્રકારના કળશોના ૧૦૦૮-૧૦૦૮ નંગ તેઓ બનાવે છે. આ કળશો ૨૫ યોજન ઊંચા અને ૧૨ યોજન પહોળા હોય છે. તેમનું નાળચું ૧ યોજન પહોળું હોય છે.

આભિયોગિક દેવો દર્પણ, રત્નના કરંડિયા, મોટા થાળ, નાના થાળ, થાળી, પુષ્પચંગેરીઓ વગેરે પૂજાની સામગ્રી બનાવે છે. તેઓ આ દરેક પ્રકારના ઉપકરણો કળશની જેમ ૮-૮ પ્રકારના બનાવે છે અને દરેક પ્રકારના ૧૦૦૮-૧૦૦૮ નંગ બનાવે છે. તેઓ ક્ષીરસમુદ્ર, પુષ્કરવરસમુદ્ર વગેરેમાંથી પાણી અને કમળો લાવે છે. તેઓ માગધ વગેરે તીર્થોમાંથી માટી લાવે છે. તેઓ ગંગાનદી વગેરે નદીઓમાંથી પાણી લાવે છે. તેઓ લઘુહિમવંતપર્વત વગેરે પર્વત પરથી સરસવો, પુષ્પો, સુગંધીઓ લાવે છે. તેઓ પદ્મસરોવરમાંથી પાણી અને કમળો લાવે છે. તેઓ વર્ષધરપર્વતો, વૈતાઢ્યપર્વતો, વિજયોમાંથી પાણી અને કમળો લાવે છે. તેઓ વક્ષસ્કારપર્વતો પરથી સુગંધીદ્રવ્યો લાવે છે. તેઓ દેવકુરુ-ઉત્તરકુરુમાંથી પાણી લાવે છે. તેઓ ભદ્રશાલવન, નંદનવન, સૌમનસવન, પાંડકવનમાંથી તુવેર, ગોશીર્ષચંદન વગેરે લાવે છે.

સૌથી પહેલા અચ્યુતેન્દ્ર પ્રભુનો અભિષેક કરે છે. ત્યારે બાકીના ઈન્દ્રો અને દેવો વિવિધ પ્રકારના આયુધો હાથમાં લઈને પ્રભુની સેવામાં ઊભા રહે છે. કેટલાક દેવો ચામર વીંઝે છે. કેટલાક દેવો છત્ર ધરે છે. કેટલાક દેવો ધૂપ કરે છે. કેટલાક દેવો નૃત્ય કરે છે. કેટલાક દેવો વાજિંત્ર વગાડે છે. કેટલાક દેવો ગીત ગાય છે. કેટલાક દેવો ગર્જના કરે છે. કેટલાક દેવો વૃષ્ટિ કરે છે. કેટલાક દેવો વીજળીના ચમકારા કરે છે. કેટલાક દેવો પુષ્પ-અલંકાર-વસ્ત્રની વૃષ્ટિ કરે છે. કેટલાક દેવો બાળકોને વિસ્મય પમાડે તેવી ચેષ્ટાઓ કરે છે.

અભિષેક કર્યા પછી અચ્યુતેન્દ્ર ગન્ધકાષાયી વસ્ત્રથી પ્રભુના શરીરને લૂછે છે. ત્યારપછી તે પ્રભુને ગોશીર્ષચંદનનું વિલેપન કરે છે. ત્યારપછી તે પુષ્પો ચડાવે છે, ધૂપ ઉખેવે છે, આરતી-મંગળદીવો કરે છે, રત્નના પાટલા પર ચાંદીના અક્ષતથી અષ્ટમંગલનું આલેખન કરે છે, નૃત્ય કરે છે અને સ્તુતિ કરે છે.

ક્રમશઃ બાકીના ૬૨ ઈન્દ્રો પણ આ જ રીતે પ્રભુનો અભિષેક, પૂજા અને સ્તુતિ કરે છે.

ત્યારપછી ઈશાનેન્દ્ર સૌધર્મેન્દ્રની જેમ પાંચ રૂપ બનાવીને સૌધર્મેન્દ્ર પાસેથી પ્રભુને લઈને ખોળામાં રાખીને સિંહાસન પર બેસે છે. સૌધર્મેન્દ્ર ચાર બળદના રૂપો વિકુર્વે છે. તેમના આઠ શિંગડામાંથી પાણીની ધારા વરસાવીને તે પ્રભુનો અભિષેક કરે છે. પછી તે દિવ્યવસ્ત્રથી પ્રભુનું શરીર લૂછે છે. ત્યારપછી તે પ્રભુને ગોશીર્ષચંદનથી વિલેપન કરે છે, પુષ્પોથી પૂજે છે, દિવ્યવસ્ત્ર પહેરાવે છે, મુગટ અને અલંકારો પહેરાવે છે. ત્યારપછી તે આરતી-મંગળદીવો કરે છે. ત્યારપછી તે રત્નના પાટલા પર ચાંદીના ચોખાથી અષ્ટમંગળનું આલેખન કરે છે. ત્યારપછી તે પ્રભુની સ્તવના કરે છે.

મેરુપર્વત પર આ રીતે ૧,૬૦,૦૦,૦૦૦ અભિષેક થાય છે. તે આ પ્રમાણે - ૮ પ્રકારના કળશો છે. દરેક પ્રકારના ૧,૦૦૦-૧,૦૦૦ નંગ છે. (અહીં બાકીના ૮-૮ કળશોની વિવક્ષા કરી નથી.) તેથી ૮ x ૧,૦૦૦ = ૮,૦૦૦ કળશો છે. દરેક કળશથી ૮ વાર અભિષેક થાય છે. તેથી ૮,૦૦૦ x ૮ = ૬૪,૦૦૦ અભિષેક થાય છે. આવા ૨૫૦ અભિષેક થાય છે. તેથી ૨૫૦ x ૬૪,૦૦૦ = ૧,૬૦,૦૦,૦૦૦ અભિષેક થાય છે. ૨૫૦ અભિષેક આ પ્રમાણે છે -

| **કોના ?** | **કેટલા અભિષેક ?** |
|---|---|
| ઈન્દ્રોના | ૬૨ |
| ચન્દ્રેન્દ્ર - સૂર્યેન્દ્રના | ૧૩૨ |
| સામાનિકોનો | ૧ |

| કોના ? | કેટલા અભિષેક ? |
|---|---|
| ત્રાયસ્ત્રિંશદેવોના | ૩૩ |
| પર્ષદાના દેવોના | ૩ |
| આત્મરક્ષક દેવોનો | ૧ |
| લોકપાલના | ૪ |
| સેનાપતિના | ૭ |
| ઈન્દ્રાણીઓના | ૫ |
| આભિયોગિક દેવોનો | ૧ |
| છુટાછવાયા દેવોનો | ૧ |
| કુલ | ૨૫૦ |

આ રીતે બધા અભિષેકો પૂર્ણ થયા પછી સૌધર્મેન્દ્ર ઈશાનેન્દ્રના ખોળામાંથી પ્રભુને લઈને પ્રભુના જન્મગૃહમાં આવે છે. તે પ્રભુને માતાજીની બાજુમાં મૂકે છે. માતાજીની બાજુમાં મૂકેલ પ્રભુનું પ્રતિબિંબ અને માતાજીને આપેલી અવસ્વાપિની નિદ્રા તે સંહરી લે છે. તે પ્રભુના ઓશીકા પાસે બે કુંડલ, બે વસ્ત્રો, પુષ્પમાળા, રત્નોની માળા અને સોનાનો દડો મૂકે છે. તેની આજ્ઞાથી કુબેર જૃંભકદેવો પાસે ૩૨ કરોડ સોના-ચાંદી-રત્નની વૃષ્ટિ કરાવે છે. સૌધર્મેન્દ્ર આભિયોગિકદેવો પાસે ઘોષણા કરાવે છે, 'પ્રભુનું અને પ્રભુની માતાનું જે કોઈ અશુભ વિચારશે, આર્જકવૃક્ષની મંજરીની જેમ તેના માથાના સાત ટુકડા થઈ જશે.' ત્યારપછી સૌધર્મેન્દ્ર પ્રભુના અંગુઠામાં અમૃતનો સંચાર કરે છે. બાળપણમાં ભૂખ લાગે ત્યારે પ્રભુ મુખમાં તે અંગુઠો નાખીને અમૃતપાન કરે છે અને ભૂખને શમાવે છે. ત્યારપછી સૌધર્મેન્દ્ર પાંચ દેવીઓને પ્રભુની ધાવમાતા બનવાનો આદેશ કરે છે. તે પાંચ ધાવમાતાઓ આ પ્રમાણે હોય છે -

(૧) **ક્ષીરધાત્રી** - તે બાળકને સ્તનપાન કરાવે છે. પ્રભુને આ ધાત્રી અંગુષ્ઠપાન કરાવે છે.

(૨) **મજ્જનધાત્રી** - તે બાળકને સ્નાન વગેરે કરાવે છે.

(૩) **મંડનધાત્રી** - તે બાળકને વસ્ત્રો અને અલંકારોથી વિભૂષિત કરે છે.

(૪) **ક્રીડાપનધાત્રી** - તે બાળકને ખુશ કરવા તેને રમાડે છે.

(૫) **અંકધાત્રી** - તે બાળકને હંમેશા ખોળામાં રાખે છે.

પ્રભુના જન્મોત્સવને ઊજવ્યાનો આનંદ હજી દેવતાઓના ઉરમાં સમાતો નથી. તેથી તે આનંદને માણવા પ્રભુના જન્મમહોત્સવની ઉજવણીની ખુશાલીમાં બધા દેવો નન્દીશ્વરદ્વીપમાં જાય છે અને અષ્ટાહ્નિકા મહોત્સવ કરે છે. ત્યારપછી તેઓ પોતપોતાના દેવલોકમાં પાછા જાય છે.

મેરુપર્વતથી દક્ષિણ તરફના ક્ષેત્રો-વિજયોમાં જન્મેલા તીર્થંકરપ્રભુનો જન્મોત્સવ કરવા સૌધર્મેન્દ્ર પાંચ રૂપો બનાવીને પ્રભુને મેરુપર્વત પર લઈ જાય છે. તે પાંડકવનની અભિષેકશિલા પરના સિંહાસન પર ખોળામાં પ્રભુને લઈને બેસે છે. સૌપ્રથમ અભિષેક અચ્યુતેન્દ્ર કરે છે. પછી ક્રમશઃ બાકીના ઈન્દ્રો અભિષેક કરે છે. અંતે ઈશાનેન્દ્ર પાંચ રૂપ બનાવીને પ્રભુને ખોળામાં લઈને સિંહાસન પર બેસે છે. છેલ્લે સૌધર્મેન્દ્ર અભિષેક કરે છે.

મેરુપર્વતથી ઉત્તર તરફના ક્ષેત્રો-વિજયોમાં જન્મેલા તીર્થંકરપ્રભુનો જન્મોત્સવ કરવા ઈશાનેન્દ્ર પાંચ રૂપો બનાવીને પ્રભુને મેરુપર્વત પર લઈ જાય છે. તે પાંડકવનની અભિષેકશિલા પરના સિંહાસન પર ખોળામાં પ્રભુને લઈને બેસે છે. સૌપ્રથમ અભિષેક અચ્યુતેન્દ્ર કરે છે. પછી ક્રમશઃ બાકીના ઈન્દ્રો અભિષેક કરે છે. અંતે સૌધર્મેન્દ્ર પાંચ રૂપ બનાવીને પ્રભુને ખોળામાં લઈને સિંહાસન પર બેસે છે. છેલ્લે ઈશાનેન્દ્ર અભિષેક કરે છે.

આમ દેવોએ કરેલો પ્રભુનો જન્મોત્સવ પૂર્ણ થાય છે.

### ♦ પ્રભુના પિતાજીએ કરેલ પ્રભુનો જન્મોત્સવ ♦

પ્રભુનો જન્મ થતાંની સાથે પ્રિયંવદાદાસી પ્રભુના પિતાજીને પુત્રજન્મની વધામણી આપે છે. તે સાંભળીને પ્રભુના પિતાજીના હૈયામાં આનંદ સમાતો નથી. તેમની રોમરાજી વિકસિત થઈ જાય છે. તેઓ પુત્રજન્મની વધામણી

મળ્યાની ખુશાલીમાં પોતાના શરીર પર રહેલા મુગટ સિવાયના બધા અલંકારો તે દાસીને ભેટ આપે છે. તેથી તેણીનું દાસપણું દૂર થાય છે.

સવાર પડે છે અને પ્રભુના પિતાજી પુત્રના જન્મનો દસ દિવસનો મહોત્સવ કરે છે. તે મહોત્સવની ઉજવણી આ રીતે થાય છે -

(૧) બંદીઓને કેદખાનામાંથી છોડી દેવાય છે.

(૨) માન અને ઉન્માનની વૃદ્ધિ કરાય છે. (માન = અનાજ વગેરે માપવાનું માપ-પાલી વગેરે. ઉન્માન = ત્રાજવામાં તોલવું.)

(૩) નગરને સુશોભિત કરાય છે.

(૪) નટો, નૃત્ય કરનારા, દોરડા પર ખેલ કરનારા, મલ્લો, વિદૂષકો, કૂદકા મારનારા, કથા કરનારા, સૂક્તિઓ બોલનારા, રાસડા લેનારા, વાંસ પર ચડીને ખેલ કરનારા, વીણા વગાડનારા વગેરેને બોલાવાય છે.

(૫) ખેતર ખેડવું, ખાંડવું, દળવું વગેરેનો નિષેધ કરાય છે.

(૬) વેચાતાં કરિયાણા ઉપર 'દાણ' લેવાતું નથી.

(૭) ગાય વગેરેનો વાર્ષિક કર લેવાતો નથી.

(૮) દુકાનોમાંથી જેને જે જોઈએ તે વિના મૂલ્યે લઈ લે છે, રાજા તે વસ્તુઓનું મૂલ્ય ચૂકવી દે છે.

(૯) ખરીદવાનો અને વેચવાનો નિષેધ કરાય છે.

(૧૦) રાજપુરુષો કોઈના ઘરમાં પેસતાં નથી.

(૧૧) રાજપુરુષો દંડરૂપે કોઈનું ધન લેતાં નથી.

(૧૨) બધાનું દેવું રાજા ચૂકવી દે છે.

(૧૩) સતત નાટક, નૃત્ય, સંગીત વગેરે ચાલતાં હોય છે.

(૧૪) લોકો આનંદકિલ્લોલ કરે છે.

(૧૫) પૂજા-પૂજનો વગેરે કરાય છે.

(૧૬) પ્રભુના પિતાજી લોકો વડે અપાતાં વધામણા સ્વીકારે છે અને સામે પહેરામણીઓ આપે છે.

(૧૭) પ્રભુના પિતાજી યાચકોને દાન આપીને તેમના મનોરથો પૂરે છે.

(૧૮) ત્રીજા દિવસે માતાને અને પુત્રને ગૃહસ્થગુરુ મન્ત્રોચ્ચારપૂર્વક ચન્દ્ર અને સૂર્યના દર્શન કરાવે છે.

(૧૯) છટ્ઠા દિવસે ધર્મજાગરિકા કરાય છે.

(૨૦) બારમા દિવસે બધાને જમાડીને માતા-પિતા પુત્રનું તેના ગુણને અનુરૂપ નામ પાડે છે.

આમ પ્રભુના પિતાએ કરેલ જન્મોત્સવ પૂર્ણ થાય છે.

આ રીતે પ્રભુનું જન્મકલ્યાણક ઊજવાય છે.

## ♦ જન્મકલ્યાણકની તિથિઓ ♦

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલ ૨૪ ભગવાનના જન્મ-કલ્યાણકોની તિથિઓ નીચેના કોઠામાં દર્શાવી છે -

| ક્રમાંક | ભગવાનનું નામ | જન્મકલ્યાણકની તિથિ |
|---|---|---|
| ૧ | ઋષભદેવ | ફાગણ વદ ૮ |
| ૨ | અજિતનાથ | મહા સુદ ૮ |
| ૩ | સંભવનાથ | માગસર સુદ ૧૪ |
| ૪ | અભિનંદનસ્વામી | મહા સુદ ૨ |
| ૫ | સુમતિનાથ | વૈશાખ સુદ ૮ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | આસો વદ ૧૨ |
| ૭ | સુપાર્શ્વનાથ | જેઠ સુદ ૧૨ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | માગસર વદ ૧૨ |
| ૯ | સુવિધિનાથ | કારતક વદ ૫ |
| ૧૦ | શીતલનાથ | પોષ વદ ૧૨ |
| ૧૧ | શ્રેયાંસનાથ | મહા વદ ૧૨ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | મહા વદ ૧૪ |
| ૧૩ | વિમલનાથ | મહા સુદ ૩ |

| ક્રમાંક | ભગવાનનું નામ | જન્મકલ્યાણકની તિથિ |
|---|---|---|
| ૧૪ | અનંતનાથ | ચૈત્ર વદ ૧૩ |
| ૧૫ | ધર્મનાથ | મહા સુદ ૩ |
| ૧૬ | શાન્તિનાથ | વૈશાખ વદ ૧૩ |
| ૧૭ | કુંથુનાથ | ચૈત્ર વદ ૧૪ |
| ૧૮ | અરનાથ | માગસર સુદ ૧૦ |
| ૧૯ | મલ્લિનાથ | માગસર સુદ ૧૧ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | વૈશાખ વદ ૮ |
| ૨૧ | નમિનાથ | અષાઢ વદ ૮ |
| ૨૨ | નેમિનાથ | શ્રાવણ સુદ ૫ |
| ૨૩ | પાર્શ્વનાથ | માગસર વદ ૧૦ |
| ૨૪ | મહાવીરસ્વામી | ચૈત્ર સુદ ૧૩ |

* * * * *

**હે પ્રભુ !** ભયંકર કર્મરોગોથી પીડાતાં જીવો માટે આપ વૈદ્ય સમાન છો.

**હે વિભુ !** જેમ મરુભૂમિના મુસાફરોને પાણી પીવા છતાં તૃપ્તિ થતી નથી તેમ આપના દર્શનરૂપી અમૃતનું પાન કરતાં અમને તૃપ્તિ થતી નથી.

**હે જગત્પતિ !** જેમ સારથિ રથને યોગ્ય માર્ગે લઈ જાય છે, જેમ ખલાસી નાવડીને યોગ્ય માર્ગે લઈ જાય છે તેમ આપ જીવોને સન્માર્ગે લઈ જાવ.

**હે નાથ !** આપ બધા જીવોના અંતરાત્મા છો, નહીંતર શા માટે આપ તેમના મોક્ષસુખ માટે પ્રયત્ન કરો.

**હે ભગવાન્ !** કષાયરૂપી મેલને દૂર કરીને કરુણારૂપી પાણીથી સ્નાન કરીને આપ જ ખરેખર વિશુદ્ધ થયા છો.

## ❑ દીક્ષાકલ્યાણક ❑

• **પ્રભુના દીક્ષાકલ્યાણક વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ –**

**♦ નવ લોકાંતિકદેવો સંયમગ્રહણ માટે પ્રભુને વિનંતિ કરે છે ♦**

પ્રભુ યૌવનમાં પ્રવેશે છે ત્યારે અવધિજ્ઞાનથી પોતાના દીક્ષાસમયને નજીકમાં જાણે છે. તે જ વખતે પાંચમા બ્રહ્મલોક દેવલોકના ત્રીજા રિષ્ટ પ્રતરમાં રહેનારા નવ લોકાંતિક દેવો પોતાના શાશ્વત આચારનું પાલન કરવા પ્રભુ પાસે આવીને વિનંતિ કરે છે, 'પ્રભુ ! આપ ચારિત્ર લઈને ધર્મતીર્થની સ્થાપના કરો. તે ધર્મતીર્થ સર્વલોકમાં બધા જીવોને માટે હિત કરનારું, સુખ કરનારું અને મોક્ષને કરનારું થશે. હે નન્દ ! આપનો જય થાઓ, હે ભદ્ર ! આપનો જય થાઓ.'

નવ લોકાંતિકદેવોના નામો આ પ્રમાણે છે д

| | | |
|---|---|---|
| (૧) સારસ્વત | (૨) આદિત્ય | (૩) વહ્નિ |
| (૪) વરુણ | (૫) ગર્દતોય | (૬) ત્રુટિત |
| (૭) અવ્યાબાધ | (૮) આગ્નેય | (૯) રિષ્ટ. |

**♦ પ્રભુનું વર્ષીદાન ♦**

પ્રભુ દીક્ષા માટે માતા, પિતા, વડીલબંધુ વગેરેની અનુમતિ મેળવીને ત્યારથી વર્ષીદાન દેવાની શરૂઆત કરે છે. 'જેને જે જોઈએ તે માંગો.' એવી ઘોષણાપૂર્વક પ્રભુ વર્ષીદાન આપે છે. જે વ્યક્તિ જે માંગે છે તેને તેના પુણ્યાનુસાર તે મળે છે. ઈન્દ્રના આદેશથી કુબેર જૃંભકદેવો પાસે પ્રભુનો ભંડાર ભરેલો રખાવે છે. એક વર્ષ સુધી દરરોજ સવારે સૂર્યોદયથી એક પ્રહર સુધી પ્રભુ વર્ષીદાનમાં ૧,૦૮,૦૦,૦૦૦ સોનૈયાનું દાન કરે છે. આમ એક વર્ષમાં પ્રભુ ૩,૮૮,૮૦,૦૦,૦૦૦ સોનૈયાનું દાન કરે છે. આટલા દાન ઉપરાંત પ્રભુ બીજું પણ હાથી, ઘોડા, આભૂષણો, વસ્ત્રો વગેરે લોકોની ઈચ્છા પ્રમાણે આપે છે. પ્રભુ પોતાના સેવકો પાસે રસોડા શરૂ કરાવીને ગરીબોને પૂરતાં પ્રમાણમાં અન્ન-પાણી વગેરે પણ આપે છે. પ્રભુના વાર્ષિકદાનના ૬ અતિશયો હોય છે. (જુઓ પરિશિષ્ટ ૧)

## ♦ પ્રભુનું અંતિમ સ્નાન ♦

આમ એક વર્ષ પૂર્ણ થાય છે. પ્રભુનો દીક્ષાદિવસ આવે છે. પ્રભુના દીક્ષાકલ્યાણકની ઉજવણી કરવા ૬૪ ઈન્દ્રો પોતપોતાના પરિવાર સાથે પ્રભુના મહેલ પાસે આવે છે. રાજા અને ઈન્દ્રો આઠ પ્રકારના કળશો બનાવડાવે છે. તે આ પ્રમાણે -

(૧) સોનાના (૨) ચાંદીના
(૩) રત્નના (૪) સોના-ચાંદીના
(૫) સોના-રત્નના (૬) ચાંદી-રત્નના
(૭) સોના-ચાંદી-રત્નના (૮) માટીના

આ દરેક પ્રકારના કળશોના ૧૦૦૮-૧૦૦૮ નંગ બનાવડાવે છે. ઈન્દ્રો આભિયોગિકદેવો પાસે બીજી બધી સામગ્રી પણ મંગાવે છે. ૬૪ ઈન્દ્રો ક્ષીરસમુદ્રના પાણી, તીર્થોની માટી વગેરેથી પ્રભુનો અભિષેક કરે છે. દેવોએ બનાવેલા કળશો દિવ્યપ્રભાવથી રાજાએ બનાવેલા કળશોમાં પ્રવેશી જાય છે. તેથી રાજાએ બનાવેલા કળશો ખૂબ શોભી ઊઠે છે. રાજા પ્રભુને સિંહાસન પર પૂર્વાભિમુખ બેસાડે છે. ત્યારપછી દેવોએ લાવેલ ક્ષીરસમુદ્રના પાણી, તીર્થોની માટી વગેરેથી તે પ્રભુનો અભિષેક કરે છે. ત્યારે બધા ઈન્દ્રો હાથમાં કળશ લઈને જયજયકાર કરે છે. ત્યારપછી ઈન્દ્રો ગન્ધકાષાયી વસ્ત્રથી પ્રભુનું શરીર લૂછે છે. ત્યારપછી તેઓ પ્રભુને ચંદનનું વિલેપન કરે છે. ત્યારપછી તેઓ કલ્પવૃક્ષના પુષ્પોની સુંદર માળા પ્રભુના ગળામાં પહેરાવે છે. તેઓ સોનાજડિત આંચલવાળા, લાખ સોનામહોરના મૂલ્યવાળા, દશીવાળા, ઉજ્જ્વળ, સફેદ વસ્ત્રો પ્રભુને પહેરાવે છે. તેઓ પ્રભુને હાર, બાજુબંધ, કડા, કુંડલ વગેરે અલંકારો પહેરાવે છે.

## ♦ પ્રભુની શિબિકા ♦

સ્વજનો સેંકડો થાંભલાવાળી, મણિ-સોનાથી શોભતી એવી શિબિકા બનાવડાવે છે. દેવો પણ આવી સુંદર શિબિકા બનાવે છે. દિવ્ય પ્રભાવથી સ્વજનોની શિબિકા દેવોની શિબિકામાં પ્રવેશી જાય છે.

પ્રભુ શિબિકામાં પૂર્વાભિમુખ બેસે છે. પ્રભુની જમણી બાજુ કુલમહત્તરા હંસના ચિત્રવાળું વસ્ત્ર લઈને બેસે છે. પ્રભુની ડાબી બાજુ પ્રભુની ધાવમાતા દીક્ષાના ઉપકરણો લઈને બેસે છે. પ્રભુની પાછળ શૃંગાર કરેલ એક યુવતી હાથમાં સફેદ છત્ર લઈને બેસે છે. ઈશાનખૂણામાં એક યુવતી હાથમાં પૂર્ણકળશ લઈને બેસે છે. અગ્નિખૂણામાં એક યુવતી હાથમાં મણિના પંખા લઈને બેસે છે. સ્વજનોના આદેશથી સરખી ઊંચાઈવાળા હજાર પુરુષો તે શિબિકાને ઉપાડે છે. ત્યારે સૌધર્મેન્દ્ર આવીને દક્ષિણ તરફની ઉપરની બાહાને ઊંચકે છે, ઈશાનેન્દ્ર ઉત્તર તરફથી ઉપરની બાહાને ઊંચકે છે, ચમરેન્દ્ર દક્ષિણ તરફની નીચેની બાહાને ઊંચકે છે, બલીન્દ્ર ઉત્તર તરફની નીચેની બાહાને ઊંચકે છે. બાકીના ઈન્દ્રો અને દેવો યથાયોગ્ય રીતે શિબિકાને ઉપાડે છે. બધા ઈન્દ્રો સુંદર અલંકારોથી વિભૂષિત હોય છે. તેઓ પાંચ રંગના પુષ્પોની વૃષ્ટિ કરે છે. તેઓ દુંદુભિઓ વગાડે છે. ત્યારપછી સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર બાહા છોડીને પ્રભુની આજુ-બાજુ ઊભા રહીને ચામર વીંઝે છે. સનત્કુમારેન્દ્ર છત્ર ધારણ કરે છે. માહેન્દ્રેન્દ્ર ઉત્તમ તલવારને ધારણ કરે છે. બ્રહ્મલોકેન્દ્ર દર્પણ ધારણ કરે છે. લાંતકેન્દ્ર પૂર્ણકળશ ધારણ કરે છે. મહાશુક્રેન્દ્ર સ્વસ્તિક ધારણ કરે છે. સહસ્રારેન્દ્ર ધનુષ્ય ધારણ કરે છે. આનત-પ્રાણતેન્દ્ર શ્રીવત્સ ધારણ કરે છે. આરણ-અચ્યુતેન્દ્ર નન્દ્યાવર્ત ધારણ કરે છે. ચમરેન્દ્ર વગેરે બાકીના ઈન્દ્રો શસ્ત્રો ધારણ કરે છે. તે વખતે આકાશમાં અને પૃથ્વી પર વિવિધ પ્રકારના વાજિંત્રો વાગે છે.

## ♦ પ્રભુનો દીક્ષાનો વરઘોડો ♦

પ્રભુનો દીક્ષાનો વરઘોડો નગરીમાંથી નીકળીને નગરીની બહારના ઉદ્યાન તરફ જાય છે. તે વરઘોડામાં પ્રભુની આગળ નીચે પ્રમાણેની રચનાઓ અને લોકો જાય છે ઙ્ર

(૧) આઠ મંગળો -

(૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) નન્દ્યાવર્ત (૪) વર્ધમાનક (૫) ભદ્રાસન (૬) કળશ (૭) મત્સ્યયુગલ (૮) દર્પણ

(૨) પૂર્ણકળશ

(૩) નાના કળશ

(૪) ચામર

(૫) મોટી ધજા

(૬) છત્ર

(૭) પાદપીઠ સહિતનું મણિ-સોનાનું સિંહાસન

(૮) સવાર વિનાના ૧૦૮ હાથી

(૯) સવાર વિનાના ૧૦૮ ઘોડા

(૧૦) ઘંટ અને ધજાથી શોભતાં, શસ્ત્રોથી ભરેલા ૧૦૮ રથો

(૧૧) ૧૦૮ શ્રેષ્ઠ પુરુષો

(૧૨) ઘોડા

(૧૩) હાથી

(૧૪) રથ

(૧૫) સૈનિકો

(૧૬) હજારો નાની ધજાઓથી શોભતો, હજાર યોજન ઊંચો મહેન્દ્રધ્વજ

(૧૭) તલવારધારી મનુષ્યો

(૧૮) ભાલાધારી મનુષ્યો

(૧૯) પાટલા-પાટીયાધારી મનુષ્યો

(૨૦) હાસ્ય કરાવનારા મનુષ્યો

(૨૧) નૃત્ય કરનારા મનુષ્યો

(૨૨) છડીધારી મનુષ્યો

(૨૩) જયજયકાર કરનારા મનુષ્યો

(૨૪) શંખ વગાડનારા મનુષ્યો

(૨૫) ચક્રધારી મનુષ્યો

(૨૬) મીઠું બોલનારા મનુષ્યો

(૨૭) ખભા ઉપર બીજા પુરુષને ચડાવનારા મનુષ્યો

(૨૮) ભાટ-ચારણો

(૨૯) ઉગ્રકુળના મનુષ્યો
(૩૦) ભોગકુળના મનુષ્યો
(૩૧) રાજન્યકુળના મનુષ્યો
(૩૨) ક્ષત્રિયકુળના મનુષ્યો
(૩૩) સાર્થવાહો
(૩૪) કુટુંબમાલિકો
(૩૫) ગામના મુખીઓ
(૩૬) શ્રેષ્ઠીઓ
(૩૭) દેવો અને દેવીઓ

પ્રભુની પાછળ દેવો, મનુષ્યો અને અસુરોની પર્ષદાઓ ચાલે છે.

નગરના નર-નારીઓ પ્રભુના વરઘોડાને જોવા માટે પોતાના બધા કાર્યો પડતાં મૂકીને ઊમટી પડે છે.

### ♦ કુલમહત્તરા વગેરે સ્વજનોના આશીર્વચનો ♦

કુલમહત્તરા વગેરે સ્વજનો પ્રભુને અભિનંદન અને આશીર્વાદ આપે છે, 'હે પુત્ર ! તારો જય થાવ. તારું કલ્યાણ થાવ. જ્ઞાન-દર્શન-ચારિત્રથી તું ઈન્દ્રિયોને વશ કરજે. તું શ્રમણધર્મને બરાબર પાળજે. તું વિઘ્નોને જીતીને આગળ વધજે. તું તપથી રાગ-દ્વેષરૂપી મલ્લોનો નિગ્રહ કરજે. તું અપ્રમત્ત બનીને ત્રણલોકના રંગમંડપમાં આરાધનાની પતાકા ગ્રહણ કરજે. તું પરિષહો અને ઉપસર્ગોને સહન કરીને શીઘ્ર કેવળજ્ઞાન પામજે. તું શીઘ્ર મુક્તિ પામજે. તને તારા માર્ગમાં વિઘ્નો ન આવો.'

### ♦ લોકો વડે પ્રભુને અભિવાદન ♦

પ્રભુનો વરઘોડો જ્યારે નગરમાંથી નીકળે છે ત્યારે હજારો આંખો પ્રભુને જુવે છે, હજારો મુખો પ્રભુની સ્તુતિ કરે છે, હજારો હૃદયો પ્રભુને અભિનંદન આપે છે, હજારો લોકો 'અમે આમના સેવક થઈએ તો પણ સારું.' એવા મનોરથો કરે છે, હજારો આંગળીઓ દ્વારા પ્રભુ બીજાને બતાડાય છે. પ્રભુ જમણો હાથ ઊંચો કરી બધાના નમસ્કારને સ્વીકારે છે.

## ♦ પ્રભુનો અલંકાર-ત્યાગ ♦

નગરના ઘરો અને શેરીઓને ઓળંગતો ઓળંગતો પ્રભુનો વરઘોડો નગરની બહારના ઉદ્યાનમાં વૃક્ષ પાસે આવે છે. વૃક્ષની નીચે શિબિકા ઉતારાય છે. પ્રભુ શિબિકામાંથી ઊતરે છે. પ્રભુ શરીર પરથી અલંકારો ઉતારે છે. પ્રભુ આંગળીઓમાંથી વીંટીઓ ઉતારે છે, હાથમાંથી વીરવલય ઉતારે છે, ભુજામાંથી બાજુબંધ ઉતારે છે, ગળામાંથી હાર ઉતારે છે, કાનમાંથી કુંડલ ઉતારે છે, માથા પરથી મુગટ ઉતારે છે. આ બધા અલંકારો ઉતારીને પ્રભુ કુલમહત્તરાને આપે છે. કુલમહત્તરા હંસના ચિત્રવાળા વસ્ત્રમાં તે અલંકારોને ગ્રહણ કરે છે.

## ♦ પ્રભુને કુલમહત્તરાના છેલ્લા આશીર્વાદ ♦

કુલમહત્તરા પ્રભુને છેલ્લા આશીર્વાદ આપે છે, 'હે પુત્ર ! તું ઉત્તમકુળમાં જન્મ્યો છે. તારી કીર્તિ ચારે તરફ ફેલાયેલી છે. તું જે માર્ગ પર જવા નીકળ્યો છે તે માર્ગે શીઘ્ર આગળ વધજે. તું પાછું વાળીને જોઈશ નહીં. તું મોટા આલંબનો લેજે. તું પડતાં આલંબનો ન લઈશ. તલવારની ધાર પર ચાલવા જેવા દુષ્કર વ્રતોનું તું અણિશુદ્ધ પાલન કરજે. તું જરાય પ્રમાદ કરીશ નહીં.' આ પ્રમાણે પ્રભુને આશીર્વાદ આપીને નમસ્કાર કરીને કુલમહત્તરા એકબાજુ થઈ જાય છે.

## ♦ પ્રભુનો લોચ ♦

ત્યારપછી પ્રભુ પંચમુષ્ટિ લોચ કરે છે. પ્રભુ એક મુટ્ઠીથી દાઢી-મૂછના વાળનો લોચ કરે છે અને ચાર મુટ્ઠીથી માથાના વાળનો લોચ કરે છે. સૌધર્મેન્દ્ર પ્રભુના વાળ ગ્રહણ કરે છે. તે વાળને તે ક્ષીરસમુદ્રમાં પધરાવીને પાછા આવે છે. વાળનો લોચ કરીને પ્રભુ દ્રવ્યથી મુંડ થાય છે અને ક્રોધ વગેરે કષાયોને દૂર કરીને પ્રભુ ભાવથી મુંડ થાય છે.

## ♦ પ્રભુની દીક્ષા ♦

ઈન્દ્ર મહારાજા પ્રભુના ખભા પર લાખ સોનૈયાના મૂલ્યવાળું અને અનુત્તર એવું એક દેવદૂષ્ય મૂકે છે. પછી ઈન્દ્ર મહારાજા વાજિંત્ર વગેરેના બધા કોલાહલને શાંત કરે છે.

પ્રભુ 'નમો સિદ્ધાણં' કહીને સિદ્ધભગવંતોને નમસ્કાર કરે છે. ત્યારપછી પ્રભુ 'કરેમિ સામાઈઅં સવ્વં સાવજ્જં જોગં પચ્ચક્ખામિ' વગેરે પાઠ ઉચ્ચરીને જીવનભરનું સામાયિક ઉચ્ચરે છે અને બધા પાપવ્યાપારોનો ત્યાગ કરે છે. પ્રભુને ચોથુ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે અને સર્વજીવોને એકક્ષણ માટે સુખનો અનુભવ થાય છે.

ઈન્દ્રો અને દેવો પ્રભુને વંદન કરીને નન્દીશ્વરદ્વીપમાં જાય છે. ત્યાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરીને તેઓ પોતપોતાના દેવલોકમાં જાય છે.

## ♦ પ્રભુનો વિહાર ♦

પ્રભુ સ્વજનોને અને નગરવાસીઓને પૂછીને ત્યાંથી વિહાર કરે છે. પ્રભુ દેખાય છે ત્યાંસુધી તેઓ પ્રભુને જતાં જુવે છે. પ્રભુ દેખાતાં બંધ થાય છે એટલે તેઓ ભીની આંખે નગરમાં પાછા ફરે છે.

## ♦ પ્રભુનું પારણું ♦

દીક્ષા વખતે કરેલા તપનું પ્રભુ બીજા દિવસે પારણું કરે છે. ત્યારે પાંચ દિવ્ય થાય છે -

(૧) સુગંધી પાણીની વૃષ્ટિ થાય છે.

(૨) પુષ્પવૃષ્ટિ થાય છે.

(૩) દુંદુભિ વાગે છે.

(૪) વસ્ત્રવૃષ્ટિ થાય છે.

(૫) ધનની વૃષ્ટિ થાય છે. જઘન્યથી સાડા બાર લાખ સોનૈયાની વૃષ્ટિ થાય છે અને ઉત્કૃષ્ટથી સાડા બાર કરોડ સોનૈયાની વૃષ્ટિ થાય છે.

## ♦ પ્રભુની અપ્રમત્તસાધના ♦

દીક્ષા લીધા પછી પ્રભુ અપ્રમત્તપણે ચારિત્ર પાળે છે. પ્રભુની અપ્રમત્તસાધના નીચે દર્શાવી છે -

(૧) પ્રભુ આકાશની જેમ આલંબનરહિત છે.

(૨) પ્રભુ જીવની જેમ અસ્ખલિતગતિવાળા છે.

(૩) પ્રભુ ચન્દ્રની જેમ સૌમ્ય છે.

(૪) પ્રભુ સૂર્યની જેમ દેદીપ્યમાન છે.

(૫) પ્રભુ વાયુની જેમ પ્રતિબંધરહિત છે.

(૬) પ્રભુ શરદઋતુના જળની જેમ નિર્મળ મનવાળા છે.

(૭) પ્રભુ સમુદ્રની જેમ ગંભીર છે.

(૮) પ્રભુ મેરુપર્વતની જેમ નિષ્પ્રકંપ છે.

(૯) પ્રભુ ભારંડપક્ષીની જેમ અપ્રમત્ત છે.

(૧૦) પ્રભુ હાથીની જેમ પરાક્રમી છે.

(૧૧) પ્રભુ સિંહની જેમ શૂરવીર છે.

(૧૨) પ્રભુ શંખની જેમ નિરંજન છે.

(૧૩) પ્રભુ કાંસાના વાસણની જેમ સ્નેહરહિત છે.

(૧૪) પ્રભુ પૃથ્વીની જેમ બધું સહન કરે છે.

(૧૫) પ્રભુ અગ્નિની જેમ તેજસ્વી છે.

(૧૬) પ્રભુ કમળની પાંદડીની જેમ નિર્લેપ છે.

(૧૭) પ્રભુ કાચબાની જેમ ઈન્દ્રિયોનું નિયંત્રણ કરે છે.

(૧૮) પ્રભુ ગેંડાના શિંગડાની જેમ એકલા (રાગ-દ્વેષ રહિત) છે.

(૧૯) પ્રભુ પક્ષીની જેમ પરિવારરહિત અને અનિયતવાસવાળા છે.

(૨૦) પ્રભુ સ્વીકારેલા મહાવ્રતોના ભારને વહન કરવા સમર્થ છે.

(૨૧) પ્રભુ સાચા સોનાની જેમ કર્મરૂપી મેલથી રહિત છે.

આ રીતે પ્રભુનું દીક્ષાકલ્યાણક ઊજવાય છે.

## ♦ દીક્ષાકલ્યાણકના તિથિ, તપ અને સાથે દીક્ષા લેનારાની સંખ્યા ♦

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા ૨૪ ભગવાનના દીક્ષાકલ્યાણકની તિથિ, દીક્ષાનો તપ અને પ્રભુની સાથે દીક્ષા લેનારાની

સંખ્યા દર્શાવતો કોઠો નીચે આપેલ છે -

| ક્રમાંક | ભગવાનનું નામ | દીક્ષાકલ્યાણકની તિથિ | દીક્ષાનો તપ | સાથે દીક્ષા લેનારાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | ફાગણ વદ ૮ | છટ્ઠ | ૪,૦૦૦ |
| ૨ | અજિતનાથ | મહા સુદ ૯ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૩ | સંભવનાથ | માગસર સુદ ૧૫ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૪ | અભિનંદનસ્વામી | મહા સુદ ૧૨ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૫ | સુમતિનાથ | વૈશાખ સુદ ૯ | એકાસણું | ૧,૦૦૦ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | આસો વદ ૧૩ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૭ | સુપાર્શ્વનાથ | જેઠ સુદ ૧૩ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | માગસર વદ ૧૩ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૯ | સુવિધિનાથ | કારતક વદ ૬ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૦ | શીતલનાથ | પોષ વદ ૧૨ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૧ | શ્રેયાંસનાથ | મહા વદ ૧૩ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | મહા વદ ૩૦ | ચતુર્થભક્ત❑ | ૬૦૦ |
| ૧૩ | વિમલનાથ | મહા સુદ ૪ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૪ | અનંતનાથ | ચૈત્ર વદ ૧૪ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૫ | ધર્મનાથ | મહા સુદ ૧૩ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૬ | શાન્તિનાથ | વૈશાખ વદ ૧૪ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૭ | કુંથુનાથ | ચૈત્ર વદ ૫ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૮ | અરનાથ | માગસર સુદ ૧૧ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૧૯ | મલ્લિનાથ | માગસર સુદ ૧૧ | અટ્ઠમ | ૩૦૦ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | ફાગણ સુદ ૧૨ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૨૧ | નમિનાથ | જેઠ વદ ૯ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૨૨ | નેમિનાથ | શ્રાવણ સુદ ૬ | છટ્ઠ | ૧,૦૦૦ |
| ૨૩ | પાર્શ્વનાથ | માગસર વદ ૧૧ | અટ્ઠમ | ૩૦૦ |
| ૨૪ | મહાવીરસ્વામી | કારતક વદ ૧૦ | છટ્ઠ | - |

❑ ચતુર્થભક્ત : આગળ-પાછળ એકાસણું કર્યું હોય અને વચ્ચે એક ઉપવાસ કર્યો હોય તેને ચર્તુથભક્ત કહેવાય.

## ❑ કેવળજ્ઞાનકલ્યાણક ❑

• **પ્રભુના કેવળજ્ઞાનકલ્યાણક વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ –**

### ♦ પ્રભુ ઉપસર્ગો-પરિષહોને સહન કરે છે ♦

દીક્ષા લીધા પછી જે કોઈ ઉપસર્ગો અને પરિષહો આવે છે તેમને પ્રભુ સમભાવે સહન કરે છે અને કર્મોને ખપાવે છે. આમ સાધના દ્વારા કર્મો ખપાવતાં ખપાવતાં પ્રભુનો છદ્મસ્થકાળ પૂર્ણ થાય છે.

પ્રભુ અપ્રમત્ત સંયત નામના સાતમા ગુણઠાણાને પામે છે. ત્યાં બધા પ્રકારના પ્રમાદ વિનાનું સંયમ હોય છે.

### ♦ પ્રભુનું ક્ષપકશ્રેણિ ઉપર આરોહણ ♦

ત્યારપછી પ્રભુ અપૂર્વકરણ નામના આઠમા ગુણઠાણાને પામે છે. ત્યાં સ્થિતિઘાત, રસઘાત, ગુણસંક્રમ, ગુણશ્રેણિ અને અપૂર્વસ્થિતિબંધ આ પાંચ અપૂર્વ વસ્તુઓ કરે છે. અહીંથી ક્ષપકશ્રેણિની શરૂઆત થાય છે. ક્ષપકશ્રેણિ એટલે શુભભાવોરૂપી અગ્નિથી કર્મોને ખપાવવાની શૃંખલા.

શુક્લધ્યાનના ચાર ભેદ છે –

(૧) **પૃથક્ત્વવિતર્કસવિચાર શુક્લધ્યાન** – પૂર્વધર મહર્ષિને પૂર્વશ્રુતના આધારે જુદા જુદા દ્રવ્ય-પર્યાયોનું અર્થ, વ્યંજન (શબ્દ) અને યોગની પરાવૃત્તિવાળું ધ્યાન તે પૃથક્ત્વવિતર્કસવિચાર શુક્લધ્યાન.

(૨) **એકત્વવિતર્કઅવિચાર શુક્લધ્યાન** – પૂર્વધર મહર્ષિને પૂર્વશ્રુતના આધારે દ્રવ્યના એક પર્યાયનું અર્થ, વ્યંજન અને યોગની પરાવૃત્તિ વિનાનું અભેદપ્રધાન ચિંતન તે એકત્વવિતર્કઅવિચાર શુક્લધ્યાન.

(૩) **સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી શુક્લધ્યાન** – કેવળજ્ઞાની ભગવંતને મન, વચનના યોગોનો તથા શ્વાસોચ્છ્વાસનો નિરોધ થયા પછી સૂક્ષ્મ કાયયોગના આલંબનથી બાદર કાયયોગનો નિરોધ કરતાં જે ધ્યાન હોય તે સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી શુક્લધ્યાન.

(૪) **વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ શુક્લધ્યાન** – મન, વચન, કાયાના યોગોથી

રહિત કેવળજ્ઞાની ભગવંતને શૈલેશી અવસ્થામાં જે ધ્યાન હોય તે વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ શુક્લધ્યાન.

આઠમા ગુણઠાણેથી ક્ષપકશ્રેણિ માંડતી વખતે પ્રભુ શુક્લધ્યાનના પ્રથમ પ્રકારમાં વર્તમાન હોય છે.

ત્યારપછી પ્રભુ અનિવૃત્તિબાદરસંપરાય નામના નવમા ગુણઠાણાને પામે છે. ત્યાં નવ નોકષાયો અને સંજ્વલન ક્રોધ-સંજ્વલન માન-સંજ્વલન માયા - આ ત્રણ કષાયોને ખપાવે છે.

ત્યારપછી પ્રભુ સૂક્ષ્મસંપરાય નામના દસમા ગુણઠાણા પર આરૂઢ થાય છે. ત્યાં તેઓ સંજ્વલન લોભને ખપાવે છે. આમ દસમા ગુણઠાણાને અંતે મોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જાય છે.

ત્યારપછી પ્રભુ ક્ષીણકષાયવીતરાગછદ્મસ્થ નામના બારમા ગુણઠાણે આવે છે. ઉપશાંતકષાયવીતરાગછદ્મસ્થ નામનું અગ્યારમું ગુણઠાણું ઉપશમશ્રેણિમાં આવે છે, ક્ષપકશ્રેણિમાં નહીં. દસમા ગુણઠાણે મોહનીય કર્મ સંપૂર્ણ રીતે ખપી ગયું હોવાથી બારમા ગુણઠાણે પ્રભુ વીતરાગ બને છે. બારમા ગુણઠાણાને અંતે પ્રભુ શુક્લધ્યાનના બીજા પ્રકારમાં વર્તમાન હોય છે. તે ધ્યાનથી પ્રભુ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય-એ ત્રણ ઘાતીકર્મોને ખપાવે છે. આમ બારમા ગુણઠાણાને અંતે ચારે ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય થઈ ગયો હોય છે.

### ♦ પ્રભુને કેવળજ્ઞાન ♦

ત્યારપછી પ્રભુ સયોગી કેવલી નામના તેરમા ગુણઠાણે આવે છે. ત્યાં પહેલા જ સમયે પ્રભુને કેવળજ્ઞાન, કેવળદર્શન અને અનંતશક્તિની પ્રાપ્તિ થાય છે. ત્યારે દિશાઓ પ્રસન્ન થાય છે, ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે અને બધા જીવોને એક ક્ષણ માટે સુખની અનુભૂતિ થાય છે.

કેવળજ્ઞાન-કેવળદર્શનથી પ્રભુ જગતના તમામ પદાર્થોના ત્રણે કાળના બધા પર્યાયો (અવસ્થાઓ) ને એકસાથે એકસમયે હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ રીતે જુવે છે અને જાણે છે.

પ્રભુને કેવળજ્ઞાન થતાંની સાથે ઈન્દ્રોના આસન કંપે છે. તેઓ અવધિજ્ઞાનથી પ્રભુનું કેવળજ્ઞાનકલ્યાણક થયું છે એમ જાણીને તેની ઉજવણી કરવા પૃથ્વીતલ પર આવે છે.

## ♦ પ્રભુના સમવસરણની રચના ♦

દેવો પૃથ્વીતલ પર આવીને પ્રભુના સમવસરણની રચના કરે છે. તે આ રીતે ꠰

(૧) સૌથી પહેલા વાયુકુમાર દેવો આવીને એક યોજન જેટલી ભૂમિને વાયુથી સાફ કરે છે.

(૨) ત્યારપછી મેઘકુમાર દેવો સુગંધી પાણીની વૃષ્ટિ કરીને ઊડતી ધૂળને શમાવે છે.

(૩) વ્યંતરદેવો સોનું, માણેક, રત્નો વગેરેથી પીઠ બાંધે છે.

(૪) તેઓ જેમનું ડીંટિયું નીચે તરફ છે એવા સુગંધી પુષ્પોને ત્યાં વેરે છે.

(૫) તેઓ ત્યાં ચારે દિશામાં તોરણો, પૂતળીઓ, મગરો, સફેદ છત્રો, ધ્વજો અને આઠ મંગળો વિકુર્વે છે.

(૬) ભવનપતિદેવો પહેલો ચાંદીનો ગઢ બનાવે છે. તેની ઉપર સોનાના કાંગરા શોભે છે.

(૭) જ્યોતિષદેવો બીજો સોનાનો ગઢ બનાવે છે. તેની ઉપર રત્નના કાંગરા શોભે છે.

(૮) વૈમાનિકદેવો ત્રીજો રત્નનો ગઢ બનાવે છે. તેની ઉપર મણિના કાંગરા શોભે છે.

(૯) સમવસરણમાં પતાકાથી શોભતાં માણેકના તોરણો બનાવાય છે.

(૧૦) દરેક ગઢમાં ચાર દિશામાં ચાર દ્વારો બનાવાય છે.

(૧૧) દરેક દ્વારે ધૂપની ઘડીઓ અને વાવડીઓ શોભે છે.

(૧૨) બીજા ગઢમાં ઈશાનખૂણામાં પ્રભુને વિશ્રામ કરવા માટે દેવછન્દો બનાવાય છે.

(૧૩) પહેલા ગઢના પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દ્વારોએ ક્રમશઃ તુંબરુ દેવ, ખટ્વાંગી દેવ, કપાલી દેવ અને જટામુકુટધારી દેવ દ્વારપાળ તરીકે ઊભા હોય છે.

(૧૪) બીજા ગઢમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દ્વારોએ ક્રમશઃ બે જયાદેવી, બે વિજયાદેવી, બે અજિતાદેવી અને બે અપરાજિતાદેવી દ્વારપાલિકા હોય છે.

(૧૫) ત્રીજા ગઢમાં પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દ્વારોએ ક્રમશઃ સોમ નામના બે વૈમાનિકદેવો, યમ નામના બે વ્યન્તરદેવો, વરુણ નામના બે જ્યોતિષદેવો અને કુબેર નામના બે ભવનપતિદેવો દ્વારપાળ હોય છે.

(૧૬) સમવસરણની મધ્યમાં ત્રીજા ગઢમાં વ્યન્તરદેવો ચૈત્યવૃક્ષ બનાવે છે.

(૧૭) તેની નીચે વિવિધરત્નોની પીઠ બનાવે છે.

(૧૮) તેની ઉપર મણિનો દેવછન્દો બનાવે છે.

(૧૯) તેની ઉપર પૂર્વદિશામાં પાદપીઠ સહિત રત્નનું સિંહાસન બનાવે છે.

(૨૦) તે સિંહાસનની ઉપર તેઓ ત્રણ છત્ર બનાવે છે.

(૨૧) સિંહાસનની બન્ને બાજુ એક-એક દેવ ચામર ધારણ કરે છે.

(૨૨) સમવસરણના દ્વારે દેવો સોનાના કમળમાં ધર્મચક્રની સ્થાપના કરે છે.

(૨૩) સમવસરણનું બીજું જે પણ કાર્ય હોય તે વ્યન્તરો કરે છે.

(૨૪) સમવસરણ ચોરસ કે ગોળ હોય છે.

(૨૫) સમવસરણ ભૂમિથી અદ્ધર હોય છે.

(૨૬) સમવસરણના ૨૦,૦૦૦ પગથિયા હોય છે. ભૂમિથી પહેલા ગઢ સુધી ૧૦,૦૦૦ પગથિયા હોય છે. પહેલા ગઢથી બીજા ગઢ સુધી ૫,૦૦૦ પગથિયા હોય છે. બીજા ગઢથી ત્રીજા ગઢ સુધી ૫,૦૦૦ પગથિયા હોય છે. આ પગથિયા ૧ હાથ ઊંચા અને ૧ હાથ પહોળા હોય છે.

આમ પ્રભુના સમવસરણનું નિર્માણ થાય છે.

## ♦ પ્રભુનું સમવસરણ તરફ પ્રયાણ ♦

ચાર પ્રકારના કરોડો દેવો-દેવીઓથી પરિવરાયેલા પ્રભુ સમવસરણ તરફ પ્રયાણ કરે છે. પ્રભુ વિહાર કરે છે ત્યારે નીચે પ્રમાણે ઘટનાઓ ઘટે છે -

(૧) વૃક્ષો પ્રભુને નમસ્કાર કરે છે.
(૨) કાંટા ઊંધા થઈ જાય છે.
(૩) પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા આપે છે.
(૪) છએ ઋતુઓના ફૂલ-ફળ એકસાથે ઊગે છે.
(૫) પાંચે ઈન્દ્રિયોના વિષયો અનુકૂળ બની જાય છે.
(૬) વાયુ અનુકૂળ રીતે વાય છે.
(૭) પ્રભુ જ્યાં વિચરે છે ત્યાં ૧૨૫ યોજન (ચારે દિશામાં ૨૫-૨૫ યોજન અને ઉપર-નીચે ૧૨$^{૧}/_{૨}$-૧૨$^{૧}/_{૨}$ યોજન) સુધી રોગ, વૈર, મારી, ઉપદ્રવ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુકાળ, સ્વરાષ્ટ્રનો ભય, પરરાષ્ટ્રનો ભય દૂર થાય છે.
(૮) પ્રભુના વાળ અને નખ વધતાં નથી.
(૯) દેવો હજાર પાંખડીઓવાળા સોનાના નવ કમળોની રચના કરે છે. પ્રભુના બે પગ આગળના બે કમળો ઉપર હોય છે. બાકીના સાત કમળો પ્રભુની પાછળ હોય છે. પ્રભુ આગળ આગળ ચાલતાં જાય છે અને પ્રભુનો પગ જ્યાં મૂકાવાનો હોય ત્યાં દેવતાઓ પાછળથી કમળ લાવીને આગળ ગોઠવી દે છે.

## ♦ પ્રભુનો સમવસરણમાં પ્રવેશ અને દેશના ♦

પ્રભુ સમવસરણમાં પૂર્વદ્વારથી પ્રવેશ કરે છે. ત્યારે સમવસરણમાં નીચે પ્રમાણે ઘટનાઓ બને છે ૬

(૧) સમવસરણના ૨૦,૦૦૦ પગથિયા ચઢીને પ્રભુ ત્રીજા ગઢમાં પહોંચે છે.
(૨) પ્રભુ ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપે છે.
(૩) 'નમો તિત્થસ્સ' કહીને પ્રભુ તીર્થને નમસ્કાર કરે છે અને પૂર્વદિશાના સિંહાસન પર પૂર્વાભિમુખ બેસે છે.

(૪) તે જ વખતે વ્યન્તરદેવો બાકીની ત્રણ દિશામાં રત્નના સિંહાસન પર બેઠેલા પ્રભુના ત્રણ પ્રતિબિંબો વિકુર્વે છે. તેઓ તે ત્રણ દિશામાં છત્ર, ચામર, ધર્મચક્ર વગેરે પણ વિકુર્વે છે.

(૫) જેની આગળ સૂર્ય આગિયા જેવો લાગે એવું, દેવોએ બનાવેલું ભામંડલ પ્રભુના મસ્તકની પાછળ શોભે છે.

(૬) દેવો દુંદુભિ વગાડે છે અને દિવ્યધ્વનિ રેલાવે છે.

(૭) પ્રભુની આગળ રત્નનો ધ્વજ શોભે છે.

(૮) ત્રીજા ગઢમાં બાર પર્ષદાઓ બેસે છે. તે આ પ્રમાણે -

અગ્નિખૂણામાં સાધુભગવંતો, સાધ્વીજીભગવંતો અને વૈમાનિકદેવીઓ.

નૈઋત્યખૂણામાં - ભવનપતિદેવીઓ, વ્યન્તરદેવીઓ અને જ્યોતિષદેવીઓ.

વાયવ્યખૂણામાં - ભવનપતિદેવો, વ્યન્તરદેવો અને જ્યોતિષદેવો.

ઈશાનખૂણામાં - વૈમાનિકદેવો, મનુષ્યો અને સ્ત્રીઓ.

આ બાર પ્રકારની પર્ષદામાંથી ચાર પ્રકારની દેવીઓ અને સાધ્વીજી-ભગવંતો ઊભા ઊભા પ્રભુની દેશના સાંભળે છે. બાકીની સાત પ્રકારની પર્ષદા બેસીને પ્રભુની દેશના સાંભળે છે.

(૯) બીજા ગઢમાં તિર્યંચો બેસે છે.

(૧૦) પહેલા ગઢમાં વાહનો રખાય છે.

(૧૧) સૌધર્મેન્દ્ર પ્રભુની સ્તુતિ કરીને પ્રભુને દેશના આપવાની વિનંતિ કરે છે.

(૧૨) એક યોજન જેટલા સમવસરણમાં કરોડો કરોડો જીવો સમાઈ જાય છે.

(૧૩) પ્રભુ માલકૌંશરાગમાં અને અર્ધમાગધીભાષામાં દેશના આપે છે.

(૧૪) પ્રભુની દેશના એક યોજન સુધી સંભળાય છે.

(૧૫) પ્રભુની દેશના બધા જીવોને પોતપોતાની ભાષામાં સમજાય છે.

(૧૬) પ્રભુની એક પ્રકારની દેશનાથી વિવિધ જીવોના વિવિધ સંશયોનું સમાધાન થાય છે.

(૧૭) પ્રભુની વાણી સાકર અને દ્રાક્ષ કરતા પણ વધુ મીઠી હોય છે.

(૧૮) પ્રભુની દેશના જો સતત ચાલે તો સાંભળનારને છ મહિના સુધી ભૂખ-તરસ ન લાગે એવી મીઠી અને મધુરી પ્રભુની વાણી હોય છે.

(૧૯) પ્રભુની વાણી ૩૫ ગુણોવાળી હોય છે. (જુઓ પરિશિષ્ટ-૨)

(૨૦) પ્રભુ દેશનામાં સંસારની અસારતા સમજાવે છે.

(૨૧) પ્રભુની વૈરાગ્યનીતરતી દેશના સાંભળીને કેટલાય ભવ્યાત્માઓ ચારિત્ર લઈને સાધુ અને સાધ્વી બને છે. બીજા કેટલાય ભવ્યાત્માઓ શ્રાવક અને શ્રાવિકા બને છે. બીજા કેટલાય ભવ્યાત્માઓ સમ્યગ્દર્શન પામે છે. આમ ત્યારે ચતુર્વિધ સંઘની સ્થાપના થાય છે.

(૨૨) પ્રભુના મુખ્ય શિષ્યોને ગણધર કહેવાય છે. તેમને ગણધર નામકર્મનો ઉદય થાય છે. પ્રભુ તેમને 'ઉપ્પન્નેઇ વા વિગમેઈ વા ધુવેઇ વા' એ ત્રિપદી આપે છે. બધા ગણધરો ત્રિપદીને અનુસારે માત્ર અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે. ઈન્દ્ર દિવ્યચૂર્ણ ભરેલ થાળને લઈને ઉપસ્થિત થાય છે. પ્રભુ સિંહાસન પરથી ઊભા થાય છે. પ્રભુ તે થાળમાંથી ચૂર્ણ લઈને ગણધરોના મસ્તક ઉપર નાંખે છે અને તેમને દ્રવ્ય-ગુણ-પર્યાયથી તીર્થની અનુજ્ઞા આપે છે અને ગણની અનુજ્ઞા પણ આપે છે. પ્રભુના હાથે મસ્તક પર ચૂર્ણ પડવાથી ગણધરોની દ્વાદશાંગી પ્રમાણભૂત બને છે. ત્યારે દેવો દુંદુભિ વગાડે છે. દેવો-દેવીઓ-મનુષ્યો-સ્ત્રીઓ ગણધરોના મસ્તક પર વાસક્ષેપ કરે છે. પ્રભુ સિંહાસન પર બેસીને ગણધરોને હિતશિક્ષા આપે છે.

(૨૩) પહેલો પ્રહર પૂરો થાય છે ત્યારે નગરનો રાજા વાજતે-ગાજતે બલિ લઈને સમવસરણમાં પ્રવેશે છે. દુર્બળ સ્ત્રીએ ખાંડેલા, એક આઢક પ્રમાણ, ઉત્તમ પ્રકારના કલમશાલી ચોખાથી બલિ બને છે. સમવસરણમાં બલિ પ્રવેશે એટલે પ્રભુ પોતાની દેશના પૂર્ણ કરે છે. નગરનો રાજા તે બલિ સાથે પ્રભુને પ્રદક્ષિણા આપે છે. પછી તે રાજા તે બલિને આકાશમાં ઉછાળે છે. તે બલિ ભૂમિ ઉપર પડે તે પહેલા તેમાંથી અડધો ભાગ દેવો લઈ લે છે. ભૂમિ પર

પડેલ બલિના બાકીના અડધા ભાગમાંથી અડધો ભાગ (મૂળ બલિનો ચોથો ભાગ) રાજા લે છે. બલિના બાકીના અડધા ભાગમાંથી બાકીનો અડધો ભાગ (મૂળ બલિનો બાકીનો ચોથો ભાગ) બાકીના લોકો લે છે. તે બલિનો પ્રભાવ એવો હોય છે કે તેનો એક કણ પણ માથે રાખવાથી જૂના રોગો નાશ પામે છે અને નવા રોગો છ મહિના સુધી ઉત્પન્ન થતાં નથી.

(૨૪) ત્યારપછી પ્રભુ સિંહાસન પરથી ઊભા થઈને ઉત્તરદ્વારથી નીકળીને બીજા ગઢમાં ઈશાનખૂણામાં રહેલ દેવછંદામાં જઈને વિશ્રામ કરે છે.

(૨૫) બીજા પ્રહરમાં પ્રભુના પ્રથમ ગણધર પ્રભુની પાદપીઠ પર બેસીને દેશના આપે છે. ગણધર ભગવંત શ્રુતકેવલી હોય છે. તેથી તેમની દેશના સાંભળતાં છદ્‌મસ્થ જીવને ખબર પણ નથી પડતી કે આ કેવળીની દેશના છે કે છદ્‌મસ્થની દેશના છે ? અર્થાત્ છદ્‌મસ્થ જીવને ગણધર ભગવંતની દેશના કેવળીની દેશના જેવી જ લાગે છે. બીજો પ્રહર પૂર્ણ થતાં ગણધર ભગવંતની દેશના પૂર્ણ થાય છે. લોકો પોતપોતાના સ્થાનમાં જાય છે.

(૨૬) દિવસના ચોથા પ્રહરમાં પ્રભુ ફરી દેશના આપે છે.

(૨૭) આમ પ્રભુને કેવળજ્ઞાન થયા પછીની પ્રથમ દેશનામાં તીર્થની સ્થાપના થાય છે.

(૨૮) તે પ્રથમ દેશનામાં પ્રભુના તીર્થના અધિષ્ઠાયક યક્ષ-યક્ષિણીની પણ સ્થાપના થાય છે. તે યક્ષ-યક્ષિણી હંમેશા પ્રભુની સાથે રહે છે અને પ્રભુના શાસનની રક્ષા-પ્રભાવના કરે છે.

(૨૯) ઈન્દ્રો અને દેવો નન્દીશ્વરદ્વીપમાં જઈને અટ્ઠાઈ મહોત્સવ કરે છે. ત્યારપછી તેઓ પોતપોતાના સ્થાનમાં જાય છે.

(૩૦) પ્રભુ ૩૪ અતિશયોથી શોભે છે. ૪ અતિશય જન્મથી હોય છે. ઘાતીકર્મોનો ક્ષય થવાથી ૧૧ અતિશયો થાય છે. ૧૯ અતિશયો દેવો કરે છે. (જુઓ પરિશિષ્ટ-૩)

(૩૧) આઠ પ્રાતિહાર્ય હંમેશા પ્રભુની સાથે હોય છે. તે આ પ્રમાણે -
(૧) અશોકવૃક્ષ (૨) પુષ્પવૃષ્ટિ (૩) દેવદુંદુભિ (૪) ચામર
(૫) સિંહાસન (૬) ભામંડલ (૭) દિવ્યધ્વનિ (૮) છત્ર

(૩૨) પ્રભુનું રૂપ અદ્વિતીય હોય છે. (જુઓ પરિશિષ્ટ ૪)

(૩૩) પ્રભુનું બળ અતુલ હોય છે. (જુઓ પરિશિષ્ટ ૫)

(૩૪) પ્રભુ અઢાર દોષોથી રહિત હોય છે. (જુઓ પરિશિષ્ટ ૬)

આ રીતે પ્રભુનું કેવળજ્ઞાનકલ્યાણક ઊજવાય છે.

## ♦ કેવળજ્ઞાનકલ્યાણકની તિથિ અને તપ ♦

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા ૨૪ તીર્થંકરોના કેવળજ્ઞાન-કલ્યાણકની તિથિઓ અને કેવળજ્ઞાનકલ્યાણકનો તપ નીચેના કોઠામાં દર્શાવેલ છે -

| ક્રમાંક | ભગવાનનું નામ | કેવળજ્ઞાન-કલ્યાણકની તિથિ | કેવળજ્ઞાન-કલ્યાણકનો તપ |
|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | મહા વદ ૧૧ | અટ્ઠમ |
| ૨ | અજિતનાથ | પોષ સુદ ૧૧ | છટ્ઠ |
| ૩ | સંભવનાથ | આસો વદ ૫ | છટ્ઠ |
| ૪ | અભિનંદનસ્વામી | પોષ સુદ ૧૪ | છટ્ઠ |
| ૫ | સુમતિનાથ | ચૈત્ર સુદ ૧૧ | છટ્ઠ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | ચૈત્ર સુદ ૧૫ | છટ્ઠ |
| ૭ | સુપાર્શ્વનાથ | મહા વદ ૬ | છટ્ઠ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | મહા વદ ૭ | છટ્ઠ |
| ૯ | સુવિધિનાથ | કારતક સુદ ૩ | છટ્ઠ |
| ૧૦ | શીતલનાથ | માગસર વદ ૧૪ | છટ્ઠ |
| ૧૧ | શ્રેયાંસનાથ | પોષ વદ ૩૦ | છટ્ઠ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | મહા સુદ ૨ | ચતુર્થભક્ત |

| ક્રમાંક | ભગવાનનું નામ | કેવળજ્ઞાન-કલ્યાણકની તિથિ | કેવળજ્ઞાન-કલ્યાણકનો તપ |
|---|---|---|---|
| ૧૩ | વિમલનાથ | પોષ સુદ ૬ | છટ્ઠ |
| ૧૪ | અનંતનાથ | ચૈત્ર વદ ૧૪ | છટ્ઠ |
| ૧૫ | ધર્મનાથ | પોષ સુદ ૧૫ | છટ્ઠ |
| ૧૬ | શાન્તિનાથ | પોષ સુદ ૯ | છટ્ઠ |
| ૧૭ | કુંથુનાથ | ચૈત્ર સુદ ૩ | છટ્ઠ |
| ૧૮ | અરનાથ | કારતક સુદ ૧૨ | છટ્ઠ |
| ૧૯ | મલ્લિનાથ | માગસર સુદ ૧૧ | અટ્ઠમ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | મહા વદ ૧૨ | છટ્ઠ |
| ૨૧ | નમિનાથ | માગસર સુદ ૧૧ | છટ્ઠ |
| ૨૨ | નેમિનાથ | ભાદરવા વદ ૩૦ | અટ્ઠમ |
| ૨૩ | પાર્શ્વનાથ | ફાગણ વદ ૪ | અટ્ઠમ |
| ૨૪ | મહાવીરસ્વામી | વૈશાખ સુદ ૧૦ | છટ્ઠ |

* * * * *

**હે કરુણાસાગર !** આપે આપેલ વર્ષીદાન એ આપે ત્રણ લોકના જીવોને આપેલ અભયદાનની પ્રસ્તાવનારૂપ હતું.

**હે ત્રણ જગતના નાથ !** આપ મમતા રહિત હોવા છતાં કૃપાળુ છો, આપ નિર્ગ્રન્થ હોવા છતાં મહાન ઋદ્ધિવાળા છો, આપ તેજસ્વી હોવા છતાં સૌમ્ય છો, આપ ધીર હોવા છતાં સંસારથી ડરનારા છો.

**હે દીનદયાળ !** આપને પ્રાર્થના કરું છું કે મારું મન હંમેશા આપનામાં પરોવાયેલું, જડાયેલું અને ચોંટેલું રહે.

**હે ધર્મચક્રવર્તી !** જેમ ચક્રવર્તીના દંડરત્નથી વૈતાઢ્યપર્વતના દ્વારો ખૂલી જાય છે તેમ આપના વચનરૂપી દંડથી મોક્ષરૂપી વૈતાઢ્યપર્વતના દ્વારો ખૂલી જાય છે.

## ❑ નિવાર્ણકલ્યાણક ❑

• **પ્રભુના નિર્વાણ(મોક્ષ)કલ્યાણક વખતે ઘટતી વિશિષ્ટ ઘટનાઓ –**

**♦ પ્રભુના અનશન, યોગનિરોધ, શૈલેશીકરણ અને મોક્ષગમન ♦**

પ્રભુ પોતાના બાકીના આયુષ્ય સુધી પૃથ્વીતલ ઉપર વિચરે છે અને દરરોજ દિવસના પહેલા-છેલ્લા પ્રહરોમાં દેશના આપે છે.

આયુષ્યને અંતે પ્રભુ નીચે પ્રમાણેની ક્રિયાઓ કરે છે –

(૧) પ્રભુ પાદપોપગમન અનશન સ્વીકારે છે.

(૨) પ્રભુ યોગનિરોધ કરે છે. તેમાં પહેલા બાદર કાયયોગમાં રહીને પ્રભુ બાદર વચનયોગનો નિરોધ કરે છે. ત્યારપછી પ્રભુ બાદર મનોયોગનો નિરોધ કરે છે. ત્યારપછી સૂક્ષ્મ કાયયોગમાં રહીને બાદર કાયયોગનો નિરોધ કરે છે. ત્યારપછી ક્રમશઃ સૂક્ષ્મ વચનયોગનો અને સૂક્ષ્મ મનોયોગનો પ્રભુ નિરોધ કરે છે. ત્યારે પ્રભુ સૂક્ષ્મ કાયયોગમાં રહેલા છે. ત્યારે પ્રભુ શુક્લધ્યાનના સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી શુક્લધ્યાન નામના ત્રીજા પ્રકારમાં વર્તમાન છે. તે ધ્યાનથી પ્રભુ સૂક્ષ્મ કાયયોગનો નિરોધ કરે છે.

(૩) આમ યોગનિરોધ થઈ જતાં પ્રભુ ચૌદમા અયોગી કેવલી ગુણઠાણે પહોંચી જાય છે. આ ગુણઠાણે પ્રભુની મેરુપર્વત જેવી નિષ્પ્રકંપ અવસ્થા હોવાથી આ ગુણઠાણાને શૈલેશીકરણ પણ કહેવાય છે.આ ગુણઠાણે યોગ અને લેશ્યાના કલંક વિનાના યથાખ્યાત નામના શ્રેષ્ઠ ચારિત્રના પ્રભુ સ્વામી હોવાથી પણ આ ગુણઠાણાને શૈલેશીકરણ કહેવાય છે.

(૪) ચૌદમા ગુણઠાણાનો કાળ મધ્યમ રીતે પાંચ હ્રસ્વાક્ષર (અ, ઈ, ઉ, ઋ, લૃ) ના ઉચ્ચારણકાળ જેટલો છે.

(૫) ચૌદમા ગુણઠાણે પ્રભુ વ્યુપરતક્રિયાઅનિવૃત્તિ શુક્લધ્યાન નામના શુક્લધ્યાનના ચોથા પ્રકારમાં વર્તમાન હોય છે. તે ધ્યાનથી પ્રભુ બાકીના ચાર અઘાતી કર્મોને ખપાવે છે.

(૬) ચૌદમા ગુણઠાણે પ્રભુ આત્મપ્રદેશોથી શરીરના પોલાણોને પૂરી દે

છે. તેથી પ્રભુનો આત્મા ઘન બની જાય છે. ત્યારે શરીરમાં તેમના આત્માની અવગાહના ૨/૩ ભાગમાં હોય છે. પોલાણો પૂરાવાના કારણે અવગાહના ૧/૩ ભાગ ઓછી થઈ જાય છે.

(૭) ચૌદમા ગુણઠાણાના ઉપાન્ત્યસમયે પ્રભુ ૭૨ (મતાંતરે ૭૩) કર્મપ્રકૃતિઓને ખપાવે છે અને અન્તિમસમયે ૧૩ (મતાંતરે ૧૨) કર્મપ્રકૃતિઓને ખપાવે છે.

(૮) આમ બધા કર્મો ખપી જતાં ધનુષ્યમાંથી છૂટેલ બાણ જેવી ગતિથી પ્રભુ એક જ સમયમાં સિદ્ધશિલાની ઉપર લોકના અગ્રભાગે રહેલ મોક્ષમાં પહોંચી જાય છે.

(૯) વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર - આ ચારે અઘાતીકર્મો ખપી જવાથી પ્રભુના અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ, અરૂપીપણું અને અગુરુલઘુપણું - આ ચાર ગુણો પ્રગટ થાય છે. મોક્ષમાં પ્રભુ સાદિ-અનંત કાળ સુધી રહે છે. ત્યાં પ્રભુ અનંતગુણોના સ્વામી છે. પ્રભુના બધા દુઃખો ક્ષય થઈ ગયા છે. પ્રભુ અનંત આનંદમાં મહાલે છે.

(૧૦) પ્રભુની સાથે કેટલાક ગણધરભગવંતો અને મુનિભગવંતો પણ નિર્વાણ પામે છે.

(૧૧) પ્રભુના નિર્વાણ વખતે ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે અને બધા જીવોને સુખનો અનુભવ થાય છે.

## ♦ દેવો વડે કરાતી નિર્વાણકલ્યાણની ઉજવણી ♦

પ્રભુના નિર્વાણ વખતે ઈન્દ્રોના આસન કંપે છે. અવધિજ્ઞાનથી પ્રભુના નિર્વાણને જાણીને ઈન્દ્રો અને દેવો નિર્વાણકલ્યાણકને ઊજવવા પૃથ્વીતલ પર આવે છે. તે વખતે નીચે પ્રમાણે ઘટનાઓ બને છે -

(૧) દેવોના મનમાં એકબાજુ પ્રભુ મોક્ષે પધાર્યાનો આનંદ છે તો બીજી બાજુ પ્રભુનો વિરહ થયાનો શોક છે.

(૨) ઈન્દ્રો દેવો પાસે ગોશીર્ષચંદનના લાકડા મંગાવીને ત્રણ ચિતા રચાવે છે - એક પ્રભુના શરીર માટે, એક ગણધરોના શરીર માટે અને એક મુનિઓના શરીર માટે.

(૩) ઈન્દ્રો દેવો પાસે ક્ષીરસમુદ્રનું પાણી મંગાવે છે. તેનાથી તેઓ પ્રભુના શરીરને નવડાવે છે.

(૪) ત્યારપછી તેઓ ગંધકાષાયી વસ્ત્રથી પ્રભુનું શરીર લૂછે છે.

(૫) ત્યારપછી તેઓ પ્રભુના શરીર પર ગોશીર્ષચંદનથી વિલેપન કરે છે.

(૬) ત્યારપછી તેઓ પ્રભુના શરીર પર હંસના ચિત્રવાળું દેવદૂષ્ય પહેરાવે છે.

(૭) ત્યારપછી તેઓ પ્રભુના શરીરને દિવ્ય અલંકારોથી સુશોભિત કરે છે.

(૮) અન્ય દેવો તે જ રીતે ગણધરો અને મુનિઓના શરીરોના સ્નાન-વિલેપન કરીને વસ્ત્રો-અલંકારોથી તેમને વિભૂષિત કરે છે.

(૯) ઈન્દ્રની આજ્ઞાથી કુબેર નૈઋત્યખૂણામાં હજાર પુરુષો ઉપાડી શકે તેવી ત્રણ શિબિકા બનાવે છે.

(૧૦) ઈન્દ્ર પ્રભુના શરીરને શિબિકામાં સ્થાપિત કરે છે. અન્ય દેવો ગણધરો અને મુનિઓના શરીરોને શિબિકામાં સ્થાપિત કરે છે.

(૧૧) ઈન્દ્રો અને દેવો શિબિકાઓને ઊંચકીને ચિતા તરફ લઈ જાય છે.

(૧૨) ત્યારે દેવીઓ હાથતાળીઓ પાડીને રાસડા લે છે.

(૧૩) દેવો સંગીત વગાડે છે.

(૧૪) આગળ દેવો ધૂપની ઘડીઓ લઈને ચાલે છે.

(૧૫) કેટલાક લોકો શિબિકાની ઉપર પુષ્પમાળાઓ ચડાવે છે.

(૧૬) કેટલાક લોકો શિબિકા ઉપર ચડાવેલી પુષ્પમાળાઓ શેષરૂપે ગ્રહણ કરે છે.

(૧૭) કેટલાક લોકો દેવદૂષ્યના તોરણો બંધાવે છે.

(૧૮) કેટલાક લોકો લીપણ કરે છે.

(૧૯) કેટલાક લોકો યક્ષકર્દમનો છંટકાવે કરે છે. યક્ષકર્દમ એટલે કેસર, અગર, કસ્તૂરી, કપૂર, ચંદન - આ પાંચ વસ્તુઓને સમભાગે મિશ્ર કરીને બનાવેલ ચૂર્ણ.

(૨૦) કેટલાક લોકો પૃથ્વી પર આળોટે છે.

(૨૧) કેટલાક લોકો દોડે છે.

(૨૨) કેટલાક લોકો 'નાથ ! નાથ !' એમ બોલે છે.

(૨૩) કેટલાક લોકો 'અમે કમભાગી છીએ કે અમને પ્રભુનો વિયોગ થયો.' એમ પોતાની નિંદા કરે છે.

(૨૪) કેટલાક લોકો 'અમને શિક્ષા આપો પ્રભુ !' એમ વિનંતિ કરે છે.

(૨૫) કેટલાક લોકો પૂછે છે, 'ધર્મસંબંધી સંશય કોણ છેદશે ?'

(૨૬) કેટલાક લોકો પશ્ચાત્તાપ કરે છે, 'અમે આંધળાની જેમ ક્યાં જઈએ ?'

(૨૭) કેટલાક ઈચ્છે છે કે, 'પૃથ્વી અમને જગ્યા આપે તો અમે પૃથ્વીમાં સમાઈ જઈએ.'

(૨૮) ચિતા પાસે પહોંચીને ઈન્દ્ર પ્રભુનું શરીર શિબિકામાંથી ઉપાડીને ચિતા પર સ્થાપિત કરે છે. અન્ય દેવો ગણધરો અને મુનિઓના શરીરોને ચિતા પર સ્થાપિત કરે છે.

(૨૯) ઈન્દ્રની આજ્ઞાથી અગ્નિકુમારદેવો ચિતામાં અગ્નિ પ્રગટાવે છે.

(૩૦) ઈન્દ્રના આદેશથી વાયુકુમારદેવો વાયુ વિકુર્વી અગ્નિને પ્રજ્વલિત કરે છે.

(૩૧) ઈન્દ્રની આજ્ઞાથી દેવો અગ્નિમાં કાલાગરુ, ચન્દન વગેરે સારા લાકડા, ઘણા ભાર પ્રમાણ કપૂર વગેરે અને ઘડા ભરી ભરીને ઘી નાંખે છે.

(૩૨) અગ્નિ પ્રભુના, ગણધરોના અને મુનિઓના ઔદારિક શરીરને બાળે છે.

(૩૩) જ્યારે હાડકા સિવાયના શરીરો બળી જાય છે ત્યારે ઈન્દ્રના આદેશથી મેઘકુમારદેવો પાણી વરસાવીને ત્રણે ચિતાઓને શાંત કરે છે.

(૩૪) સૌધર્મેન્દ્ર પ્રભુની જમણી બાજુની ઉપરની દાઢ લે છે.

(૩૫) ઈશાનેન્દ્ર પ્રભુની ડાબી બાજુની ઉપરની દાઢ લે છે.

(૩૬) ચમરેન્દ્ર પ્રભુની જમણી બાજુની નીચેની દાઢ લે છે.

(૩૭) બલીન્દ્ર પ્રભુની ડાબી બાજુની નીચેની દાઢ લે છે.

(૩૮) બીજા દેવતાઓ પ્રભુના શરીરના બીજા હાડકાઓ લે છે.

(૩૯) ઈન્દ્રો અને દેવો આ દાઢો અને હાડકાઓ પોતાના વિમાનમાં લઈ જઈને જિનપ્રતિમાની જેમ પૂજે છે.

(૪૦) દેવીઓ પુષ્પો લે છે.

(૪૧) રાજાઓ વસ્ત્રો લે છે.

(૪૨) લોકો ચિતાનો અગ્નિ અને રાખ પોતાના ઘરે લઈ જાય છે.

(૪૩) રાખ ખાલી થઈ જતાં લોકો ત્યાંની માટી ઘરે લઈ જાય છે. આમ ત્યાં મોટો ખાડો થઈ જાય છે.

(૪૪) 'અન્ય લોકોના ચાલવાથી આ ભૂમિની આશાતના ન થાઓ.' એમ વિચારીને તેમજ 'અહીં સતત તીર્થ પ્રવર્તતું રહો' એમ ધારીને દેવો પ્રભુની ચિતાના સ્થાને રત્નોથી ખાડો પૂરીને રત્નનો સ્તૂપ બનાવી દે છે. દેવો ગણધરો અને મુનિઓની ચિતાના સ્થાને પણ ૧-૧ સ્તૂપ બનાવે છે.

(૪૫) આ રીતે પ્રભુના નિર્વાણકલ્યાણકનો મહોત્સવ કરીને ઈન્દ્રો અને દેવો નન્દીશ્વરદ્વીપમાં જઈને અષ્ટાહ્નિકામહોત્સવ કરે છે. ત્યાંથી ઈન્દ્રો અને દેવો પોતપોતાના સ્થાનમાં જાય છે.

(૪૬) દેવલોકમાં જઈને ઈન્દ્રો સુધર્માસભામાં માણવકસ્તંભમાં લટકતાં વજ્રના ગોળ દાભડામાં પ્રભુની દાઢો અને હાડકાઓ મૂકે છે. તેઓ દરરોજ તેમની ગંધ, પુષ્પ વગેરેથી પૂજા કરે છે. તેમના પ્રભાવથી તેમનો હંમેશા વિજય થાય છે અને તેમને હંમેશા મંગળ થાય છે. તેમની આશાતનાના ભયથી ઈન્દ્રો સુધર્માસભામાં કામક્રીડા કરતા નથી.

આ રીતે પ્રભુનું નિર્વાણકલ્યાણક ઊજવાય છે.

### ♦ નિર્વાણકલ્યાણકની તિથિ, તપ અને મોક્ષે જનારાની સંખ્યા ♦

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા ૨૪ તીર્થંકરોના નિર્વાણકલ્યાણકોની તિથિઓ, નિર્વાણકલ્યાણકનો તપ અને સાથે મોક્ષે જનારાની સંખ્યા નીચેના કોઠામાં દર્શાવેલ છે –

| ક્રમાંક | ભગવાનનું નામ | નિર્વાણકલ્યાણકની તિથિ | નિર્વાણકલ્યાણકનો તપ | સાથે મોક્ષે જનારાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | પોષ વદ ૧૩ | ૬ ઉપવાસ | ૧૦,૦૦૦ |
| ૨ | અજિતનાથ | ચૈત્ર સુદ ૫ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |

| ક્રમાંક | ભગવાનના નામ | નિર્વાણકલ્યાણકની તિથિ | નિર્વાણકલ્યાણકનો તપ | સાથે મોક્ષે જનારાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૩ | સંભવનાથ | ચૈત્ર સુદ ૫ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૪ | અભિનંદનસ્વામી | વૈશાખ સુદ ૮ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૫ | સુમતિનાથ | ચૈત્ર સુદ ૯ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | કારતક વદ ૧૧ | ૩૦ ઉપવાસ | ૩૦૮ |
| ૭ | સુપાર્શ્વનાથ | મહા વદ ૭ | ૩૦ ઉપવાસ | ૫૦૦ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | શ્રાવણ વદ ૭ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૯ | સુવિધિનાથ | ભાદરવા સુદ ૯ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૧૦ | શીતલનાથ | ચૈત્ર વદ ૨ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૧૧ | શ્રેયાંસનાથ | અષાઢ વદ ૩ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | અષાઢ સુદ ૧૪ | ૩૦ ઉપવાસ | ૬૦૦ |
| ૧૩ | વિમલનાથ | જેઠ વદ ૭ | ૩૦ ઉપવાસ | ૬,૦૦૦ |
| ૧૪ | અનંતનાથ | ચૈત્ર સુદ ૫ | ૩૦ ઉપવાસ | ૭,૦૦૦ |
| ૧૫ | ધર્મનાથ | જેઠ સુદ ૫ | ૩૦ ઉપવાસ | ૧૦૮ |
| ૧૬ | શાન્તિનાથ | વૈશાખ વદ ૧૩ | ૩૦ ઉપવાસ | ૯૦૦ |
| ૧૭ | કુંથુનાથ | ચૈત્ર વદ ૧ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૧૮ | અરનાથ | માગસર સુદ ૧૦ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૧૯ | મલ્લિનાથ | ફાગણ સુદ ૧૨ | ૩૦ ઉપવાસ | ૫૦૦ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | વૈશાખ વદ ૯ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૨૧ | નમિનાથ | ચૈત્ર વદ ૧૦ | ૩૦ ઉપવાસ | ૧,૦૦૦ |
| ૨૨ | નેમિનાથ | અષાઢ સુદ ૮ | ૩૦ ઉપવાસ | ૫૩૬ |
| ૨૩ | પાર્શ્વનાથ | શ્રાવણ સુદ ૮ | ૩૦ ઉપવાસ | ૩૩ |
| ૨૪ | મહાવીરસ્વામી | આસો વદ ૩૦ | છટ્ઠ | - |

* * * * *

# ❑ કલ્યાણકભૂમિઓ ❑

આ ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં થયેલા ૨૪ ભગવાનના ૫ કલ્યાણકોની ભૂમિઓ નીચેના કોઠામાં દર્શાવેલ છે.

| ક્ર. | ભગવાનનું નામ | ચ્યવનકલ્યાણકની ભૂમિ | જન્મકલ્યાણકની ભૂમિ | દીક્ષાકલ્યાણકની ભૂમિ | કેવળજ્ઞાનકલ્યાણકની ભૂમિ | નિર્વાણ-કલ્યાણકની ભૂમિ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | પુરિમતાલપુર✠ | અષ્ટાપદગિરિ |
| ૨ | અજિતનાથ | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૩ | સંભવનાથ | શ્રાવસ્તીનગરી | શ્રાવસ્તીનગરી | શ્રાવસ્તીનગરી | શ્રાવસ્તીનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૪ | અભિનંદનસ્વામી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૫ | સુમતિનાથ | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૬ | પદ્મપ્રભસ્વામી | કૌશાંબીપુરી | કૌશાંબીપુરી | કૌશાંબીપુરી | કૌશાંબીપુરી | સમ્મેતશિખરગિરિ |
| ૭ | સુપાર્શ્વનાથ | ભદૈની (વારાણસીનગરી) | ભદૈની (વારાણસીનગરી) | ભદૈની (વારાણસીનગરી) | ભદૈની (વારાણસીનગરી) | સમ્મેતશિખરગિરિ |
| ૮ | ચન્દ્રપ્રભસ્વામી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | સમ્મેતશિખરગિરિ |
| ૯ | સુવિધિનાથ | કાકંદીનગરી❑ | કાકંદીનગરી | કાકંદીનગરી | કાકંદીનગરી | સમ્મેતશિખિરગિરિ |
| ૧૦ | શીતલનાથ | ભદ્રિલપુર (ભદ્રિકાપુરી) | ભદ્રિલપુર (ભદ્રિકાપુરી) | ભદ્રિલપુર (ભદ્રિકાપુરી) | ભદ્રિલપુર (ભદ્રિકાપુરી) | સમ્મેતશિખરગિરિ |
| ૧૧ | શ્રેયાંસનાથ | સિંહપુરી (વારાણસીનગરી) | સિંહપુરી (વારાણસીનગરી) | સિંહપુરી (વારાણસીનગરી) | સિંહપુરી (વારાણસીનગરી) | સમ્મેતશિખરગિરિ |

✠ હાલ પ્રયાગ કે અલાહાબાદ ❑ હાલ ખુખુંદુ

| ક્ર. | ભગવાનનું નામ | ચ્યવનકલ્યાણકની ભૂમિ | જન્મકલ્યાણકની ભૂમિ | દીક્ષાકલ્યાણકની ભૂમિ | કેવળજ્ઞાનકલ્યાણકની ભૂમિ | નિર્વાણ-કલ્યાણકની ભૂમિ |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | વાસુપૂજ્યસ્વામી | ચંપાપુરી❑ | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી | ચંપાપુરી |
| ૧૩ | વિમલનાથ | કાંપિલ્યપુર | કાંપિલ્યપુર | કાંપિલ્યપુર | કાંપિલ્યપુર | સમ્મેતશિખરગિરિ |
| ૧૪ | અનંતનાથ | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | અયોધ્યાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૧૫ | ધર્મનાથ | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | રત્નપુરી | સમ્મેતશિખરગિરિ |
| ૧૬ | શાન્તિનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખરગિરિ |
| ૧૭ | કુંથુનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખરગિરિ |
| ૧૮ | અરનાથ | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેતશિખરગિરિ |
| ૧૯ | મલ્લિનાથ | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામી | રાજગૃહીનગરી | રાજગૃહીનગરી | રાજગૃહીનગરી | રાજગૃહીનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૨૧ | નમિનાથ | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | સમ્મેતશિખરગિરિ |
| ૨૨ | નેમિનાથ | સૌરીપુરી | સૌરીપુરી | ગિરનારગિરિ | ગિરનારગિરિ | ગિરનાગગિરિ |
| ૨૩ | પાર્શ્વનાથ | વારાણસીનગરી | વારાણસીનગરી | વારાણસીનગરી | વારાણસીનગરી | સમ્મેતશિખિરગિરિ |
| ૨૪ | મહાવીરસ્વામી | બ્રાહ્મણકુંડનગર | ક્ષત્રિયકુંડનગર | ક્ષત્રિયકુંડનગર | ઋજુવાલિકાનદીતીર (જૃંભિકગ્રામ) | પાવાપુરી |

❑ હાલ ભાગલપુર

## ❑ વિહરમાન ભગવાનના કલ્યાણકો ❑

### ♦ ૨૦ વિહરમાન ભગવાનના ૫ કલ્યાણકો ♦

મનુષ્યક્ષેત્રના પાંચ મહાવિદેહક્ષેત્રોમાં દરેકમાં હાલ ૪-૪ તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે. આમ હાલ પાંચ મહાવિદેહક્ષેત્રોમાં કુલ ૨૦ તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે. આ વીસે તીર્થંકરભગવંતોના પાંચે કલ્યાણકો એકસાથે જ થાય છે. તેમના ચ્યવનકલ્યાણક, જન્મકલ્યાણક, દીક્ષાકલ્યાણક અને કેવળજ્ઞાનકલ્યાણક - આ ચાર કલ્યાણકો થઈ ગયા છે. તેમનું નિર્વાણકલ્યાણક ભવિષ્યમાં થવાનું છે. આ ૨૦ વિહરમાન તીર્થંકર ભગવંતોના ૫ કલ્યાણકોની તિથિઓ નીચે મુજબ છે -

(૧) ચ્યવનકલ્યાણક - અષાઢ વદ ૧

(૨) જન્મકલ્યાણક - ચૈત્ર વદ ૧૦

(૩) દીક્ષા કલ્યાણક - ફાગણ સુદ ૩

(૪) કેવળજ્ઞાનકલ્યાણક - ચૈત્ર સુદ ૧૩

(૫) નિર્વાણકલ્યાણક - શ્રાવણ સુદ ૩

* * * * *

**હે શરણાગતવત્સલ !** જેમ ભિખારીને ઘણા કાળે ધન મળે અને આનંદ થાય તેમ ઘણા કાળે આપના દર્શન પામીને અમને આનંદ થાય છે.

**હે તરણતારણજહાજ !** જેમ ઊંચા વાદળોને જોઈને જીવોનો તાપ દૂર થાય છે અને તેઓ આનંદ પામે છે, તેમ આપને જોઈને જીવોનો સંતાપ દૂર થાય છે અને તેઓ આનંદ પામે છે.

**હે પરોપકારવ્યસની !** જેમ વસંત આવવાથી વૃક્ષોની શોભા નવી થઈ જાય છે તેમ આપના દર્શનથી જીવોના દેદાર બદલાઈ જાય છે.

**હે નિષ્કારણબંધુ !** મારા જીવનમાં જેટલા દિવસો આપના દર્શનથી પવિત્ર થયા તેટલા દિવસો જ સાચા દિવસો છે, બાકીના દિવસો તો કૃષ્ણપક્ષની રાત્રી જેવા છે.

## ❑ કલ્યાણકોના સૂચનો અને આરાધનાથી થતાં લાભો ❑

### ♦ પ્રભુના કલ્યાણકોનું સૂચન ♦

પ્રભુના પાંચે કલ્યાણકો પ્રભુના ક્યાંકથી છુટકારાને સૂચવે છે -

(૧) પ્રભુનું ચ્યવનકલ્યાણક સૂચવે છે કે પ્રભુનો દેવભવમાંથી છુટકારો થયો.

(૨) પ્રભુનું જન્મકલ્યાણક સૂચવે છે કે પ્રભુનો ગર્ભાવાસમાંથી છુટકારો થયો.

(૩) પ્રભુનું દીક્ષાકલ્યાણક સૂચવે છે કે પ્રભુનો ગૃહવાસમાંથી છુટકારો થયો.

(૪) પ્રભુનું કેવળજ્ઞાનકલ્યાણક સૂચવે છે કે પ્રભુનો ઘાતીકર્મોના બંધનમાંથી છુટકારો થયો.

(૫) પ્રભુનું નિર્વાણકલ્યાણક સૂચવે છે કે પ્રભુનો સંસારવાસમાંથી છુટકારો થયો.

### ♦ પ્રભુના કલ્યાણકોની આરાધનાથી થતાં લાભો ♦

પ્રભુના પાંચે કલ્યાણકોની આરાધનાથી આત્માને વિશિષ્ટ લાભ થાય છે. તે આ પ્રમાણે -

(૧) પ્રભુના ચ્યવનકલ્યાણકની આરાધનાથી ગર્ભાવાસની કેદમાં બંધાવું પડતું નથી. જ્યાંસુધી મોક્ષ ન થાય ત્યાંસુધી ઊંચાકુળમાં ઉત્પત્તિ થાય છે, હલકાકુળમાં ઉત્પત્તિ થતી નથી.

(૨) પ્રભુના જન્મકલ્યાણકની આરાધનાથી જીવ અજન્મા બની જાય છે, એટલે કે જીવ એવા સ્થાનમાં (મોક્ષમાં) પહોંચી જાય છે કે જ્યાંથી ફરી સંસારમાં જન્મ લેવો પડતો નથી. જ્યાંસુધી મોક્ષ ન થાય ત્યાંસુધી તેનો જન્મ સ્વ-પર માટે કલ્યાણકારી બને છે.

(૩) પ્રભુના દીક્ષાકલ્યાણકની આરાધનાથી વૈરાગ્ય વધે છે અને ચારિત્ર પ્રાપ્ત થાય છે, ચારિત્રનું અપ્રમત્તપણે પાલન કરવાની ભાવના અને સામર્થ્ય સાંપડે છે.

(૪) પ્રભુના કેવળજ્ઞાનકલ્યાણકની આરાધનાથી અજ્ઞાન અને મિથ્યાજ્ઞાન દૂર થાય છે તથા જ્ઞાનની ઉત્તરોત્તર વૃદ્ધિ થતા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૫) પ્રભુના નિર્વાણકલ્યાણકની આરાધનાથી સંસારકારાવાસમાંથી છુટકારો થાય છે અને શીઘ્ર મુક્તિની પ્રાપ્તિ થાય છે.

(૬) પ્રભુના કલ્યાણકો વખતે ચૌદ રાજલોકમાં અજવાળા થાય છે. પ્રભુના કલ્યાણકોની આરાધનાથી આપણા આત્મામાં પણ સમ્યગ્જ્ઞાનનું અજવાળું થાય છે.

(૭) પ્રભુના કલ્યાણકો વખતે બધા જીવોને સુખનો અનુભવ થાય છે. પ્રભુના કલ્યાણકોની આરાધનાથી આપણને પણ આત્મિક સાચા સુખનો અનુભવ થાય છે.

(૮) પ્રભુના કલ્યાણકો વખતે ઈન્દ્રનું અચલ સિંહાસન કંપે છે. આપણી હૃદયભૂમિ પર અનાદિકાળથી મોહરાજનું સિંહાસન અચલ રહ્યું છે. પ્રભુના કલ્યાણકોની આરાધનાથી મોહરાજનું સિંહાસન કંપે છે અને મોહરાજ ઊથલી પડે છે. પછી આપણી હૃદયભૂમિના સિંહાસન પર પ્રભુ બિરાજમાન થાય છે અને કર્મો સામેના યુદ્ધમાં આપણો વિજય થાય છે.

(૯) કલ્યાણકોની આરાધનાથી પ્રભુની સાથે એક વિશેષ પ્રકારનો સંબંધ બંધાય છે, પ્રભુની સાથે અંતરંગ પ્રીતિ ઊભી થાય છે અને એક દિવસ આત્મા સ્વયં પરમાત્મા બની જાય છે.

માટે બીજા નકામા કાર્યો છોડીને કલ્યાણકોની આરાધનામાં ઉત્સાહસભર જોડાઈ જવું જોઈએ.

* * * * *

**હે ભવોદધિજહાજ !** જ્યાં સુધી સૂર્ય ઊગતો નથી ત્યાં સુધી જ અંધકાર હોય છે. જ્યાં સુધી સિંહ આવતો નથી ત્યાં સુધી જ હાથીઓ મદથી આંધળા હોય છે. જ્યાં સુધી કલ્પવૃક્ષ નથી મળતું ત્યાં સુધી જ દરિદ્રતા હોય છે. જ્યાં સુધી વરસાદ નથી વરસતો ત્યાં સુધી જ પાણીની તંગી હોય છે. જ્યાં સુધી પૂર્ણ ચન્દ્ર નથી ઊગતો ત્યાં સુધી જ દિવસનો સંતાપ હોય છે. તેમ જ્યાં સુધી આપના દર્શન નથી થતાં ત્યાં સુધી જ કુબોધ ટકે છે.

## ❑ કલ્યાણકોની આરાધના ❑

**• કલ્યાણકોની આરાધના અનેક રીતે થઈ શકે છે -**

**(૧) કલ્યાણકભૂમિની આરાધના -**

પ્રભુની કલ્યાણકભૂમિઓમાં જઈને ત્યાં થોડા દિવસ રહેવું. ત્યાંના સ્પંદનોનો અનુભવ કરવો. ત્યાં રહેલી પ્રભુની ઊર્જાનો અનુભવ કરવો. ત્યાંના પવિત્ર વાતાવરણનો અનુભવ કરવો. આ બધા દ્વારા આપણી આત્મિક ચેતનાને જાગ્રત કરવી અને અધ્યાત્મમાર્ગે પ્રગતિ કરવી. વર્ષો પહેલા તે ભૂમિમાં થયેલા પ્રભુના કલ્યાણકોને કલ્પનાની આંખથી નિહાળવા અને માણવા. પ્રભુના કલ્યાણકો વખતે આપણે સાક્ષાત્ હાજર હતા અને આપણી નજર સમક્ષ બધા પ્રસંગો થઈ રહ્યા હતા તેમ જોવું. અથવા અત્યારે આપણી હાજરીમાં જ પ્રભુના કલ્યાણકો ઊજવાઈ રહ્યા છે તેમ જોવું. આમ જોવાથી આપણી રોમરાજી વિકસિત થઈ જાય અને આપણા હૈયામાં આનંદ આનંદ થઈ જાય.

**કલ્યાણકભૂમિમાં સ્થિરતા દરમ્યાન નીચે પ્રમાણે આરાધના કરવી -**

(૧) અષ્ટપ્રકારી પૂજા કરવી.
(૨) ત્રિકાળ દેવવંદન કરવા.
(૩) ઉભયટંક પ્રતિક્રમણ કરવા.
(૪) યથાશક્તિ ઉપવાસ વગેરે તપ કરવો.
(૫) તે તે કલ્યાણકનું ધ્યાન કરવું.
(૬) ૧૨ સાથિયા કરવા.
(૭) ૧૨ પ્રદક્ષિણા + ૧૨ ખમાસમણા આપવા.
(૮) ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.
(૯) તે તે કલ્યાણકભૂમિનો મહિમા સ્વયં સમજવો અને લોકોને સમજાવી તેમને કલ્યાણકભૂમિની આરાધનામાં તત્પર બનાવવા.
(૧૦) કલ્યાણકભૂમિની રક્ષા અને પ્રભાવના કરવી.
(૧૧) કલ્યાણકભૂમિનો જીર્ણોદ્ધાર કરવો - કરાવવો.

(૧૨) કલ્યાણકભૂમિના રક્ષા, જીર્ણોદ્ધાર, પ્રભાવના વગેરે માટે ઉદારદિલે દાન કરવું.

(૧૩) તે તે કલ્યાણકની ૨૦ માળા ગણવી.

**♦ જાપમંત્ર ♦**

ચ્યવનકલ્યાણક - ૐ હ્રીઁ શ્રી...... પરમેષ્ઠિને નમઃ

જન્મકલ્યાણક - ૐ હ્રીઁ શ્રી...... અર્હતે નમઃ

દીક્ષાકલ્યાણક - ૐ હ્રીઁ શ્રી...... નાથાય નમઃ

કેવળજ્ઞાનકલ્યાણક - ૐ હ્રીઁ શ્રી...... સર્વજ્ઞાય નમઃ

નિર્વાણકલ્યાણક - ૐ હ્રીઁ શ્રી...... પારંગતાય નમઃ

(જે પ્રભુની કલ્યાણભૂમિ હોય તેમનું નામ ખાલી જગ્યામાં જોડવું.)

**(૨) કલ્યાણકતિથિની આરાધના :-** આ આરાધના નીચે મુજબ કરવી-

(૧) તે તે કલ્યાણકતિથિએ શક્ય હોય તો ઉપવાસ કરવો, નહીંતર યથાશક્તિ તપ કરવો.

(૨) ત્રિકાળ દેવવંદન કરવા.

(૩) ઉભયટંક પ્રતિક્રમણ કરવા.

(૪) અષ્ટપ્રકારી પૂજા કરવી.

(૫) તે તે કલ્યાણકનું ધ્યાન કરવું.

(૬) ૧૨ સાથીયા કરવા.

(૭) ૧૨ પ્રદક્ષિણા + ૧૨ ખમાસમણા આપવા.

(૮) ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

(૯) તે તે કલ્યાણકની ૨૦ માળા ગણવી. જાપમંત્ર પૂર્વે બતાવેલ છે.

(૧૦) તપ પૂર્ણ થયે ઉજમણું કરવું.

(૧૧) તપની પૂર્ણાહુતિ નિમિત્તે કલ્યાણકભૂમિઓની યાત્રા કરવી.

**(૩) ૨૪ ભગવાનનો દીક્ષાતપ કરવો.**

**(૪) ૨૪ ભગવાનનો કેવળજ્ઞાનતપ કરવો.**

**(૫) ૨૪ ભગવાનનો મોક્ષતપ કરવો.**

**(૬) પંચકલ્યાણકની પૂજા ભણાવવી.**

**(૭) પ્રભુના કલ્યાણકોની દરરોજ સંક્ષેપમાં ઉજવણી કરવી.**

પ્રભુના ચ્યવનકલ્યાણક અને જન્મકલ્યાણકનું મહોપાધ્યાય શ્રીવીરવિજયજી મહારાજે સ્નાત્રપૂજામાં કાવ્યાત્મક શૈલીથી સુંદર વર્ણન કર્યું છે. તેના આધારે હાલ ઘણા દેરાસરોમાં શ્રાવકો-શ્રાવિકાઓ દરરોજ પ્રભુના ચ્યવનકલ્યાણક અને જન્મકલ્યાણકની ઉજવણી સંક્ષેપથી કરે છે.

તે જ રીતે પ્રભુના દરેક કલ્યાણકનું કાવ્યાત્મક શૈલીથી વર્ણન કરતી સ્નાત્રપૂજા જેવી બીજી પૂજાઓ બનાવીને તેના આધારે દરરોજ તે તે કલ્યાણકની સંક્ષેપથી ઉજવણી કરવી. હાલમાં એક મહાત્માએ પ્રભુના દીક્ષાકલ્યાણકનું કાવ્યાત્મક વર્ણન કરીને દીક્ષાપૂજા બનાવી છે. બીજા મહાત્માઓ પણ આ દિશામાં પ્રયત્ન કરે તો બીજા કલ્યાણકોની પણ આવી પૂજાઓ બનાવી શકે. મહાત્માઓ ગૃહસ્થોને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપે તો સ્નાત્રપૂજાની જેમ બાકીના કલ્યાણકોની પણ નવી રચાયેલી આ પૂજાઓ દ્વારા દરરોજ સંક્ષેપથી ઉજવણી થઈ શકે.

**(૮) વર્ષમાં એકવાર દરેક કલ્યાણકની ભવ્ય ઉજવણી વિસ્તારથી અને ઠાઠમાઠથી કરવી.** શ્રાવકના વાર્ષિક ૧૧ કર્તવ્યોમાંનું ચોથું કર્તવ્ય છે - વર્ષમાં એક વાર ભવ્ય સ્નાત્રમહોત્સવ કરવો. એવી જ રીતે વર્ષમાં એક વાર બાકીના કલ્યાણકોની ઉજવણીનો ભવ્ય મહોત્સવ ઊજવી શકાય. તે મહોત્સવ ૫-૬ કલાક ચાલે. તેમાં વિવિધ રચનાઓ કરી શકાય, જુદા જુદા પાત્રો તૈયાર કરી શકાય, અભિનય-નૃત્ય-સંવાદ વગેરે ગોઠવી શકાય, ગીત અને સંગીત દ્વારા ભક્તિ જમાવી શકાય, રસાળ વિવેચન દ્વારા બધાને પ્રભુભક્તિમાં તરબોળ બનાવી શકાય.

આમ વિવિધ રીતે કલ્યાણકોની આરાધના કરીને આપણે આપણા આત્માને પ્રભુભક્તિથી અને પ્રભુના ગુણોથી ભાવિત કરવો.

પ્રભુના કલ્યાણકો વખતે પ્રભુના આત્મામાં ઘણા ફેરફારો થાય છે અને જગતમાં ઘણા ભૌતિક ફેરફારો થાય છે. જો આપણે ભાવથી પ્રભુના

કલ્યાણકોની આરાધના કરીએ તો આપણા બાહ્ય અને અભ્યંતર જીવનમાં ઘણાં ફેરફારો થાય-બહાર સમૃદ્ધિ વધે, અંદર ગુણો વધે. બહાર પુણ્ય વધે, અંદર શુદ્ધિ વધે. ગુણો અને શુદ્ધિ વધતા એક દિવસ આપણો આત્મા સર્વગુણસંપન્ન અને સર્વવિશુદ્ધ બને છે.

કલ્યાણકોની આરાધના એ એક અવ્વલ કોટીની આરાધના છે. આપણા સદ્ભાગ્યે આ આરાધના આપણને મળી છે. ચાલો, કલ્યાણકોની આરાધનામાં જોડાઈ જઈએ અને આપણા જન્મને સફળ કરીએ.

* * * * *

**હે કરુણાનિધાન !** જો આપ વીતરાગ છો તો આપના હાથ-પગમાં રાગ (રંગ) કેમ છે ? જો આપે વક્રતા છોડી દીધી છે તો આપના વાળ કેમ વાંકા છે ? જો આપ પ્રજાના પાલક છો તો આપના હાથમાં કેમ દાંડો નથી ? જો આપ સંગ રહિત છો તો આપ ત્રણ લોકના નાથ કેમ છો ? જો આપ મમતા રહિત છો તો આપ બધા પર કરુણાવાળા કેમ છો ? જો આપે અલંકારો છોડી દીધા છે તો આપને રત્નત્રયી કેમ પ્રિય છે ? જો આપ દયાળુ છો તો આપે કામનો નિગ્રહ શી રીતે કર્યો ? જો આપ ભય વિનાના છો તો સંસારથી કેમ ભયભીત છો ? જો આપ ઉપેક્ષા કરનારા છો તો આપે વિશ્વ પર ઉપકાર શી રીતે કર્યો ? જો આપ સ્વભાવથી શાંત છો તો આપે લાંબા કાળ સુધી તપ કેમ કર્યો ? જો આપ ગુસ્સા રહિત છો તો આપે કર્મો પર ગુસ્સો કેમ કર્યો ? જો આપ વિશ્વને અનુકૂળ છો તો મિથ્યાદષ્ટિના દુશ્મન કેમ છો ?

**હે સ્વામી !** હું ઈચ્છું છું કે આપને જોવા મને અનંત આંખો મળે, આપની સ્તવના કરવા મને અનંત જીભો મળે અને આપની પૂજા કરવા મને અનંત હાથો મળે.

# પરિશિષ્ટ - ૧

## તીર્થંકરપ્રભુના વાર્ષિકદાનના છ અતિશયો

(૧) સૌધર્મેન્દ્ર પ્રભુના હાથમાં શક્તિનો સંચાર કરે, જેથી પ્રભુ દાન માટેનું દ્રવ્ય લેતાં અને યાચકોને તે આપતાં થાકે નહીં. પ્રભુ અતુલ શક્તિવાળા છે, છતાં દેવોનો આવો આચાર હોય છે.

(૨) ઈશાનેન્દ્ર રત્નજડિત છડી લઈને ઊભો રહે છે અને યાચકના ભાગ્ય પ્રમાણે યાચક પાસે મંગાવે છે.

(૩) ચમરેન્દ્ર-બલીન્દ્ર પ્રભુની મુટ્ઠીમાં ઓછું કે વધારે ધન હોય તો યાચકના ભાગ્ય પ્રમાણે વધ-ઘટ કરે છે.

(૪) ભવનપતિદેવો અન્ય સ્થાનેથી મનુષ્યોને ભગવાન જ્યાં વર્ષીદાન આપતાં હોય ત્યાં લઈ આવે છે.

(૫) વ્યંતરદેવો તે મનુષ્યોને પોતપોતાના સ્થાને પાછા મૂકી આવે છે.

(૬) જ્યોતિષદેવો પ્રભુના વાર્ષિકદાન વખતે વિદ્યાધરો અને મનુષ્યોને ખબર આપે છે.

* * * * *

**હે દેવાધિદેવ !** સ્વર્ગની સમૃદ્ધિથી પણ મને સંતોષ નથી. તેથી આપની પાસે યાચના કરું છું કે આપના પ્રત્યે મારી ભક્તિ ઘણી અને અક્ષય થાઓ.

**હે દીનબંધુ !** જેમ મંદબુદ્ધિવાળાઓને ગ્રન્થોનો અભ્યાસ માત્ર ક્લેશ માટે થાય છે તેમ આપના પ્રત્યે ભક્તિ વિનાના જીવોના અતિ મોટા તપો પણ માત્ર ક્લેશ માટે થાય છે.

**હે પરમાત્મા !** આપના દર્શન માત્રથી પણ જીવ અન્ય કાર્યો ભૂલીને આત્મામાં રમતો થઈ જાય છે તો આપની દેશના સાંભળવાથી તો શું કહેવું !

## પરિશિષ્ટ - ૨

# તીર્થંકરપ્રભુની વાણીના ૩૫ ગુણો

(૧) પ્રભુની વાણી સંસ્કારિત હોય છે.

(૨) તે ઉદાત્ત સૂરવાળી હોય છે.

(૩) તેમાં ગામડિયાપણું નથી હોતું.

(૪) તે મેઘનાદ જેવી ગંભીર હોય છે.

(૫) તેના પડઘા પડવાથી તે કર્ણપ્રિય લાગે છે.

(૬) તેમાં પંડિત્યની કઠિનતા નથી હોતી. તે લોકભોગ્ય સરળશૈલીમાં બોલાય છે.

(૭) તે માલકૌંશ વગેરે શ્રુતિપ્રિય રાગ-રાગિણીથી યુક્ત હોય છે.

(૮) તે પરિમિત શબ્દોવાળી અને મહાન અર્થવાળી હોય છે.

(૯) તે પરસ્પર અવિરોધી વાક્યોવાળી હોય છે.

(૧૦) તે શિષ્ટતા અને સભ્યતાથી યુક્ત હોય છે.

(૧૧) તે સંદેહ વિનાની હોય છે.

(૧૨) તે દૂષણોનો નાશ કરે છે.

(૧૩) તે મનોહર અને મનોરમ હોવાથી હૃદયંગમ અને ચિત્તને હરનારી હોય છે.

(૧૪) તેના શબ્દો-પદો-વાક્યો પરસ્પર સાપેક્ષ હોય છે.

(૧૫) તે દેશ-કાળને અનુરૂપ હોય છે.

(૧૬) તે વિષયાંતર વિનાની અને મૂળવિષયને અનુસરનારી હોય છે.

(૧૭) તે ક્રમબદ્ધ સંબંધવાળી અને અપ્રસ્તુત વિસ્તાર વિનાની હોય છે.

(૧૮) તેમાં સ્વપ્રશંસા અને પરનિંદા હોતી નથી.

(૧૯) તે વક્તાને ઉચિત હોય છે અને પ્રતિપાદ્ય વિષયને સારી રીતે અનુસરે છે.

(૨૦) તે શેરડી, દ્રાક્ષ અને અમૃત કરતા પણ વધુ સ્નિગ્ધ અને મધુર હોય છે.

(૨૧) તે વિશ્વમાં અદ્વિતીય હોવાથી પ્રશંસનીય હોય છે.

(૨૨) તે માર્મિક હોય છે, પણ મર્મવેધક હોતી નથી.

(૨૩) તે ક્ષુદ્ર અને તુચ્છ નથી હોતી, ઉદાર અને વિશાળ હોય છે.

(૨૪) તે ધર્મની ઉપદેશક અને સમ્યગ્ અર્થ સાથે સંબંધવાળી હોય છે.

(૨૫) તેમાં કારક, કાળ, વચન, લિંગ વગેરેની સ્ખલના હોતી નથી.

(૨૬) તે ભ્રમ, વિપર્યાસ વગેરે દોષોથી રહિત હોય છે.

(૨૭) તે સાંભળનારને આશ્ચર્ય પમાડનારી હોય છે.

(૨૮) તેમાં કહેવાતી વાતો અપૂર્વ (પૂર્વે નહીં સાંભળેલી) હોવાથી તે અદ્ભુત હોય છે.

(૨૯) તે અતિ મંદગતિથી બોલાતી નથી.

(૩૦) તે વર્ણવવા યોગ્ય વસ્તુને વિવિધ રીતે વર્ણવતી હોય છે.

(૩૧) તે બીજા વક્તાઓની વાણી કરતા વિશિષ્ટ હોય છે.

(૩૨) તે સાત્ત્વિક હોય છે.

(૩૩) તેમાં અક્ષર, પદ, વાક્ય છૂટાં છૂટાં અને સ્પષ્ટ હોય છે.

(૩૪) તેનો પ્રવાહ અસ્ખલિત રીતે ચાલ્યા કરે છે. તે વિષયને સારી રીતે સિદ્ધ કરે છે. તેથી તેની પ્રામાણિકતા સદા માટે હોય છે.

(૩૫) તે શ્રોતાને ખેદ ઉપજાવનારી હોતી નથી. પ્રભુને પણ તે વાણી પ્રકાશવામાં જરાય ખેદ, થાક કે પરિશ્રમ લાગતો નથી.

* * * * *

**હે જિનેશ્વર !** આપના ચરણકમળમાં ભમરો બનીને મને એટલો બધો આનંદ થયો છે કે મને ભોગોની કે મોક્ષની સ્પૃહા રહી નથી.

# પરિશિષ્ટ – ૩

## તીર્થંકરપ્રભુના ૩૪ અતિશયો

**• જન્મથી પ્રાપ્ત થતાં ચાર અતિશયો –**

(૧) પ્રભુનું શરીર અદ્‌ભુત રૂપવાળું, મનોહર સુગંધવાળું, રોગરહિત અને મેલ-પરસેવા રહિત હોય છે.

(૨) પ્રભુના શ્વાસોચ્છ્‌વાસ કમળની સુગંધ જેવા સુગંધી હોય છે.

(૩) પ્રભુના શરીરના લોહી અને માંસ કામધેનુ ગાયના દૂધ કરતાં વધુ સફેદ હોય છે.

(૪) પ્રભુની આહાર-નિહારની ક્રિયા ચર્મચક્ષુથી અદૃશ્ય હોય છે.

**• દેવકૃત ઓગણીસ અતિશયો –**

(૫) પ્રભુની આગળ આકાશમાં ધર્મચક્ર ચાલે છે.

(૬) પ્રભુની બન્ને બાજું દેવતાઓ ચામર વીંઝે છે.

(૭) દેવો પાદપીઠ સહિત સુવર્ણનું સિંહાસન બનાવે છે.

(૮) પ્રભુના મસ્તકની ઉપર ક્રમશઃ વધતાં ત્રણ છત્રો હોય છે.

(૯) પ્રભુની સૌથી આગળ હજાર યોજન ઊંચો, રત્નનો ધ્વજ ચાલે છે.

(૧૦) પ્રભુનો પગ પડે ત્યાં નવ સુવર્ણકમળોની રચના થાય છે.

(૧૧) ચાંદી, સોના અને રત્નના ત્રણ ગઢવાળું સમવસરણ રચાય છે. તે ત્રણ ગઢ પર ક્રમશઃ સોના, રત્ન અને મણિના કાંગરા હોય છે.

(૧૨) પ્રભુ ચાર મુખે દેશના આપે છે.

(૧૩) સમવસરણની મધ્યમાં ચૈત્યવૃક્ષ હોય છે.

(૧૪) પ્રભુ ચાલે ત્યારે કાંટા ઊંધા થઈ જાય છે.

(૧૫) પ્રભુ ચાલે ત્યારે વૃક્ષો નમન કરે છે.

(૧૬) દેવદુંદુભિ વાગે છે.

(૧૭) અનુકૂળ વાયુ વાય છે.

(૧૮) પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા આપે છે.

(૧૯) સુગંધીજલવૃષ્ટિ થાય છે.

(૨૦) જેમનું ડીંટિયું નીચે હોય તેવા ઘણા રંગના પુષ્પોની વૃષ્ટિ થાય છે.
(૨૧) પ્રભુના મસ્તક અને દાઢી-મૂછના વાળ, રોમ તથા નખ વધતાં નથી.
(૨૨) ઓછામાં ઓછા એક કરોડ દેવતા પ્રભુની ખડેપગે સેવા કરે છે.
(૨૩) છએ ઋતુઓ અને પાંચ ઈન્દ્રિયોના વિષયો પ્રભુને અનુકૂળ થઈને રહે છે.

**• ઘાતીકર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થતાં પ્રાપ્ત થતાં અગ્યાર અતિશયો -**

(૨૪) એક યોજનના સમવસરણમાં કરોડો કરોડો દેવો, મનુષ્યો અને તિર્યંચો નિરાબાધપણે બેસીને દેશના સાંભળે છે.
(૨૫) પ્રભુની યોજનગામિની વાણીને દેવો, મનુષ્યો અને તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજે છે.
(૨૬) પ્રભુના મસ્તકની પાછળ હજારો સૂર્યો કરતા વધુ તેજસ્વી ભામંડલ હોય છે.
(૨૭) પ્રભુ વિચરતાં હોય ત્યાં ચારે દિશામાં ૨૫-૨૫ યોજન અને ઉપર-નીચે ૧૨ ૧/૨ - ૧૨ ૧/૨ યોજન એમ ૧૨૫ યોજન સુધી નવા રોગો ઉત્પન્ન થતાં નથી અને જૂના રોગો નાશ પામે છે.
(૨૮) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજનમાં વૈર શાંત થઈ જાય છે.
(૨૯) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજનમાં ઉંદર, પતંગિયા, તીડ વગેરે જીવોનો ઉપદ્રવ થતો નથી.
(૩૦) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજન સુધી મારી (અકાળ-ઓચિંતા મૃત્યુ) થતી નથી.
(૩૧) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજન સુધી અતિવૃષ્ટિ થતી નથી.
(૩૨) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજન સુધી અનાવૃષ્ટિ♦ થતી નથી.
(૩૩) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજન સુધી દુકાળ❑ થતો નથી.
(૩૪) પ્રભુ વિચરતાં હોય ત્યાં ૧૨૫ યોજન સુધી સ્વચક્ર (બળવો) અને પરચક્ર (અન્યરાજા વગેરે) નો ભય રહેતો નથી.

---

♦ અનાવૃષ્ટિ - વરસાદ ન પડવો કે ઓછો પડવો તે. તેમાં લોકો પાણી વિના અને ગરમીથી પીડાય છે. ❑ દુકાળ - જેમાં ધાન્યની અછત થઈ જાય અને ભિક્ષા ન મળે તેવો કાળ.

## પરિશિષ્ટ - ૪

# તીર્થંકરપ્રભુનું અદ્વિતીય રૂપ

(૧) સામાન્ય મનુષ્ય કરતા સામાન્ય રાજાનું રૂપ અધિક હોય છે.

(૨) તેના કરતા માંડલિક રાજાનું રૂપ અધિક હોય છે.

(૩) તેના કરતા બળદેવનું રૂપ અધિક હોય છે.

(૪) તેના કરતા વાસુદેવનું રૂપ અધિક હોય છે.

(૫) તેના કરતા ચક્રવર્તીનું રૂપ અધિક હોય છે.

(૬) તેના કરતા વ્યંતરદેવનું રૂપ અધિક હોય છે.

(૭) તેના કરતા ભવનપતિદેવનું રૂપ અધિક હોય છે.

(૮) તેના કરતા જ્યોતિષદેવનું રૂપ અધિક હોય છે.

(૯) તેના કરતા પહેલા દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૦) તેના કરતા બીજા દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૧) તેના કરતા ત્રીજા દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૨) તેના કરતા ચોથા દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૩) તેના કરતા પાંચમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૪) તેના કરતા છટ્ઠા દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૫) તેના કરતા સાતમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૬) તેના કરતા આઠમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૭) તેના કરતા નવમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૮) તેના કરતા દસમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૧૯) તેના કરતા અગ્યારમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૨૦) તેના કરતા બારમાં દેવલોકના દેવનું રૂપ અધિક હોય છે.

(૨૧) તેના કરતા નવ ગ્રૈવેયકના દેવોનું રૂપ અધિક હોય છે.

(૨૨) તેના કરતા પાંચ અનુત્તરના દેવોનું રૂપ અધિક હોય છે.

(૨૩) તેના કરતા ચૌદપૂર્વધર મુનિભગવંતે બનાવેલ આહારકશરીરનું રૂપ અધિક હોય છે.

(૨૪) તેના કરતા ગણધરનું રૂપ અધિક હોય છે.

(૨૫) તેના કરતા તીર્થંકરપ્રભુનું રૂપ અનંતગુણ અધિક હોય છે.

કરોડો દેવો ભેગા મળીને પ્રભુના અંગૂઠા જેવો એક અંગૂઠો બનાવે અને તેને પ્રભુના અંગૂઠાની બાજુમાં રાખે તો તે બનાવેલો અંગૂઠો પ્રભુના અંગૂઠાની સામે બળેલા કોલસા જેવો લાગે. એટલે કે કરોડો દેવો ભેગા મળીને પ્રભુના શરીરના એક અંગૂઠા જેવું રૂપ પણ બનાવી શકતા નથી, પ્રભુ જેવું સંપૂર્ણ રૂપ બનાવવાની વાત તો દૂર રહી.

આમ પ્રભુનું રૂપ અદ્વિતીય હોય છે, સર્વશ્રેષ્ઠ હોય છે, દુનિયામાં બીજે ક્યાંય ન હોય એવું હોય છે.

* * * * *

**હે પરમેશ્વર !** મોહરૂપી દુર્દિન ફેલાયો છે. ક્ષણે ક્ષણે નવી નવી આશાઓરૂપી ભરતીઓ પેદા થાય છે. કામરૂપી જળચરપ્રાણી હેરાન કરે છે. પાપી વિષયો રૂપી ખરાબ પવનો વાય છે. ક્રોધ વગેરે કષાયો રૂપી ભયંકર મોટા આવર્તો થાય છે. રાગ-દ્વેષ વગેરે રૂપી કાંટાળી વનસ્પતિઓ પીડે છે. વિવિધ દુઃખોની પરંપરાઓ રૂપી મોટા મોજાઓ ઊછળે છે. આર્તધ્યાન-રોદ્રધ્યાનરૂપી વડવાનલ દઝાડે છે. મમતા રૂપી નેતરની વેલ સ્ખલિત કરે છે. અનેક રોગો રૂપી મગરોના સમૂહો પીછો પકડે છે. આવા અપાર અને ભયંકર સંસારસમુદ્રમાં પડેલા જીવોને પ્રભુ આપ શીઘ્ર તારો.

**હે અંતરંગારિભંજક !** આપના ચરણના સ્પર્શથી પવિત્ર થયેલી ભૂમિ પણ પાપોનો નાશ કરે છે, તો આપના દર્શનની તો શું વાત કરવી !

## પરિશિષ્ટ – ૫
# તીર્થંકરપ્રભુનું અતુલ બળ

(૧) ૧૨ યોદ્ધાનું બળ ૧ બળદમાં હોય છે.

(૨) ૧૦ બળદોનું બળ ૧ ઘોડામાં હોય છે.

(૩) ૧૨ ઘોડાનું બળ એક પાડામાં હોય છે.

(૪) ૫૦૦ પાડાનું બળ ૧ હાથીમાં હોય છે.

(૫) ૫૦૦ હાથીનું બળ ૧ સિંહમાં હોય છે.

(૬) ૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદમાં હોય છે.

(૭) ૧૦ લાખ અષ્ટાપદનું બળ ૧ બળદેવમાં હોય છે.

(૮) ૨ બળદેવનું બળ ૧ વાસુદેવમાં હોય છે.

(૯) ૨ વાસુદેવનું બળ ૧ ચક્રવર્તીમાં હોય છે.

(૧૦) ૧ કરોડ ચક્રવર્તીનું બળ ૧ દેવમાં હોય છે.

(૧૧) ૧ કરોડ દેવોનું બળ ૧ ઈન્દ્રમાં હોય છે.

(૧૨) અનંત ઈન્દ્રોના બળ કરતા વધુ બળ તીર્થંકરપ્રભુની ટચલી આંગળીના અગ્રભાગમાં હોય છે. અનંત ઈન્દ્રો પ્રભુની ટચલી આંગળીના અગ્રભાગ પર ચડી જાય તો ય તેને નમાવી ન શકે. પ્રભુનું બળ આવું અતુલ હોય છે.

* * * * *

**હે ભક્તવત્સલ !** જેમ પાણીથી મરુભૂમિના મનુષ્યો સ્વસ્થ થાય છે તેમ આપની દેશનાના વચનોરૂપી અમૃતના ઘૂંટડાથી સંસારરૂપી મરુભૂમિમાં ભટકતાં જીવો સ્વસ્થ થાય છે.

**હે અંતરજામી !** જ્યાં સુધી આપ જીવોના માલિક છો ત્યાં સુધી વિષયોરૂપી ચોરો જીવોના મનરૂપી ધનને હરી શકતાં નથી.

## પરિશિષ્ટ – ૬

# તીર્થંકરપ્રભુ જે અઢાર દોષોથી રહિત છે તેમના નામો

| | | |
|---|---|---|
| (૧) દાનાન્તરાય | (૨) લાભાન્તરાય | (૩) ભોગાન્તરાય |
| (૪) ઉપભોગાન્તરાય | (૫) વીર્યાન્તરાય | (૬) હાસ્ય |
| (૭) રતિ | (૮) અરતિ | (૯) ભય |
| (૧૦) શોક | (૧૧) જુગુપ્સા | (૧૨) કામ |
| (૧૩) મિથ્યાત્વ | (૧૪) અજ્ઞાન | (૧૫) નિદ્રા |
| (૧૬) અવિરતિ | (૧૭) રાગ | (૧૮) દ્વેષ |

* * * * *

**હે ભવભયભંજન !** આપના દર્શનરૂપી અમૃતના અંજનથી જીવોની આંખોને અંધ કરનાર ક્રોધરૂપી મોતિયો દૂર થાય છે.


**હે સાગરવરગંભીર !** જીવોએ જ્યાં સુધી આપના વચનરૂપી મંત્ર સાંભળ્યો નથી ત્યાંસુધી જ માનરૂપી ભૂત તેમને વળગે છે.

**હે વીતરાગ !** આપની કૃપાથી જીવોની માયારૂપી બેડી તૂટી જાય છે અને તેઓ સરળતાના યાન વડે જલ્દીથી મોક્ષે પહોંચી જાય છે.

**હે સ્વયંસંબુદ્ધ !** જેમ જેમ જીવો નિઃસ્પૃહ થઈને આપની ઉપાસના કરે છે તેમ તેમ આપ તેમને ઉત્કૃષ્ટ ફળ આપો છો.

**હે અરિહંત !** આપ મુક્તિપુરીમાં જવા ઉત્સુક જીવો માટે મોહરૂપી અંધકારને દૂર કરનારા દીવા છો.

**હે તીર્થંકર !** આપના ચરણમાં જે રીતે સંતાપ શમે છે તે રીતે વાદળના કે વૃક્ષના છાંયડામાં નહીં.



• સુકૃતની કમાણી કરનાર પુણ્યશાળી •

મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ.સા.ની ગણિ-પંન્યાસ પદવી અને
વર્ધમાન તપની ૧૦૦ ઓળીની અનુમોદનાર્થે
મુનિરાજશ્રી રત્નબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી

**માતુશ્રી મણીબેન કાનજીભાઈ સાવલા પરિવાર**

**હ. મનસુખલાલ, રમણિકલાલ, અનિત**

**અ. સૌ. શ્રીમતી ભાવનાબેન રમણિકલાલ શાહ પરિવાર**

**વિઠ્ઠલાપુર, હાલ : મુલુંડ, મુંબઈ.**

**માતુશ્રી કસ્તુરબેન ઝવેરચંદ તેજસી ઝાખરિયા પરિવાર**

**હ. અ. સૌ. શ્રીમતી હંસાબેન જયેન્દ્રભાઈ**

**અ. સૌ. શ્રીમતી મીતાબેન અશોકભાઈ**

**રાસંગપુર, હાલ : દહીંસર, વાપી.**

**અ. સૌ. મીનાબેન પ્રવીણભાઈ રવાસા પરિવાર**

**ભાવનગર, હાલ : મુંબઈ.**

MULTY GRAPHICS
(022) 23873222 • 23884222